Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# મધુર કથા

## ભાગ ૧

લેખક:
પંન્યાસ શ્રી અભયચંદ્રવિજયજી મ.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પૂ. આચાર્યશ્રી રામસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા ક્રમાંક-૧૮

પૂ. આ. ભં. શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી ગુરુભ્યો નમઃ

# મધુર કથા માળા

[ રોચક અને બોધક કથાઓનો સંગ્રહ ]

: લેખક :

પરમ પૂજ્ય શાસન પ્રભાવક આચાર્ય ભગવંત
શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ
શિષ્યરત્ન પ. પૂ. પન્યાસ પ્રવરશ્રી
અભયચંદ્ર વિજયજી મહારાજ

: પ્રકાશક :

આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વ જ્ઞાનશાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી,
અમદાવાદ-૩૮૦૦૦૧
www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

: પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :

**આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈનતત્વજ્ઞાનશાળા**

ઝવેરીવાડ, પટણીની ખડકી,

**અમદાવાદ-૩૮૦૦૦૧.**

| | | |
|---|---|---|
| વીર સં. ૨૫૦૧ | માગશર સુદ ૫ | પુનઃ આવૃત્તિ |
| વિ. સં. ૨૦૪૧ | નકલ : ૧૦૦૦ | ૧૯૮૫ |

કિં. રૂા. ૧૨-૦૦

**છપાવી આપનાર :**

**શાહ બાબુલાલ હાલચંદ**

C/o પાર્શ્વપ્રકાશન

નીશાપોળના નાકા, ઝવેરીવાડ,

રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

**મુદ્રક :**

નરેન્દ્ર પ્રિન્ટર્સ

રાયપુર દરવાજા બહાર,

આર્યસમાજ મન્દિર પાસે,

કાંકરીયા રોડ, અમદાવાદ-૨૨

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



પ. પૂ. આ. દેવશ્રી વિજયરામસૂરીશ્વરજી મ. સાહેબ
( ડહેલાના ઉપાશ્રયવાળા )

www.jaintatvagyanshala.org

# પ્રારંભ કરતાં પહેલાં

આ જગતમાં જૈન દર્શને ચાર અનુયોગ માન્યા છે. તેમાં છેલ્લા ધર્મકથાનુયોગ તરફ બાળકથી માંડીને વૃદ્ધ સુધીના સૌ કોઈનું અનેરું આકર્ષણ હોય છે. કેમકે કથાનુયોગ વિવિધ પ્રકારના રસોથી ભરપૂર હોય છે. છતાંય એનો ઉદ્દેશ તો એકજ હોય છે કે ભિન્ન ભિન્ન રૂચિવાળા પ્રાણીઓને ભિન્ન ભિન્ન રસો દ્વારા આકર્ષી છેવટે શાન્ત રસ તરફ લઈ જવા.

કથાનુંયોગનું વાંચન અને મનન કરવાથી જીવનમાં એક જ્ઞાનની સર્ચ લાઈટ પ્રકાશી ઉઠે છે, જેના દ્વારા ત્યાગની ચીનગારીઓ જ્વલિત બને છે.

આ કથાયોગનું વાંચન બાળકોમાં વિનય વિવેકને સદાચારના સન્માર્ગને પોષે છે. યુવાનીમાં દિવાના બનતા યુવાનોના દિલમાં સંયમ પ્રેમ પ્રગટાવે છે. ત્યારે વૃદ્ધાના જીવનમાંથી આશા તૃષ્ણાની હકાલ પટ્ટી કરાવે છે.

'મધુર કથા માળા' નામની આ કથામાળાનો ઉદ્દેશ પણ એ જ છે કે વાચકમાં બહારનો અંધવિશ્વાસ ઘટે અને આત્મવિશ્વાસ પ્રગટે. કેમકે શ્રદ્ધા એ જ જીવનનો પાયો છે. શ્રદ્ધા વગરનું જીવન એ મીઠા વગરના ભોજન જેવું છે. આવી અપ્રતિમ સુંદરી સમી શ્રદ્ધારૂપી વીણાનું ગીત હર એકના હૃદય મંદિરમાં ગૂંજતું થઈ જાય.

માટે જ અનેક કથાના પુસ્તકો વચ્ચે પણ આ કથામાળા સૌના દિલ દિમાગને તાજગી અર્પતી. શીલ સદાચારની સુવાસને ફેલાવતી શ્રદ્ધાના પ્રકાશને પાથરતી આત્મકલ્યાણના પુનિત પંથે લઈ જાય એજ અભિલાષા.

**પન્યાસ અભયચંદ્ર વિજયજી**
શાન્તિનાથજી જૈન દેરાસર
દાદર ( કબુતરખાના )
મુંબઈ–૪૦૦૦૨૮

કાતક સુદ ૧૫–ગુરૂવાર
સં. ૨૦૪૧.

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. મફતના લાડવા | ૧ | ૨૪. પાયાનું જ્ઞાન | ૫૧ |
| ૨. લંગોટી લમણે લાગી | ૬ | ૨૫. નિડરતા | ૫૩ |
| ૩. પાંચ વર્ષની મુદત | ૯ | ૨૬. મહાન સંત | ૫૪ |
| ૪. મૂલ્યવાન વસ્તુ | ૧૨ | ૨૭. મનની નબળાઈ | ૫૬ |
| ૫. વાણીનો જાદુ | ૧૪ | ૨૮. જીવન અને ધર્મ | ૫૭ |
| ૬. જ્ઞાન દીપક | ૧૬ | ૨૯. ધર્મ અને ધર્મજ્ઞાન | ૬૦ |
| ૭. અનંત શક્તિ | ૧૮ | ૩૦. ચતુરાઈના ભોગે | ૬૩ |
| ૮. પોતાને જ તપાસો | ૧૯ | ૩૧. વાણી અને વર્તન | ૬૫ |
| ૯. છતી આંખે આંધળા | ૨૧ | ૩૨. લોભ | ૬૭ |
| ૧૦. હતા ત્યાં ના ત્યાં | ૨૨ | ૩૩. પુરુષાર્થ | ૭૦ |
| ૧૧. સત્ય સ્વરૂપ | ૨૪ | ૩૪. જીવન અને મરણ | ૭૧ |
| ૧૨. દેખ્યાનું દુઃખ | ૨૮ | ૩૫. ખુદાની આજ્ઞાનતા | ૭૬ |
| ૧૩. રાગી અને ત્યાગી | ૩૨ | ૩૬. સોબતની અસર | ૭૮ |
| ૧૪. દાન | ૩૩ | ૩૭. કરવું હોય તો કરી લે | ૭૯ |
| ૧૫. વાણીનો પ્રભાવ | ૩૫ | ૩૮. ગધેડો અને બળદ | ૮૦ |
| ૧૬. ઉ...દા...ર...તા... | ૩૭ | ૩૯. અદેખાઈ | ૮૧ |
| ૧૭. વૈરાગ્ય | ૩૯ | ૪૦. સલાહ | ૮૩ |
| ૧૮. ગર્વ | ૪૧ | ૪૧. પ્રાકૃતિક સૌંદર્ય અને પ્રકૃતિનું (માનસિક સ્ફુરણા) | ૮૪ |
| ૧૯. નિયમ | ૪૩ | ૪૨. ઈર્ષ્યા | ૮૬ |
| ૨૦. વેદનાનું વિસર્જન | ૪૫ | ૪૩. નસીબની બલીહારી | ૮૭ |
| ૨૧. ઉદાર ભક્તિ | ૪૭ | ૪૪. રાગ | ૮૯ |
| ૨૨. ક્રો...ધ... | ૪૮ | ૪૫. સુગંધ–દુર્ગંધ | ૯૨ |
| ૨૩. સત્તા અને ધન | ૪૯ | | |

૪૬. હીરો અને ધુળ ૯૩
૪૭. પરિશ્રમ ૯૪
૪૮. નિઃસ્પૃહતા ૯૫
૪૯. મિથ્યાભિમાન ૯૭
૫૦. શિખામણ ૯૮
૫૧. એક દિવસનું સ્મિત ૧૦૦
૫૨. અભિમાન ૧૦૧
૫૩. વફાદારી ૧૦૩
૫૪. સાર—અસાર ૧૦૫
૫૫. તૃષ્ણા ૧૦૬
૫૬. ભ...મ...ણા... ૧૦૮
૫૭. સાચુ ધન ૧૦૯
૫૮. ઉપકારનો બદલો ૧૧૧
૫૯. ત...ક... ૧૧૨
૬૦. બો...જ... ૧૧૩
૬૧. નો...ક...ર ૧૧૫
૬૨. શેરના માથે સવાશેર ૧૧૬
૬૩. કુસંગનું ફળ ૧૧૮
૬૪. દર્દની દવા ૧૨૦
૬૫. ભાગ્ય ૧૨૨
૬૬. કરે તેવું પામે ૧૨૪
૬૭. ઉંદર અને કોઠા ૧૨૫
૬૮. દિવાળી અને હોળી ૧૨૬
૬૯. હલકી વૃત્તિ ત્યાગો ૧૨૮
૭૦. અર્પણ ૧૨૯
૭૧. સંગ ૧૩૧
૭૨. લોભ ૧૩૩
૭૩. મિત્રતા ૧૩૫
૭૪. સ્વભાવ ૧૩૬
૭૫. સમજણ ૧૩૭
૭૬. અંતરનો પ્રેમ ૧૩૯
૭૭. દંભ ૧૪૧
૭૮. અજ્ઞાનતા ૧૪૨
૭૯. હૃદય અને જીભ ૧૪૪
૮૦. ખારૂં—મીઠું ૧૪૬
૮૧. મનનો મેલ ૧૪૮
૮૨. આહંતાનું મૃત્યુ ૧૫૦
૮૩. અપ્રમાણિકતા ૧૫૨
૮૪. નફામાં મળ્યો હોકો ૧૫૪
૮૫. સજ્જન—દુર્જન ૧૫૬
૮૬. ધનની કિંમત ૧૫૭
૮૭. ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જવાનું છે. ૧૫૮
૮૮. માલ—મલીદાની મઝા ૧૫૯
૮૯. પુણ્યની પ્રબલતા ૧૬૧
૯૦. સોબતનું પરિણામ ૧૬૫
૯૧. વિદાય થતાં પહેલા ૧૬૯
૯૨. વિદાય ૧૭૦


*

# મફતના લાડવા

ગામ બહાર એ બાવાની પર્ણકુટિર આવેલી હતી. તેણે કુટિરની ચારે તરફ ઘણા પરિશ્રમે સુંદર બાગ બનાવ્યો હતો. બાગને સાચવવા તે રાત-દિવસ ચોકી કરતો હતો. મહાલોભી બાવો વિનામૂલ્યે બાગમાં ઉગેલા ફળ-ફુલ કોઇનેય આપતો ન હતો.

એક દિવસની વાત છે રાતના બાગની ચોકી કરતાં કરતાં આંખોમાં ઉંઘ ભરાઈ અને તે થોડીવાર માટે લાંબો થઇને સુઈ ગયો. ઉંઘમાં કેટલો સમય વિતિ ગયો તેનો તેને ખ્યાલ ન રહ્યો જાગ્યો ત્યારે સવાર પડી ગયું હતું. આંખો ચોળતાં ચોળતાં તે ઉભો થયો. બાગ તરફ નજર નાખતાં જ વેરાન-છેરાન થઇ ગયેલો જોયો ને દિલમાં ફાળ પડી.

અરે....થોડીવાર ઉંઘ આવી ગઇ તેમાં મારી ઉંઘનો લાભ લઇ બાગનો નાશ કરી કોણે મરવા ધાર્યું છે!

બાગનો નાશ કરનાર ચોરને પકડવા બાવો બીજા દિવસની રાત્રે છુપાઇને ઉભો રહ્યો ચોરને પકડી મેથિપાક ચખાડવા ઉંચોનીચો થવા લાગ્યો.

મધ્યરાત્રિ થતાં આકાશમાં તેજપુંજ પથરાયો થોડી-વારમાં એક ગાય નીચે ઉતરી. નીચે અવનીપર ઉતરી આવેલા

ગાય સામાન્ય ન હતી. તે હતી કામધેનુ ગાય.

ગાય ચારો ચરીને જ્યાં પાછી ઉડવા જાય છે ત્યાંજ સંતાયેલો બાવો ઝડપથી બહાર નીકળી આવ્યો અને ગાય સામે આવી નમસ્કાર કરી પુછવા લાગ્યો, 'તમે કોણ છો ?' ગાયે જવાબ આપ્યો, હું દેવોની ગાય છું. મારે ત્યાં ખાવા પીવાની કોઇ કમીના નથી છતાં પશુસ્વભાવથી અહિં ચારો ચરવા આવી છું.'

બાવો ચોરને શિક્ષા આપવાનું ભુલી ગયો એને સ્વર્ગના સુખનો લોભ જાગ્યો તે ગાયને કહેવા લાગ્યો 'મા ! મને સ્વર્ગના સુખ નહિ બતાવો ?'

'જરૂર બતાવીશ ચાલ ! તૈયાર થઇ જા ! મારૂં પુછડું પકડી લે.'

બાવાએ બન્ને હાથેથી મજબુત રીતે ગાયનું પુછડું પકડયું. ગાય ઉડી આકાશમાં. થોડી જ વારમાં ગાય સ્વર્ગમાં આવી ગઈ. સુંદર મહેલો ખુશનુમા વાતાવરણ જોઇ બાવો ઘડીભર એકીટસે જોતો જ રહ્યો.

કામધેનુ ગાયના સેવકો ગાયની સેવામાં દોડી આવ્યા. ગાયે આજ્ઞા કરી, જાવ....! આ બાવાજીને લઇ જાવ. તેમને સુગંધિદ્રવ્ય મિશ્રિત પાણીથી સ્નાન કરાવો અને પછી સુંદર સ્વાદિષ્ટ ભોજન કરાવો. અને.... ધ્યાન રાખજો તેમની સેવામાં કાંઇ ઓછાસ ન આવે.

ગાયના સેવકો બાવાજીને લઇ ગયા. નવડાવ્યા ધોવડાવ્યા. તેમની જટાને સુગંધિ ફુલો અને અત્તરથી શણગારી

સુંદર મઝાના રેશમી વસ્ત્રો પહેરવા આપ્યા. ભોજનનો સમય થતાં સોનાના થાળી-વાટકામાં સુગંધિ સોડમથી ભરપુર રસમધુર ભોજન પિરસવામાં આવ્યું. જીંદગીમાં ક્યારેય નહિ જોયેલું ને નહિ ખાધેલુ ભોજન જોઈ બાવાજી રાજીના રેડ થઇ ગયા.

જમવા માટે જ્યાં તૈયારી કરે છે ત્યાં મોટા બોલ જેવડા લાડવા થાળ ભરીને આવ્યા. લાડવા જોતાની સાથે જ બાવાજીને ગદગદીયાં થવા લાગ્યા બધુ એક બાજુ મુકીને એક પછી એક લાડવા પેટમાં પધરાવવા લાગ્યા. અને પેટ ઉપર હાથ ફેરવતા તૃપ્તિના ઓડકાર ખાવા લાગ્યા.

જમીને ઉભા થતાં મુખશુદ્ધિ માટે પાન બીડા ને મુખવાસ આપવામાં આવ્યો. બાવો આજે આનંદમાં પોતાની પર્ણકુટિરને, પ્યારા બાગને ભુલી ગયો હતો.

રાત પડતાં બાવાજી સાથે ગાય નીચે આવી. પૃથ્વીપર પગ મુકતાંજ જ પુંછડું છોડી ગાય સામે આવી લળી લળીને નમસ્કાર કર્યો પછી વિનંતી કરતાં બોલ્યાં, 'મા ! મારી એક અરજ સ્વીકારશો ?'

ગાય કહે 'એક નહિ ચાર. બોલને તારે જે કહેવું હોય તે.'

'મા ! મેં તો આપના સ્વર્ગના સુખ, સ્વાદિષ્ટ ભોજન ભરપેટ ખાધા. પરંતુ મારા પરિવારને પણ ત્યાંનો અનુભવ એકવાર કરાવશો ?'

ગાયે ઉદારતાપૂર્વક કહ્યું. 'તારા પરિવારને જ નહિ

આખા ગામને હું સ્વર્ગમાં લઈ જઈશ. કાલે રાત્રે તૈયાર રહેજો.'

અને.... ગાય સ્વર્ગ ભણી રવાના થઈ.

સ્વર્ગના સ્વપ્ના જોતો જોતો બાવો ઘસઘસાટ ઉંઘી ગયો.

સવારનો પ્હો ફાટતાં જ કુકડાના આવાજને સાંભળી બાવો ઉંઘમાંથી ઉભો થયો. પ્રાતઃકર્મ પતાવી ગામમાં ગયો અને જોરજોરથી બોલવા લાગ્યો—

'જેને સ્વર્ગના સ્વાદિષ્ટ ભોજન, સુંદર મજાના લાડવા ખાવા હોય અને સ્વર્ગના સુખનો આનંદ માણવો હોય તેમણે રાત્રે મારા બાગમાં આવી જવું.

મફતના લાડવા મળતા હોય અને સ્વર્ગમાં જવા મળતું હોય તો કોણ હા-ના કરે ? બાવાની વાત સાંભળી ગામના નાના-મોટા સૌ આનંદથી નાચવા લાગ્યા રાત પડતાં જ બાવાનો બાગ ગામ લોકોથી હકડેઠઠ ભરાઇ ગયો. બાવાજી તેમના પરિવાર સાથે તૈયાર થઈને ઉભા હતા.

મધ્ય રાત્રિ થતાં ચારે તરફ પ્રકાશ પાથરતી કામધેનુ બાગમાં ઉતરી. બધાએ નમસ્કાર કર્યા

પ્રથમથી કરેલી સુચના મુજબ બાવાએ ગાયનું પુંજડું પકડયું. બાવાના પગ તેના છોકરાએ પકડયા. આ રીતે એક બીજાના પગ પકડી બધા ગોઠવાઈ ગયા. અને ગાય ઉપડી આકાશમાં.

સૌથી આગળ ગાય અને પાછળ માણસોની મોટું લંગર, ચાલ્યું સ્વર્ગમાં.

થોડે દૂર પહોંચતા બાવાના પગે વળગેલા તેના પુત્રે પુછયું, 'પિતાજી ! સ્વર્ગમાં લાડવા કેટલા મોટા હોય ?

બાવો કહે, અલ્યા ગાંડા ! અહિં શું પુછે છે ? ત્યા ગયા પછી નહિ જોવાય ?'

'ના.... પિતાજી ! મને હમણાં જ કહો.' અને તેણે પિતાના પગને જોરથી દાબ્યો.

છોકરાની હઠથી બાવાને ગુસ્સો ચડયો અને બોલ્યો, 'નાદાન.... ખોટી હઠ પકડીને બેઠો છો ! લે.... જો સ્વર્ગમાં આટલા મોટા લાડવા હોય.' બાવાએ બે હાથ પહોળા કરી બતાવ્યું. હાથમાંથી ગાયનું પુંછડું છુટતા નીચે લટકેલું લંગર ધડાધડ જમીન ઉપર પડયું કોઈના હાથ ભાંગ્યા, કોઈના પગ ભાંગ્યા. બધાએ મફતના લાડવાનો સ્વાદ ચાખ્યો એ નફામાં.

માનવીની વૃત્તિ જ તેને સંકટમાં ધકેલવાવાળી બને છે.

❖

> જગતમાં બગાડનાર હોય તો જીભ છે અને તારનાર હોય તો પણ જીભ છે. પેટ્રોલથી ગાડી ચાલે છે, તેજ પેટ્રોલ ગાડીને બાળે છે. માટે ઉપયોગ ભુલશો નહિ.

# લંગોટી લમણે લાગી

ગીચ જંગલોથી ઘેરાયેલા એક પર્વતની ગુફામાં બાવાજી [મહાત્મા] રહેતા હતા. માળા જપે, ભજન ગાય અને આનંદપૂર્વક દિવસ પસાર કરે. આજુ–બાજુના ગામો-માંથી ગોવાળો ઢોર ચરાવવા આવે, કઠીયારા લાકડા કાપવા આવે અને ગુફામાં રહેતા મહાત્માજીના દર્શન પણ કરે.

એક દિવસ કઠીયારાઓએ વિચાર કરી, સેવાની બુદ્ધિથી નગ્ન મહાત્માજીને લંગોટી પહેરવા આપી. બાવાજીએ પણ લંગોટી સ્વિકાર કર્યો. ભાગ્ય યોગે બન્યું એવું કે. એજ દિવસે રાતના નિદ્રાદેવીના ખોળે પડેલા મહાત્માજીની લગોટી ઉંદરો કાપી ગયા. સવારે જાગ્યા ત્યારે જાણ્યું કે લંગોટીના ચીરા આમતેમ પડયા છે અને પોતે પ્રથમની જેમજ દિગંમ્બર થઇ ગયા છે.

બીજા દિવસે કઠીયારા દર્શન કરવા આવ્યા ત્યારે મહાત્માજીએ રાતનો બનાવ કહીને બીજી લંગોટી માંગી. આ પ્રમાણે બે–ચાર દિવસ તો ચાલ્યું. પણ, કઠીયારા રોજ લંગોટી કયાંથી લાવી આપે ? તેથી મહાત્માજીને કહ્યું 'મહાત્માજી ! આમ રોજ લંગોટી આપવી પાલવે નહિ, તેથી ઉંદરોનો ઉપદ્રવ દૂર કરવા બીલાડી રાખો. મહાત્માજીએ સમ્મતી આપી એટલે કઠીયારા બીજે દિવસે બીલાડીના બે બચ્ચા લઇ આવ્યા અને મહાત્માજીને આપ્યા.

બિલ્લિબાઈના આવવાથી બે–ચાર દિવસમાંજ ઉંદરો નો ત્રાસ દૂર થઈ ગયો. પણ....દુધના અભાવથી બન્ને બચ્ચા મરવા પડયા. વળી કોઇક દિવસ તો ઠીક છે. રોજ દુધ કોણ આપે ?

ત્યારે....કઠીયારાઓએ કહ્યું, 'મહાત્માજી ! આ રોજ દુધ લાવવાની પંચાત કરવી પડે એના કરતાં એક ગાય રાખો જેથી તમે પણ દુધ આરોગી શકો અને બન્ને બચ્ચાંને પણ દુધ પીવડાવી શકાય.' મહાત્માએ કહ્યું, 'સારૂં ત્યારે એમ કરીયે.'

અને....સવારે કોઈ ભક્ત પાસેથી ગાય લાવી મહાત્મા-જીને અર્પણ કરી. થોડા દિવસ તો બરાબર ચાલ્યું. પણ પછી ગાયનો ચારો ખુટી ગયો. એટલે ચારા માટે મહાત્માજી ગામમાં જઈ ઘરે ઘરે ફરવા લાગ્યા. બધો સમય ભીખ માંગવામાં જવાથી માળાને જાળા લાગ્યા, ભજન ભુલાઇ ગયા, ધ્યાનમાં ધકકો પહોંચ્યો.

રોજ ચારો આપવો કેમ પાલવે ? લોકોએ મહાત્માજીને કહ્યું, 'મહાત્માજી ! તમારી ગુફાથી થોડે દૂર પડતર જમીન પડી છે. તેમાં ખેતી કરો, એટલે ઘાસ તો ઘણું મળશે સાથે સાથે ધાન પણ મેળવાશે. વળી ચોમાસામાં કાદવ ખુંદી ગામમાં આવવાની પંચાત ટળશે.

મહાત્માજી ગુફામાં પાછા ફર્યા. બીજા જ દિવસથી પડતર જમીન બરાબર કરી વાવણી કરી. વાવણી સાચવવા કાંટાની વાડ કરી. પાછી રાત આખી ચોકી કરવા જાતે ઉભા રહેવું પડે એ જુદું. એવા તો ઉપાધિમાં ફસાઇ ગયા કે

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
બીજો રસ્તો જ ન સુઝે. ઉપાધિ ઓછી હોય તેમ વળી વરસ નબળું આવ્યું. વરસાદ વરસ્યો નહિ, ધાન્ય પાકયું નહિ, થોડું ઘણું ઘાસ ઉગ્યું પણ ક્યાં સુધી ચાલે ? એટલે ખોરાકના અભાવે ગાય ગાયબ થઈ ગઇ, બિલ્લિ રફુ ચક્કર થઇ ગઇ.

રે....! લંગોટી તો કેવી લમણે લાગી ? ખેતીનો કર નહિ ભરી શકવાથી અમલદારને મામલતદાર મહાત્માજીને પકડીને લઈ ગયા માલ ન આપવાથી માર ખાધો અને માર ખાતાં ખાતાં મહાત્માજી હસવા લાગ્યા.

રોવાનાં બદલે હસતાં જોઇને મામલતદારે મહાત્માજીને પુછ્યું. 'મહાત્માજી કેમ હસવું આવ્યું ?'

શું કહું ભાઇ ! લંગોટી રામાયણ....

લંગોટીની રામાયણ સાંભળી મામલતદારે મહાત્માજીને છોડી મુકયા.

મહાત્માજી પણ....ત્યાર પછી લંગોટીને ફગાવી ભજનમાં લીન બન્યા.

માનવીને એક વસ્તુની પ્રાપ્તિ પાછળ કેટલી બધી ઉપાધિના ઓળા ઉતરે છે ! છતાં તેને છોડવા તૈયાર નથી. પણ....એટલું નોંધી રાખવા જેવું જરૂર છે, કે....ત્યાગમાં સુખ છે....



www.jaintatvagyanshala.org

# પાંચ વર્ષની મુદત

ગાઢ જંગલોની મધ્યમાં ચારે તરફ મોટા મોટા પર્વતો ઘેરાયેલું એક નગર હતું. બીજા કોઈ રાજ્યો કે નગરો સાથે તેનો સંબંધ ન હતો.

શેષ નગરોના સંબંધોથી અલગા આ નગરમાં લોકો ખુબ જ સુખી અને સમૃદ્ધશાળી હતા. નગરની ચારે તરફ સુંદર સુસ્વાદુ ફળોથી વૃક્ષો ઝુમી રહ્યા હતા. કુદરતે અહિ અદભૂત સૌંદર્યનું સર્જન કર્યું હતુ. સુખની રેલમછેલમાં લોકો ગળાં ડુબ હતા.

આ નગરમાં લોકો પોતાનો રાજા ચુંટતા હતા અને તે પાંચ વર્ષની મુદત સુધી રાજા તરીકે રહેતો હતો.

ચુંટાયેલા રાજા માટે અકલ્પનીય ભોગસામગ્રી રહેતી હતી. રહેવા માટે સુંદર મહલ, સ્વરૂપવતી લલનાઓ, સેવામાં ખડે પગે હાજર રહેતો વિશાળ નોકર–ચાકર વર્ગ. આ વધી સુખસામગ્રીમાં પાંચ વર્ષ માટે ચુંટાયેલો રાજા મસ્ત બની ભાન ભૂલી જતો હતો. એના તરંગોમાં તણાઇ જતો અને બધી જ સુઝબુઝ ખોઇ નાખતો હતો.

રાજ્યને બીજા રાજ્યોના રાજાઓના આક્રમણનો કોઈ જાતનો ભય ન હતો. ચોરી, લુંટફાટ કે પ્રજામાં અશાન્તિ

ફેલાવવાનો પણ ભય ન હતો.

સમયને પસાર થતાં ક્યાં વાર લાગે છે ? ભોગ સુખને ભોગવતાં ચપટી વગાડતાં પાંચ વર્ષની મુદત પુરી થતાં જ રાજ્યમાં સૈનિકો તે રાજાને કેદ કરી દૂર દૂર ગાઢ જંગલોમાં છોડી મૂકતા, જેથી ફરીવાર એ રાજ્યમાં દાખલ ન થાય.

નિર્જન જંગલમાં છોડી મૂકાયેલો એ રાજા વન્ય પશુની જેમ રખડી રખડીને જીવન પુરૂં કરે અથવા વન્ય પશુઓનો ભોગ બનતો. પાંચ વર્ષ ભોગવેલી સુખ સહાબીના ચિત્રો આંખ સામે તરવરતા અને શુષ્કનિસ્તેજ જીવનવાળો રાજા ઉંડા નિશાસા નાખતો.

એક સમયે એક યુવકને નગરના રાજા તરીકે નીમણુંક થઇ. પોતે રાજા બનતાં દિવ્ય રાજમહેલમાં રહેવા આવ્યો. પણ ચતુર-બુદ્ધિશાળી યુવક રાજમહેલના રંગરાગમાં ન લપેટાયો. રૂપસુંદરીઓના કામણગારા નેત્રબાણોથી ન ઘવાયો. પૂર્વ રાજાઓની થયેલી કરૂણ હાલત ધ્યાનમાં રાખી બધાજ ભોગ વિલાષોથી દૂર રહેતો હતો અને પૂર્વ રાજાઓની જેમ પોતાની પરિસ્થિતિ ન સર્જાય એ વાત લક્ષ્યમાં રાખી પાંચ વર્ષની રાજ્યસત્તા પછી પણ જીવન સુખ-શાંતિમય પસાર થાય તેની પૂર્વયોજના વિચારવા લાગ્યો.

તે રાજાએ જે ગાઢ જંગલોમાં રાજાઓને છોડી મૂકવામાં આવતા હતા તે જગ્યાએ કે જ્યાં પાંચ વર્ષની અવધિ પુરી થતાં પોતાને જવાનું હતું ત્યાં સુંદર મહેલ બનાવડાવ્યો. બાગ બગીચાઓ બનાવડાવ્યા. નોકર-ચાકરો નક્કિ કરી તેના રહેઠાણો, ખેતરો વિગેરેથી એક સુંદર મજાનું



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ગામ બનાવી દીધું.

પાંચ વર્ષની અવધિ પુરી થતાં તે યુવાન રાજા હસતો હસતો જંગલમાં લઇ જવા તૈયાર રખાયેલી મેનામાં બેસી ગયો અને પાંચ વર્ષ દરમ્યાન પોતે નવનિર્માણ કરેલા નાનકડા ગામ તરફ રવાના થયો. ત્યા જઇ બાકીનું જીવન સુખ અને આનંદમય વિતાવવા લાગ્યો.

પાંચ વર્ષ માટે મળેલા અપાર ભોગસુખ-રંગરાગનો ત્યાગ કરી પાંચ વર્ષ પછીની જીંદગી સુખમય વિતાવવાની એના પ્રયત્નો-પુરૂષાર્થો વિજયી બની શકયો.

માનવ જીંદગીની પણ આજ પરિસ્થિતિ છે. માનવ જીવન દ્વારા પોતાનામાં રહેલી અનંતશકિતને પ્રગટ કરવાનો જ પુરૂષાર્થ કરવાનો છે. એ ખ્યાલને ભૂલી જઇને સંસારની વિષય-વાસનામાં જો ફસાયો તો તે ભયંકર દુઃખમાં ફેંકાઈ જાય છે.

માનવ જીવનની સાધનાને લક્ષ્યમાં રાખીને ચાલનાર માનવીજ સુખમય ભાવિનું નિર્માણ કરી શકે છે અને માર્ગથી ભ્રષ્ટ બનતો નથી.

નિરાશા ખતરનાક છે એ વાત ખરી પરંતુ ખોટી આશા તો એથીયે વધુ ખતરનાક છે એ હકીકત ન ભૂલશો.



www.jaintatvagyanshala.org

# મૂલ્યવાન વસ્તુ

શસ્ત્રસજ્જ સેના વડે રાજાએ એક નગર ઉપર ચઢાઈ કરી. નગરનો રાજા પણ યુદ્ધની સંપૂર્ણ તૈયારી સાથે સામે આવી ગયો.

બન્ને લશ્કરે વચ્ચે ભયંકર રણસંગ્રામ ખેલાવા લાગ્યો. ઘણા દિવસના યુદ્ધ પછી ચઢી આવનાર રાજાએ નગરનો કબ્જો લઈ ત્યાંના રાજાને હરાવ્યો.

વિજયના ઉલ્લાસમાં નગર પ્રવેશ કરતાં રાજાએ કહ્યું કે નગરમાં રહેતી સર્વ સ્ત્રીઓને હું અભયદાન આપું છું માટે મારૂ લશ્કર નગરમાં પ્રવેશ કરે તે પહેલાં જ પોતાની મૂલ્યવાન વસ્તુ સાથે લઈને નગર બહાર નીકળી જાય.

નવા રાજાનો આદેશ સાંભળતાંની સાથે જ નગરની સ્ત્રીઓ પોતાના પતિદેવોને ખભા ઉપર બેસાડી નગરમાંથી નીકળવા લાગી.

આ જોઈ રાજા તો વિચારમાં જ પડી ગયો અને બબડયો, 'અરે.... આ.... શું ?'

જતી સ્ત્રીઓને તેણે કહ્યું, 'મેં તમને અભયદાન આપ્યું છે, પુરૂષોને નહિ.'

સ્ત્રીઓએ નમ્રતાથી જવાબ આપ્યો, 'રાજન્ ! આપે અમને મૂલ્યવાન વસ્તુ પણ સાથે લઇ જવાની છુટ આપી છે ને ? અમારા માટે પતિ સિવાય અન્ય કંઇ મૂલ્યવાન વસ્તુ ગણી શકાય ? અમે આપના હુકમનું જ પાલન કર્યું છે.'

રાજા આગળ કાંઇ જ બોલી શકયો નહિ. અને....નગરની સ્ત્રીઓ પોતાના પતિ સાથે રવાના થઇ ગઇ.

જીવન ઉત્થાન માટે નિતિ—ન્યાય, સદાચાર, રૂપ, મૂલ્યવાન વસ્તુ સાથે લઇને રહેલો માનવી પણ કયારેય દુઃખી થતો નથી અને જીવનને આત્મસાધના તરફ વાળી શકે છે.



વિત્ત અને વિદ્યાનો સંચય કરો એનો વાંધો નથી પરંતુ સાથે સાથે વિવેકવડે વિતરણ અને સમર્પણ પણ કરતા રહો.

# વાણીનો જાદુ

ગાઢ નિંદ્રામાં પોઢેલા એ નગરશેઠને સ્વપ્ન આવ્યું પોતાના બત્રિશે દાંત પડી જવાના સ્વપ્નથી શેઠ ઝબકીને જાગી ગયા.

ભરયુવાનીમાં જો બત્રીશી પડી જાય તો મુખની બધી શોભા નષ્ટ થઈ જાય ને ? અને બહાર લોકમાં મુખ બતાવવું પણ શી રીતે ?

પ્રભાતમાં જ નગરશેઠે જ્યોતિષિઓને તેડા મોકલ્યા અને જ્યોતિષિઓ હાજર થઇ ગયા.

શેઠે પુછ્યું, 'મને રાત્રે બધા જ દાંતો પડી જવાનું સ્વપ્ન આવ્યું હતું. તો તેનું શું ફલ આવશે ?'

પ્રખર ભવિષ્યવેત્તા સમર્થ બે જ્યોતિષિમાંથી એકે ફલાદેશ આપતાં કહ્યું :

'શેઠ ! આપનું સ્વપ્ન ઘણું જ ભયંકર છે. અને.... આ સાંભળતાં જ શેઠના નિવાસ સ્થાને જમા થયેલી મેદનીમાં સન્નાટો વ્યાપિ ગયો.

સ્વપ્ન ફળને આગળ ચલાવતા કહેવા લાગ્યો, 'શેઠ ! આપની બત્રીશી પડી ગઈ તેનો એ અર્થ થાય છે કે આપનો



www.jaintatvagyanshala.org

સર્વ પરિવાર મરણને શરણ થશે. આપના નજર સામે પરિવારના એક એક સભ્ય મૃત્યુના મુખમાં હોમાવા માંડશે.'

જ્યોતિષિના સ્પષ્ટ કથનથી સર્વના મનમાં શોક છવાઇ ગયો.

તેવામાં સ્વપ્નવેત્તા, વાણી-વિવેકવાળા બીજા જ્યોતિષિએ કહ્યું, 'શેઠ ! હું આનો ફલાદેશ વિચાર કરીને આવતી કાલે આવીશ.'

ચિન્તા, શોક અને દર્દભર્યા દિવસને પસાર કરી બીજા દિવસે જ્યોતિષિની પ્રતિક્ષા કરી રહેલા શેઠ જ્યોતિષિને જોતાં જ ભવિષ્ય જાણવા અધિરા બન્યા.

બીજા જ્યોતિષિએ વિવેકથી ગંભીરતાપૂર્વક કહ્યું, 'આપ ધારો છો એટલું આ સ્વપ્ન ભયંકર નથી. આ સ્વપ્ન તો આપનું દીર્ઘાયુષ્ય બતાવે છે. આપનું આયુષ્ય એટલું તો લાંબુ છે કે આપના પરિવારના એક સભ્ય આપનું મૃત્યુ નહિ જોઈ શકે.'

આજ આપના સ્વપ્નનો ફલાદેશ છે.

ફલાદેશ સાંભળી પ્રસન્ન થયેલા નગરશેઠ બન્ને જ્યોતિષિના ફલાદેશનું મન્થન કરી રહ્યા હતા કે ફલાદેશ એક જ છે પણ વાત રજુ કરવાનું કેટલું અંતર છે !

માનવીની વાણીમાં ખરેખર જાદુ ભરેલો છે. એ અમૃતને ઝેર અને ઝેરને અમૃત બનાવી શકે છે. કડવાશમય બની ગયેલા જીવનને મીઠું મધુર બનાવી શકે છે.

ચાલો શીખીયે વાણીનો વિવેક.



www.jaintatvagyanshala.org

# જ્ઞાન દીપક

રંગબેરંગી રંગોથી ખીલેલી સંધ્યા નમી ગઇ હતી. અંધકારની સત્તા ફેલાવા લાગી હતી. દિવસભર રખડીને આવેલા પશુ-પંખીઓ પોતપોતાના સ્થાનમાં ગોઠવાઇ ગયા હતા.

આશ્રમની પરસાળમાં બેઠેલા ગુરૂજીથી હવે વાંચી શકાય તેમ ન હતું એટલે પુસ્તક-પોથી સમેટી લઈ શિષ્યને હાથમાં આપતાં કહ્યું, 'લે....આ પોથી અંદર કુટીરમાં મુકી આવ' શિષ્ય પોથી લઇ અંદર ગયો પણ ડરનો માર્યો તરત બહાર ભાગી આવ્યો અને ગુરૂજીને કહેવા લાગ્યો.

'ગુરૂદેવ ! અંદર સાપ બેઠેલો છે.'

ગુરૂજીએ જાંગુલી મંત્ર આપતા કહ્યું, 'જા ! હવે આ મંત્ર પ્રભાવથી સાપ ચાલ્યો જશે.'

જાંગુલીમંત્ર લઇને ગયેલો શિષ્ય વળી પાછો આવ્યો. 'ગુરૂદેવ ! મંત્ર ગણવા છતાં સાપ ગયો નહિ, ત્યાંને ત્યાંજ છે.'

'બેટા ! તેં શ્રદ્ધાપૂર્વક નહિ ગણ્યો હોય. જા ફરીથી મંત્રને શ્રદ્ધાપૂર્વક ગણજે સાપ જરૂર ભાગી જશે.'

શિષ્ય ફરીથી ગયો. અને જાંગુલી મંત્ર શ્રદ્ધાપૂર્વક ગણવા લાગ્યો.

છતાં જ્યારે સાપ ગયો નહિ ત્યારે પાછો ગુરૂજી પાસે આવ્યો.

'ગુરૂદેવ ! શ્રદ્ધા-વિશ્વાસ પૂર્વક મંત્ર ગણવા છતાં સાપ જતો જ નથી.'

અને....ગુરૂજીએ વિચાર કરીને કહ્યું, 'વત્સ ! મંત્ર ગણવા રહેવા દે હવે દીપક લઈને જા.'

શિષ્ય નાનો સરખો દીપક લઈને ઓરડીમાં ગયો. દીપકના પ્રકાશમાં જોયું તો સાપ નહિ પણ દોરડું પડયું હતું.

સાપના બદલે દોરડાની વાત જાણતાં જ ખડખડ સ્મિત કરતાં ગુરૂજી બોલ્યા, 'જ્યાં જે નથી ત્યાં તેની ભ્રમણા દૂર કરવા અને યથાર્થ વસ્તુને પ્રત્યક્ષ કરવા જ્ઞાન દીપકનો પ્રકાશ જ જોઇશે, ત્યાં મંત્ર-તંત્ર કામ લાગતા નથી.'

ઇન્દ્રિઓને વિષયમાંથી હટાવી લ્યો અને મનને તથા ઇન્દ્રિઓને એકાગ્ર કરી મનને આત્મામાં સ્થિર કરી નિર્ભય અને દિવ્ય જીવનને પ્રાપ્ત કરો.

# અનંત શક્તિ

અતિ વૃદ્ધાવસ્થાને કારણે દાદાની બધી શક્તિ ક્ષિણ થઈ ગઈ હતી. ઇન્દ્રિયો નિષ્ક્રિય બની ગઈ હતી. નોકર ચાકરની મદદ સિવાય કોઈ પ્રવૃત્તિ બની શકે તેવું ન હતું. એક સમયના સ્વતંત્ર દાદા આજે પરતંત્ર બની ચુકયા હતા.

એક દિવસ અચાનક આ બિલ્ડીંગમાં આગ લાગી. ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા. ભુખમરામાંથી આવેલી આગની જ્વાલાઓ જે આવે તેને ભરખવા લાગી. ચારે તરફ હાહાકાર મચી ગયો.

બિલ્ડીંગ નીચે કોલાહલ સાંભળી પાંચમે માળે રહેલા અશક્ત દાદાએ બહાર ડોકીયું કર્યું તો બિલ્ડીંગમાં આગ લાગેલી જણાઈ અને કાંઇપણ આગળ-પાછળનો વિચાર કર્યા વગર કે નોકર-ચાકરની પરવા કર્યા વગર દાદા સડસડાટ પાંચમાળ ઉતરીને નીચે આવી ગયા.

જે દાદા નોકર વગર ઉભા પણ થઇ શકતા ન હતા તે દાદામાં પોતાની મેળે જ પાંચમાળ ઉતરવાની શક્તિ કયાંથી આવી ?

ખરેખર આત્મામાં અનંતશક્તિ ભરેલી પડી છે. પણ માનવી મનથી સાવ અશક્ત બની ગયો છે. શક્તિ વિકસાવવાનો પ્રયત્નમાત્ર ભૂલી ગયો છે. અને માયકાંગલાની જેમ જીવન વિતાવી દે છે. જીવનમાં કોઇ જ પ્રગતિ કરી શકતો નથી.

માનવ જીવનની પ્રાપ્તિ પછી આત્મામાં દબાયેલી અનંતશકિત પ્રગટ કરવાની જ પ્રક્રિયા કરવાની છે.

❖

# પોતાને જ તપાસો

ઘરાકો પાસેથી ઉઘરાણીનું કામકાજ પતાવી એક વેપારી પોતાના ગામભણી જઈ રહ્યો હતો. માર્ગમાં કોઈક ઠગનો ભેટો થઈ ગયો. બન્ને જણા વાતો કરતાં કરતાં ચાલ્યાં જાય છે.

સૂર્ય આથમવાની તૈયારી હતી ત્યાં તે બન્ને એક ગામના પાદરે આવી પહોંચ્યા અને ગામની નાની ધર્મ-શાળામાં રાત્રિવાસ માટે રહ્યા.

ઠગને વેપારીની ઉઘરાણી મારી ખાવાની દાનત હતી. ત્યારે વેપારી પણ એટલો જ હોંશીયાર હતો. ઠગના હાવ-ભાવને બરાબર લક્ષમાં રાખ્યા હતા.

રાત્રે સુતી વખતે વેપારીએ પોતાની ઉઘરાણી એવી રીતે સંતાડી કે ઠગનો યે ઠગ આવે તો પણ ન શોધી શકે.

અડધી રાત્રે આસ્તેથી ઉભા થઈ ભરનિંદ્રામા પોઢેલા વેપારીના બીસ્તરા-પોટલા તપાસી જોયા પણ કયાંયથી લાલ દમડી હાથ ન લાગી. છેવટે થાકીને સુઈ ગયો.

સવાર થતાં બન્ને ઉઠ્યા. પ્રાતઃકાર્યથી નિવૃત થયા પછી ઠગે વેપારીને પુછયું, 'શેઠ ! તમેય મારા કરતાં ઉસ્તાદ નિકળ્યા !'

વેપારી—'કેમ ! મેં શું એવું ઉસ્તાદીનું કામ કર્યું છે કે તું આમ બોલે છે ?'

ઠગ—'મેં અડધી રાત્રે તમારી બધી વસ્તુ તપાસી પણ

મને તમારી ઉઘરાણીની રાતીપાઈ પણ હાથ ન લાગી. તમે એ બધુ કયાં મૂકયું હતું ?'

વેપારી બોલ્યો, 'ભાઈ! મારી બધી ઉઘરાણી તારી પથારીનીચેજ મૂકી હતી. મને ખબર હતી કે તું મારૂં બધુ તપાસવા આવીશ પણ તારૂં કાંઈ નહિ તપાસે. તેં તારા બિસ્તરને જ તપાસ્યો હોત તો તારી મહેનત સફળ થાત.'

માનવી આજે બીજાના દુર્ગુણ-નિંદા-કુથલી કરવામાં પોતાના આત્મામાં છુપાયેલો અખુટ ખજાનો મેળવવાનું ભૂલી જાય છે. અને જીવન પર્યંત કાંઈ મેળવી શકતો નથી માટે જ પોતાને તપાસો-પરને નહિ....

દર્પણને જોવાનું નથી પણ દર્પણમાં પોતાને જોવાનો છે, તેમ ભગવાન સામે ગયા પછી તેમને જોઇ પોતાના સ્વરૂપનું ભાન કરવાનું છે.

# છતી આંખે આંધળા

એક વૃદ્ધભાઇ દિ'આથમે મંદિર તરફ જઈ રહ્યા હતા. આંખે આંધળા હોવા છતાં હાથમાં ફાનસ રાખ્યું હતું. બીજા હાથમાં લાકડી હતી.

સામેથી એક યુવાન ચાલ્યો આવતો હતો. તે અંધ વૃદ્ધના હાથમાં ફાનસ જોઇ ચકિત થઇ ગયો. આથી તેણે વૃદ્ધને પુછ્યું—

'કાં અદા ? આંખે દેખાતું નહિ હોવા છતાં હાથમાં ફાનસ લઇને કેમ ફરો છો ? જ્યાં આંખ જ નથી ત્યાં ફાનસના અજવાળે શું દેખાવાનું છે ? તમારે તો અંધારૂં કે અજવાળું સમાન જ છે.'

યુવાનની વાત સાંભળી વૃદ્ધે હસીને જવાબ આપ્યો, 'ભાઇ ! તારી વાત તદ્દન સાચી છે. અંધ એવા મારા માટે ફાનસ સાવ નક્કામું છે. પરંતુ ભાઇ ! તમારા જેવા દેખતા મારી સાથે અથડાઇ ન પડે એ કારણથી ફાનસ રાખ્યું છે.'

'હું તો આંધળો હોવાથી સાવચેતીપૂર્વક ચાલીશ. પણ છતી આંખે આંધળીયા દોટ મુકનારા તમારા જેવા સાથે ભટકાઈ મારે મરવાનું ન બને એટલે જ મારે આ રીતે રહેવું પડે છે.'

દૃષ્ટિ મળવા છતાં પતનમાંથી ન બચાવે, વાસનામાંથી ન છોડાવે તો એ દૃષ્ટિ નથી, પણ છતી આંખે અંધાપો છે.

છતી આંખે ધોળે દિવસે હાથમાં દેવો લઈને કુવામાં પડવા જેવી દશામાં આજનો માનવી પસાર થઇ રહ્યો છે.

❖



www.jaintatvagyanshala.org

# હતા ત્યાં ના ત્યાં

મથુરામાં રહેતાં ચારે મિત્રો એક દિવસ સાંજે યમુના નદીના કિનારે ફરવા ગયા. કિનારા ઉપર આંટા મારતાં મારતાં એક મિત્રને પ્રયાગ તીર્થે જવાનું મન થયું. પ્રયાગ જવાની ભાવના બીજા ત્રણે મિત્રોએ વધાવી લીધી અને જવાનું નક્કિ કર્યું.

ચારે જણાએ ભરપૂર ભાંગ પીને કિનારે બંધાયેલા નાવડામાં જઈને બેઠા. ચારે તરફ અંધારૂ થઇ ગયું હતું. ચારેને ભાંગનો નસો બરાબર ચડી ગયો હતો.

નાવમાં બેઠાં પછી પ્રયાગ જવા ચારેય જણા વારાફરતી હલેસા મારવા લાગ્યાં. આખી રાત હલેસા મર્યાં પછી સવારના આછા અંધારામાં કિનારાના મકાનો-દુકાનો દેખાવા લાગી. પ્રયાગ આવી જવાના ધ્યાનથી બધા ખુશ ખુશ થઇ ગયા.

ચારેય કિનારા ઉપર ઉતરવાની તૈયારી કરે છે. ત્યાંજ એક સ્ત્રી પાણી ભરવા આવી એક મિત્ર તેને ધારીને જોતાં પોતાની સ્ત્રી દેખાઈ. અને બબડવા લાગ્યો.

અરે....મારી પત્નિ અહિં ક્યાંથી ? તે પત્નિ પાસે જઇ ત્રાડુકીને બોલવા લાગ્યો તુ અહિં ક્યાંથી આવી ? કોની સાથે આવી ? કોની રજાથી આવી ? એકી સામટા પ્રશ્નો પુછી તેને મારવા લાગ્યો.

પેલી સ્ત્રી પતિને સમજાવવા લાગી પણ બધા નશામાં હતા એટલે કશુંજ સાંભળતા ન હતા.

આ ઝગડો ચાલતો હતો ત્યાંજ પાસેથી એક સજ્જન

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

નિકળ્યા. તેને જોઈ બધા શાન્ત થઈ ગયા.

પેલી સ્રીનો પતિ સજ્જનને વાત કહેતાં બોલવા લાગ્યો.

અમે મથુરાથી નાવમાં બેસી આખી રાત હલેસા મારી અત્યારે પ્રયાગ આવ્યા. કિનારે આવતાં જ મેં મારી પત્નિને જોઇ.

તે મથુરાથી કઇ રીતે આવી? કોને પુછીને આવી? મારી રજા લીધા સિવાય રાત્રે એકલી શા માટે નીકળી? તેના ઉપર હું ગુસ્સે ન થાઉં તો શું કરૂં?

આની વાત સાંભળી સજ્જન બધો તાગ પામી ગયા અને હસીને તેમને સમજાવવા લાગ્યા.

ભાઈ! આતો મથુરાની યમુનાનો જ કિનારો છે. પ્રયાગ નથી. તમે નશામાં આખી રાત હલેસા માર્યા એ વાત સાચી પણ આ નાવનું બંધન [લંગર] તો છોડયું જ નથી પછી નાવ આગળ કયાંથી ચાલે?

સવારે પાણી ભરવા આવેલી આ સ્રીને તમે મથુરામાં યમુનાને કિનારે જ જોઇ છે પ્રયાગ બ્રયાગની વાત ખોટી છે માટે શાન્તિથી ઘેર ચાલ્યા જાવ.

ભાંગનો નશો ઉતરી જતાં ચારેયને સજ્જન પુરૂષની વાત સાચી જણાઈ અને તેઓ શરમિંદા બની ગયા.

મોહ માયાના નશામાં ચકચુર બનેલો માનવી ઇન્દ્રિયો-રૂપ બંધન છોડયા વગર સંસાર સાગર તરી શકતો જ નથી. કઠોર પરિશ્રમને અંતે પણ તેઓ હતા ત્યાંને ત્યાંજ રહે છે.

બંધન છોડો એટલે જીવન નૈયા સડેડાટ ચાલવા લાગશે.



www.jaintatvagyanshala.org

# સત્ય સ્વરૂપ

ચોરપલ્લીનો નાયક પોતાના સાથીઓ સાથે જઈ વૈશાલી નગરીમાં લુંટફાટ ચલાવી. મધ્યરાત્રિની લુંટફાટમાં રાજ-મહેલમાંથી પાંચ વર્ષના રાજકુમારને પણ સાથે ઉઠાવી ગયા.

પલ્લીપતિએ રાજકુમારને પોતાને ત્યાં રાખી ચોર કલામાં હોંશિયાર કરવા લાગ્યો. પંદર વર્ષ વિતી ગયા. ૨૦ વર્ષનો થયેલો રાજકુમાર ચોરવિદ્યામાં નિપુણ બની ગયો. પલ્લીપતિ વૃદ્ધ અને અને બિમાર થતાં તે પલ્લીનો સરદાર બન્યો.

એક દિવસે વૈશાલીનો મહારાજા શિકાર કરવા નીકળ્યો. વનમાં ફરતાં ફરતાં ભુલો પડેલા મહારાજા ચોરપલ્લીના પ્રદેશમાં આવી ચઢયો. નવો બનેલો પલ્લીનો સરદાર પણ પોતાના સાથીઓ સાથે વનમાં નીકળ્યો હતો. વનમાં બન્ને જણા ભેગા થયા.

રાજાએ ચોર સરદારની સામે જોયું અને હ્રુદયમાં સ્નેહ ઉભરાવવા લાગ્યો. વહાલ વરસવા લાગ્યું.

રાજા વિચારમાં પડ્યો કે આના તરફ મને આકર્ષણ કેમ થાય છે? આની સાથે શું મારો કોઈ સંબંધ હશે? રાજા ચોર સરદારને ધારીધારીને જોવા લાગ્યો. એના કપાલમાં લાખુ જોતાં જ તે ચમકી ગયો. ૧૫ વર્ષ પહેલાં ગુમ થયેલો પોતાનો પ્રિય રાજકુંવર યાદ આવ્યો.

રાજા ચોર સરદાર પાસે જઈ તેને પુછવા લાગ્યો, 'તું કોણ છે?'

ચોરે જવાબ આપ્યો. 'જી....! હું આહની ચોરપલ્લીનો સરદાર છું.'

'તારા પિતાજી અહિં જ રહે છે?'

'હા.... તેઓ વૃદ્ધ અને બીમાર હોવાથી પલ્લીમાં જ રહે છે.'

'તો....! મને પલ્લીમાં લઈ જઈશ ?'

'જરૂર.... જરૂર. પધારો મારી પલ્લીમાં !' અને.... ચોર સરદાર રાજાને પલ્લીમાં પોતાના ઘેર લઈ ગયો.

ઢાલીયામાં સુતેલા પલ્લીપતિ પાસે જઈ રાજાએ પુછયું, 'આ પુત્ર તમારો છે ?'

'હા....એ.... મારો પુત્ર છે અને અત્યારે તે પલ્લીનો નાયક બન્યો છે.'

રાજાએ કહ્યું, તેને જોઈને મારા દીલમાં ઘણો સ્નેહ ઉભરાય છે, એથી મને લાગે છે કે આ મારો વ્હાલો પુત્ર ન હોય.

વૃદ્ધ પલ્લીપતિએ પુછયું, 'તમે કોણ છો ?'

'હું વૈશાલીનો રાજા છું. માર્ગમાં ભુલો પડવાથી અહિં આવી ચડ્યો છું.

વૈશાલીના રાજાને જોઈ પલ્લીપતિની આંખ આંસુથી ભીની બની ગઈ. એ ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો—

'એ.... તમારો જ પુત્ર છે રાજન્ ! તમારો જ વ્હાલો પુત્ર. પંદર વર્ષ પહેલા હું જ્યારે વૈશાલીમાં લુંટ કરવા આવ્યો ત્યારે તેને ઉપાડી લાવ્યો હતો. નિ:સંતાન એવા મેં તેને મારા પુત્રની જેમ જ કેળવ્યો છે. એને મન હું તેનો પિતા છું, મારે મન તે મારો પુત્ર છે છતાં સાચા પિતા તો તમે જ છો.'

બાજુમાં ઉભેલા ચોર સરદાર આ બન્નેની વાતો સાંભળી રહ્યો હતો અને એના ભાવોનું પરિવર્તન થઈ રહ્યું હતું.

રાજાએ વૃદ્ધ પલ્લીપતિને કહ્યું. 'મારે પણ આ એક નો એક પાટવી કુંવર છે. રાજગાદીનો વારસદાર છે. અત્યારે રાજગાદી ખાલી પડી છે. તેના ઉપર બેસાડવા તને હું લઈ જવા ઇચ્છું છે.'

'ભલે ભલે તમારો પુત્ર એ મારો પુત્ર છે. તે પલ્લીના સરદાર કરતાં વૈશાલીના સ્વામી બને તે વધુ શ્રેષ્ટ છે. તેને તમે લઈ જઈ શકો છો.' વૃદ્ધ પલ્લીપતિએ હર્ષથી સંમતિ આપી અને....

રાજા તેને સાથે લઈ જઈ ધામધુમથી નગર પ્રવેશ કરાવ્યો. ઘણા વર્ષે આવેલા કુંવરને જોઈ માતા હર્ષથી તેને ભેટી પડી. નગરમાં આનંદ આનંદ વ્યાપિ ગયો.

શુભ દિવશે તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. તે ચોર સરદાર મટી પ્રજાપાલક પિતા બન્યો.

આજ સુધી ચોરની ભ્રમણામાં રહેલા રાજકુંવરને જ્યારે પોતાના સત્ય સ્વરૂપનું ભાન થયું ત્યારે વિચારવા લાગ્યો,

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
હું મધરાતે કોઈના ઘરમાં ઘુસી જઈ મારફાડ કરવાવાળો લુંટારા નહિ પણ પ્રજાના જાન-માલની રક્ષા કરવાવાળો' ક્ષત્રિય છું. આજ સુધી ચોરની ભ્રમણામાં અટવાતો હું બહાર આવ્યો છું.

આપણે પણ ખોટી ભ્રમણામાંથી બહાર આવી વિચારવાનું છે કે હું અનંત સમૃદ્ધિનો સ્વામી છું. વાસનાનો ગુલામ નહિ. પોતાના સત્ય સ્વરૂપનું ભાન થતાં જ સત્ય માગ ખુલ્લો થશે.

સંસાર ભુલ્યા સિવાય ભગવાનને
સાચા દિલથી ભજી શકાતું નથી.



www.jaintatvagyanshala.org

# હૈયાનું દુઃખ

મહારાજાએ પાર્ટી ગોઠવી હતી. પાર્ટીમાં મંત્રીઓ, સામંતો, અમલદારો વિગેરે આમંત્રિતો આવીને ગોઠવાઈ ગયા હતા.

પીરસવામાં આવેલી સુંદર સ્વાદિષ્ટ મીઠાઈઓ અને રસભરપૂર ભોજન સૌ જમતા જાય છે ને વખાણ કરતા જાય છે. માત્ર સુબુદ્ધિ મંત્રીશ્વરજી મૌનપણે ભોજન કરી રહ્યા હતા.

ચુપચાપ ભોજન કરતા મંત્રીને જોઈ રાજાએ પુછ્યું, કેમ મંત્રીશ્વર મૌન છો? શું ભોજન નીરસ લાગે છે?'

મંત્રી મનમાં વિચારવા લાગ્યા, રાજા દ્રવ્યના મોહ-પાસમાં ઝકડાયેલા છે. તેમને આત્મભાન કરાવવું જોઈએ.

મંત્રીએ કહ્યું, 'મહારાજ! આ તો બધા પુદ્ગલના ખેલ છે! એમાં પ્રશંસા કરવાની વાત જ ક્યાં હોય?'

જેને આત્મા શું? દેહ શું? બંધન શું? મોક્ષ શું? એની સમજણ નથી, ત્યાં આત્મજ્ઞાનની વાતમાં રસ ક્યાંથી આવે?

રાજાએ પુછ્યું, 'આ પુદ્ગલના ખેલ વળી શું?'

રાજન! અવસરે બતાવીશ.'

એક દિવસ રાજા-મંત્રી થોડા સેવકો સાથે ફરવા નીકળ્યા. નગરના દરવાજા પાસે મોટી ગટર હતી. તેમાં ગામની ગંધકીથી ભરેલું દુર્ગંધ મારતું પાણી વહી રહ્યું

હતું. પાણીની દુર્ગંધથી રાજાએ અને સેવકોએ નાખે કપડાનો ડુચો માર્યો પણ મંત્રીએ ન તો મુખ બગાડયું કે ન નાક આડે કપડુ રાખ્યું.

ત્યાંથી આગળ વધ્યા પછી રાજાએ મંત્રીને પુછયું, 'મંત્રીશ્વર! તમને ગંદા પાણીની બદબો નથી આવતી ?'

મંત્રીએ એક જ જવાબ આપ્યો, મહારાજ! આ તો પુદ્ગલના ખેલ છે. એમાં શું મન બગાડવું.'

'મંત્રીશ્વર! આ તમારા પુદ્ગલના ખેલ મને સમજાતા નથી! આવી એક જ વાત શું પકડી બેઠા છો ?'

મંત્રીએ શાન્તિથી જવાબ આપ્યો, રાજન્! અવસરે સમજાવીશ.'

થોડો સમય પસાર થયા પછી મંત્રીએ રાજાને પોતાના ઘેર ભોજનનું આમંત્રણ આપ્યું. મહારાજા જમવા આવ્યા. ભોજન પીરસાયા. અડધુ ભોજન જમ્યા પછી ગ્લાસ ભરીને પાણી પીતા પીતા રાજા કહેવા લાગ્યા, 'વાહ....મંત્રીજી! ભોજનની જેમ પાણી પણ શું મધુર આપ્યું છે! આવું પાણી તો મેં કયારેય પીધું નથી.'

રાજાની વાત સાંભળી મંત્રી હસીને બોલ્યા, 'રાજન્! પાણીની વખાણ કરવાની કાંઈ જરૂર નથી. આ પુદ્ગલના ખેલ છે.'

ઘડી ઘડી એકજ વાત સાંભળી રાજા અકડાઈને બોલ્યો, 'મંત્રીજી! આ તમારૂ પુદ્ગલના ખેલનું નાટક સમજાવશો ? કે એમનેમ બોલે રાખશો ?'



www.jaintatvagyanshala.org

મંત્રી બોલ્યા, 'મહારાજ! અકડાવ નહિ. આ નાટકનો પડદો બંધ છે એમાંજ લાભ છે.'

રાજાએ આનો ભેદ સમજાવવા જ્યારે ઘણો આગ્રહ કર્યો ત્યારે મંત્રીએ કહ્યું, 'રાજન્! ભેદનો પડદો ખોલવા પહેલા મને અભય વચન આપો'.

રાજાએ અભય વચન લખી આપ્યું. પછી જ મંત્રીજી એનો ભેદ ખોલવા તૈયાર થયા.

રાજા ભોજન કરી રહ્યા પછી મંત્રી તેમને બાજુના રૂમમાં લઈ ગયા. ત્યાં એક વાસણમાં ભરી રાખેલું ગટરનું પાણી બતાવતાં કહ્યું, 'આપે ભોજન કરતાં જે મધુર પાણી પીધું તે આજ છે.'

અરે.... બને જ નહિ ક્યાં એ સુગંધી પાણી અને ક્યાં આ દુર્ગંધ મારતું ગંધુ પાણી. મંત્રીજી તમે ખોટું બોલો છો. આ વાત મારા માનવામાં આવતી નથી.

નહિ રાજન્! આમાં જુઠું બોલવાનો સવાલ જ નથી. પધારો આપ અંદરના બીજા રૂમમાં

રાજા અને મંત્રી બીજા ઓરડામાં ગયા. ત્યાં ગટરના પાણીને સ્વચ્છ સુગંધી બનાવીને રાખેલા પાણીને બતાવ્યું અને કહ્યું, 'આપે જે પાણી પીધું તે આ જ પાણી છે.'

રાજા ચોંકી ઉઠયા. ગટરના પાણીમાંથી પરિવર્તન કરાયેલું જ આ પાણી છે!

શું મેં ગટરનું પાણી પીધું? રાજાની વિસ્મયતાનો પાર ન રહ્યો.



www.jaintatvagyanshala.org

મંત્રી રાજાને સમજાવતા બોલ્યા, 'રાજન્ ! આ તો દેખ્યાનું દુઃખ છે. બાકી પાણીનો પેશાબ, પેશાબનું પાણી, સર્જનનું વિસર્જન વિસર્જનનું સર્જન એ પુદ્દગલ પરિવર્તન થયા જ કરે છે. માટે કહો મહારાજ ! આ બધા પુદ્દગલના ખેલ નહિ તો બીજું શું છે ?

મંત્રીની સુચક ટકોરથી રાજાના આંતરચક્ષુ ખુલી ગયા અને આત્મ સાધનાના પંથે વળ્યા.

કોણ ક્યાં ચાલે છે તેનું બખડજંતર મુકી દયો અને હું ક્યાં ચાલું છું તેનો ખ્યાલ કરો.

# રાગી અને ત્યાગી

આ સાંભળીને ઘણુંજ આશ્ચર્ય થયું કારણ કે રાગી મરીને સ્વર્ગે ગયો અને ત્યાગી મરીને નરકે ગયો.

આ વાતનું રહસ્ય પ્રગટ કરતાં એક જ્ઞાનીએ કહ્યું. સંસારમાં રહેતો રાગી ત્યાગીઓનો સત્સંગ કરતો હતો ત્યારે સંસારને છોડીને ત્યાગી બનેલો સાધુ રાગીઓના સંગમાં રખડતો હતો એટલે રાગીનું અંતર ત્યાગમાં અને ત્યાગીનું અંતર રાગમાં ડુબવાથી રાગી મરી સ્વર્ગે ગયો ત્યારે ત્યાગી મરી નરકે ગયો.

વીતરાગનો સાચો માર્ગ એજ રહેલો છે. રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ.

જેટલા પ્રમાણમાં જીવનની જરૂરીયાતમાં વધારો કરશો એટલા જ પ્રમાણમાં દુઃખને આગ્રહભર્યું આમંત્રણ આપ્યું ગણાશે.

# દા ન

સેનાપતિ તેજપાલના ધર્મપત્નિ અનુપમાદેવી છુટ્ટેહાથે દાન આપતા હતા. દાનધર્મ એમના જીવન સાથે વણાઈ ગયો હતો.

સાસરામાં તેમના કુંમકુંમવર્ણા પગલા પડતાં જ પુણ્ય-પ્રભાવે ધનના અખુટ ઢગલા ખડકાયા હતા. સહુને એમની તરફ માન હતું.

એક દિવસ કોઈ મુનિ તેમના ઘર આંગણે ભિક્ષાર્થે પધાર્યા ભાવનાના અતિવેગથી મુનિના પાત્રને ઘીથી છલોછલ ભરી દીધું. ઘી ભરેલા પાત્રને મુનિ ઝોળીમાં મુકવા જાય છે ત્યાંજ ચીકાશના કારણે પાત્ર હાથમાંથી છટકી ગયું. જમીન સાથે અથડાઈ તુટી ગયું પાત્રનું ઘી ચારે તરફ ઢોળાઈ ગયું. ઘીના છાંટાથી અનુપમા દેવીના કિંમતી વસ્ત્રો ખરડાયા.

ત્યાંજ ઉભેલા તેજપાલે અનુપમાદેવીની ઘેલછા ભરી દાન ભાવના જોઈ ક્રોધ ચડયો અને મુનિની આવી સ્થિતિ જોઈ તાડુકીને અનુપમાદેવીને બોલ્યા—

જરાય વિવેક નહિ રાખે! આમ ભાન વગર ભિક્ષા દેવામાં શું ફાયદો છે ?

ઉકળેલા તેજપાલને અનુપમાદેવીએ ઠંડા કલેજે જવાબ આપ્યો, 'કદાચ ઘાંચીના ઘેર મારો જન્મ થયો હોત તો હું કઈ દશામાં હોત એ તો વિચાર કરો. અહિંથી ગુરૂદેવના

પાત્રમાંથી ઘી જ ઢોળાઈ ગયું છે ને? આવી પુણ્ય ઘડી જીવનમાં ક્યારેક જ પ્રાપ્ત થાય છે.'

અનુપમાદેવીની વાત સાંભળી તેજપાલનો ગુસ્સો ઠરી ગયો.

ઉત્તમ દાન ધર્મ વડે માનવી પુણ્યાનુબંધીપુણ્ય બાંધી સુખ-સમૃદ્ધિને મેળવવાવાળો બને છે અને અનુક્રમે શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

આપણને માર ગમતો નથી તો બીજાને મારશો નહિ.

આપણને ગાળ ગમતી નથી તો બીજાને ગાળ દેશો નહિ.

# વાણીનો પ્રભાવ

ભયંકર લુટફાટ કરનાર રોહિણીયા ચોરને તેના બાપે મરતી વખતે પ્રતિજ્ઞા કરાવી હતી કે તારે ક્યારેય ભગવાન મહાવીરની વાણી ન સાંભળવી.

એક દિવસ રોહિણીયો ચોરી અર્થે જઈ રહ્યો હતો. ત્યારે રાજગૃહી નગરીની બહાર ભગવાન મહાવીર દેશના આવી રહ્યા હતા.

વાણી નહિ સાંભળવાની પ્રતિજ્ઞાના કારણે રોહિણીયાએ કાનમાં આંગળા નાખી દોડવા માંડયું, પણ ભાગ્યયોગે સમવસરણની નજીક આવતાં પગમાં કાંટો વાગ્યો, અને કાંટો કાઢતા ભગવાનના વાકયો સંભળાઈ ગયા. ફરી કાંટો કાઢી કાનમાં આંગળા નાખી ભાગવા લાગ્યો. ભગવાનની વાણી ભુલવા ઘણો પ્રયત્ન કરે છે પણ ભુલાતી નથી.


આ સમયે રાજગૃહીના શ્રેણિક રાજાના મંત્રી અભયકુમારે ચોરીના ત્રાસથી પ્રજાને શાન્તિ આપવા ચોરને પકડવાનો વ્યુહ ગોઠવ્યો હતો, અને એ વ્યુહમાં રોહિણીયો ઝડપાઈ ગયો.

દારૂ પાઈ તેને બેભાન બનાવી એક ભવ્ય શયનખંડમાં સુવડાવ્યો. ચારે તરફ દેવ જેવી સ્વરૂપવાન દાસીઓ ઉભી રાખી. થોડા સમય બાદ રોહિણીયાએ આંખ ઉઘાડી ત્યારે દાસીઓ પુછવા લાગી. કહો સ્વામિન્ ! તમે પૂર્વભવમાં કેવા પુણ્યકાર્યો કર્યા હતા કે જેથી અહિં દેવ બન્યા છો ?

રોહિણીયો તો વિચારમાં પડી ગયો કે હું દેવ છું ? મેં પુણ્યના કાર્યો તો કર્યા નથી. પછી દેવ ક્યાંથી બનું ? વળી ભગવાને ત્યારે કહ્યું હતું કે દેવો ચાર આંગળ જમીનથી અધ્ધર હોય, આંખો સ્થિર હોય. ફુલમાળા કરમાય નહિ, પણ આ બધામાં એવું કાંઈ દેખાતુ નથી. એટલે ખરેખર આ બધા દેવ નથી. બધુ બનાવટ છે, મને પકડવાનું કાવત્રુ છે.

અને તરત જુઠ–જુઠ કહી ચોરની શંકાથી દૂર થઈ ત્યાંથી છુટી સીધો ભગવાન પાસે આવ્યો અને ભગવાનના ચરણમાં જીવન સમર્પિત કર્યું.

ધર્મ શ્રાવણ ક્યારેયને ક્યારેય માનવીના જીવનમાં પલ્ટો લાવ્યા વગર રહેતો નથી.



# ઉ...દા...ર...તા...

વિક્રમની ચૌદમી સદીની આ વાત છે. ગુજરાતમાં આવેલા કચ્છ પ્રદેશમાં જગડુશા નામના પ્રસિદ્ધ નરરત્ન થઈ ગયા.

તેમના જીવનમાં ઉદારતાનો ગુણ રજેરજમાં ગુંથાઈ ગયો હતો.

એક જ્ઞાની મુનિએ ગુજરાત ઉપર ભવિષ્યમાં આવનારા દુષ્કાળનું સંપૂર્ણ ચિત્ર એ જગડુશા આગળ રજુ કર્યું અને....

એ ભીષણ દુષ્કાળના ભુખમરામાં ભોગ બનનારા હજારો માનવીઓની કલ્પનાએ તેમનું દિલ દ્રવી ઉઠયું.

મુનિવર્યના જ્ઞાન ઉપર અડગ શ્રદ્ધા ધરાવનારા જગડુશાએ ત્યારથી માંડીને સમગ્ર પ્રદેશોમાંથી ધાન્ય ભેગુ કરાવવાનો પ્રારંભ કર્યો.

ચારે તરફથી અઢળક સંપત્તિના વ્યયે ધાન્યના ઢગલાઓ થવા લાગ્યા. કોઠારો—ગોડાઉનો ભરચક ભરાઈ ગયા.

વખત જતાં કયાં વાર લાગે છે ? ભયંકર દુષ્કાળના પંજામાં સમગ્ર ગુજરાત સપડાઈ ગયું. ઘાસ ચારો અનાજ સુકાઈ ગયા. લીલા ઝાડો ઠુંઠાજેવા બની ગયા. આગઝરતા સૂર્યના તાપમાં ભુખે અને તરસે અબોલ પ્રાણીઓ ભૂશરણુ થવા લાગ્યા. એવા સમયે જીવીતદાન સરખા જગડુશાના ધાન્ય ભંડારો, પાણીની પરબો સૌ માટે ખુલ્લા મુકાઈ ગયા.

દુખીત લોકોના અતરના લાખલાખ આશીર્વાદો જગડુશા ઉપર વરસવા લાગ્યા.

આ સમયે ગુજરાતના રાજવી વીશળદેવ ધાન્યની માંગણી માટે જગડુશા પાસે આવ્યા, ધાન્યની માંગણી કરતાં વીશળદેવને જગડુશાએ કહ્યું, રાજન ! આ ભંડારો ગરીબો માટે છે, ભુખે મરતા સામાન્ય જન માટે છે.

જગડુશાની વાત સાંભળી રાજા શરમાઈ ગયો. પણ એની આવી અજોડ ઉદારતા, માનવપ્રેમ નિરભિમાન પર વારી ગયો.

માનવમાં દાનની સાથે સાથે જ્યારે નિરભિમાનતા કીર્તિની અનિચ્છા હોય છે ત્યારે તેનું જીવન નંદનવન બની જાય છે.



www.jaintatvagyanshala.org

# વૈરાગ્ય

શાલીભદ્રજીના પિતા મૃત્યુ પામીને દેવ બન્યા હતા. પુત્ર પરના ગાઢ પ્રેમને લઇને દેવલોકમાંથી હંમેશા શાલીભદ્ર અને તેમની ૩૨ પત્નિઓ માટે ભોજન વસ્ત્રો અને અલંકારોની ૯૯ પેટીઓ નિયમિત રીતે મોકલતા હતા.

આજે પહેરેલા વસ્ત્રો અને અલંકારો આવતી કાલે પહેરવાના નહિ. એવા પ્રકારની અપાર સમૃદ્ધિમાં જીવન પસાર કરી રહ્યાં હતા.

આવા પ્રકારના વૈભવને જોવા મહારાજ શ્રેણિક શાલીભદ્રના આવાસે આવ્યા. ત્યારે શાલીભદ્રના માતાજી–ભદ્રા શેઠાણીએ રાજાનું સ્વાગત કર્યું અને મહેલના પહેલા માળેજ બેસવા સિંહાસન આપ્યું.

પછી માતાજી શાલીભદ્રને બોલાવવા સાતમે માળે ગયા. પત્નિઓથી વિંટળાયેલા શાલીભદ્રને કહ્યું બેટા! ચાલ તો નીચે, નગરના મહારાજા આવ્યા છે. તે તને મળવા ઇચ્છે છે.

માતાજી! એમાં મારૂ શું કામ છે? જે કિંમત હોય તે કિંમત આપી કોઠારમાં નંખાવી દો. વ્યવહારથી અજ્ઞાત શાલીભદ્રે કરીયાણા સમજી જવાબ આપ્યો. અરે....? શું બોલે છે? હું કરીયાણુ નથી કહેતી! આપણે ત્યાં નગરના માલિક મહારાજા પધાર્યા છે. માતાએ કહ્યું.

મારા માથે પણ માલિક છે? શાલીભદ્રે પુછ્યું હા, કહી ભદ્રાશેઠાણી શાલીભદ્રને નીચે લઈ ગયા. પણ શાલીભદ્રના મનને ચેન નથી. એ વિચાર કરે છે, મારા માથે ભગવાન મહાવીર સિવાય કોઈ માલિક હોઈ ન શકે.

અને ધન-દોલત-સ્ત્રિઓ ઉપરથી વૈરાગ્ય પામી એક એક દિવસે ભગવાન મહાવીરના ચરણમાં મુનિ બની જીવનને ત્યાગ તરફ વાળ્યું.

માનવી ગમે ત્યાં ફરે. ધનવાન બને, રાજા બને, પણ છેવટે ત્યાગ વગર જીવનની સાધનાનું ધ્યેય પાર પડતું નથી.

પ્રભુ પ્રતિમા એક દર્પણ છે જેમાં પોતાના
સત્યસ્વરૂપનું પ્રતિબિંબ પડે છે.

સંતોષ અને તૃપ્તિ વગરની અઢળક સંપત્તિ
દુઃખમાંજ વધારો કરે છે.



www.jaintatvagyanshala.org

# ગર્વ

સનત્ કુમાર ચક્રવર્તિ અપાર રિદ્ધિ-સિદ્ધિની ઉછળતી છોળોમાં પોતાનો જીવન કાળ પસાર કરી રહ્યા હતા.

એક વખત દેવસભામાં ઈન્દ્ર સનત્ કુમારના અદ્‌ભૂત રૂપની પ્રશંસા કરી અને એ પ્રશંસા બધા દેવોને માન્ય કરી પણ બે દેવોએ એ વાતને પ્રત્યક્ષ જોવા દેવલોકમાંથી સનત્-કુમારના મહેલમાં આવ્યા. એ વખતે સનત્ કુમાર સ્નાન કરી રહ્યા હતા, પણ રૂપ ઢંકાયુ રહેતું ન હતું. અપૂર્વ અને અદ્‌ભૂત રૂપને જોઈ બન્ને દેવો આશ્ચર્ય મૂઢ થઈ ગયા. ત્યાંજ સ્નાન કરતાં સનત્ કુમારે દેવોને ઉદ્દેશીને કહ્યું.

રે....હમણાં તો હું સ્નાન કરી રહ્યા છું, મારૂં શરીર સાબુના ફીણોથી ઘેરાયેલુ છે. એટલે હાલમાં મારૂં રૂપ જોવા જેવું નથી, જ્યારે હું વસ્ત્રો-અલંકારો મુગુટ વિગેરેથી સજ્જ થઇને સિંહાસન ઉપર બેસુ ત્યારે મારા રૂપને જોજો. દેવો ચાલ્યા ગયા.

સનત્ કુમારે કરેલા રૂપના ગર્વને લઇને તરતજ તેમના શરીરમાં ભયંકર રોગો ઉત્પન્ન થયા.

બનીઠનીને જ્યારે સિંહાસન પર આરૂઢ થયા ત્યારે બ્રાહ્મણ રૂપધારી તે બન્ને દેવો ફરી રાજસભામાં આવ્યા.

ચક્રવર્તિને જોઇનેજ બન્ને જણા મોઢું બગાડીને ઉભા

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

રહ્યા. બન્ને જણાના બગાડેલા મુખને જોઈ સનત્ કુમાર પૂછ્યું. હે દેવાર્ય ! મુખ શા માટે બગાડો છો ?

અરે....ચક્રિ, સ્નાન કરતી વખતે જોએલી તારી કાયા અને અત્યારે તારી કાયામાં ધરમૂળ ફરફાર થયેલો દેખાય છે.

હે ચક્રિ ! તારી એ રંગભરી માટીની કાયામાં અત્યારે ભયંકર ૧૬ રોગો ઉત્પન્ન થયેલા છે.

દેવોની આવી વાત સાંભળીને સનત્ કુમારનો આત્મા ખળભળી ઉઠયો.

તરતજ નિદાન કરતાં જણાયું તો ખરેખર રોગોથી કાયા ઘેરાઈ ગયેલી હતી.

એજ સમયે ષટખંડ પૃથ્વીના રાજ્યનો ત્યાગ કરી સાધુ બનીને જંગલભણી ચાલી નીકળ્યા, અને કઠોર સાધનાનો આરંભ કર્યો ત્યારે રૂપનો ગર્વ ઉતરી ગયો હતો.

આત્માની ઉન્નતિમાં ગર્વ શત્રુરૂપે હોઈ તેનો ત્યાગ કરવો જોઇએ.



www.jaintatvagyanshala.org

# નિયમ

શેઠ ઘણાંજ ધર્મિષ્ટ હતા, પણ તેમના પુત્રને ધર્મમાં બીલકુલ શ્રદ્ધા નહિ. શેઠ તેને ધર્મમાં જોડવા ઘણાં પ્રયત્ન કરે પણ પુત્રને જરાય અસર થાય નહિ.

એક દિવસ શેઠ પુત્રને લઈને ગુરૂ મહારાજ પાસે ગયા. ગુરૂમહારાજે તેને ઉપદેશ આપી હંમેશા પોતાની પાસે આવતો કર્યો. શેઠનો પુત્ર હંમેશા ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળે છે.

એક દિવસ ગુરૂમહારાજને પ્રયાણ કરવાનો સમય આવ્યો. ગામનાં લોકો વળાવવા આવ્યા તેમાં પેલો શ્રેષ્ઠીપુત્ર પણ આવ્યો હતો.

ગુરૂમહારાજે ધર્મમાર્ગમાં જોડાવા બધાને શક્તિ મુજબ વ્રત-નિયમ આપ્યા. પેલા શેઠના પુત્રને પણ નિયમ લેવા કહ્યું. ત્યારે તેણે કહ્યું, મહારાજ ! આપણાથી નિયમ-બિયમ બને તેમ નથી છતાં આપનો આગ્રહ છે તો એક નિયમ આપો કે મારા ઘરની બાજુમાં એક કુંભાર રહે છે, તેના માથામાં ટાલ છે. તે જોયા વગર સવારમાં ચા-પાણી પીવા નહી.

છોકરાએ મશ્કરી કરી હોવા છતાં ગુરૂમહારાજે સમજીને નિયમ આપ્યો, ને ગામમાંથી વિદાય થયા. સૌ વળાવીને પાછા ફર્યા.

શેઠપુત્ર હંમેશા કુંભારની ટાલ જોઇને ચા-પાણી વાપરે. એક દિવસ વધારે માટી લેવા કુંભાર વહેલી સવારે દુર દુર ચાલ્યો ગયો. દુર ભાગમાં માટી ખોદતાં ધનનો ચરૂ મળ્યો, તે ચરૂ બહાર કાઢીને મૂકયો હતો.

સવારે કુંભારને ઘરમાં નહિં જોતાં શેઠ પુત્ર તેના છોકરાને પુછીને ટાલ જોવા જંગલમાં દોડયો. દુરથી કુંભારની ટાલ દેખાતા બોલ્યો, "જોઈ લીધી, જોઈ લીધી" આ સાંભળી કુંભાર સમજ્યો કે શેઠના છોકરાએ ચરૂ જોઈ લીધો એટલે ગામમાં જઈ બધાને વાત કરશે ને આપણા હાથમાં કશુ નહી આવે, તેથી તરતજ તેને બોલાવી ચરૂમાંનું ઝવેરાત અડધું અડધું વહેંચી લીધું.

ધન મળતાં શેઠ પુત્ર રાજી થઈ વિચારે છે, મશ્કરીના નિયમથી આટલો લાભ થયો તો સત્યનિયમથી કેટલો લાભ થાય ? અને ત્યારથી જીવનને ધર્મમાર્ગે વાળી માનવ જીવન સફળ કર્યું.

નિયમબદ્ધ જીવન જીવતા જીવનું શ્રેય અવશ્ય સધાય છે.



www.jaintatvagyanshala.org

# વેદનાનું વિસર્જન

ઓહ .... ઉહું .... હું....હું....હું........બિમારીના બીછાને પડેલા મિથિલાપતિ નમિરાજના શરીરમાં પગથી માથા સુધી એક દાહ-લીસોટો વિજળીવેગે પસાર થઈ ગયો અને તેથી ઉત્પન્ન થયેલી ભયંકર વેદનાને લઇને એક લાંબી અને હૈયાને હચમચાવી નાખે તેવી ચીસ પાડી ઉઠયા.

વેદનાને શાંત કરવા રાજ્યના એકેએક વૈદ્યોહકીમોને બોલાવી ઔષધો-ઉપચારો કરાવ્યા છતાં એકે ઔષધ અકસીર ઈલાજ તરીકે કામ ન લાગ્યું. અગ્નિદાહની બળતરા વિકરાળ સ્વરૂપને ધારણ કરી રહી હતી.


બીછાનાની આડખે પડખે ઉભેલા માતા-પિતા, પ્રાણ પ્યારી પત્નિઓ અને સેવકો નમિરાજની વધતી વેદનાને જોઈ હૈયાફાટ રૂદન કરી રહ્યા હતાં. વિશાળ રાજ્યનો અપાર વૈભવ અત્યારે બીહામણો લાગતો હતો. સર્વ નિઃસહાય હાલતમાં ગુનમુન ઉભા હતા.

ઓહ....ફરી વીજળીવેગે એક દાહનો આંચકો આવી ગયો. બાવનાચંદનનો લેપ કરો તો કાંઈક શાન્તિ મળશે. એક વૈદે કહ્યું.

ખૂદ રાણીઓએ પોતાના કોમળ હાથવડે ચંદન ઘસીને સ્વામિને શરીરે વિલેપન કર્યું ને વિલેપનથી કાંઈક શાન્તિ મળી. બે આંખો મીંચાઈ પણ ચંદન ઘસતી રાણીઓના

કંકણના અવાજથી ઉંઘ દૂર થઈ. નમિરાજ બોલી ઉઠયો; બંધ કરો અવાજ, મારાથી સહન થતો નથી અને....રાણી-ઓએ બન્ને હાથોમાં એકએક કંકણ રહેવા દઈ બીજા કાઢી નાખ્યા. હવે અવાજ નહિ આવવાથી નમિરાજે પૂછયું, ચંદન ઘસવાનું બંધ કર્યું છે? ના સ્વામિન્! તો અવાજ કેમ નથી આવતો? અમે સૌભાગ્યસૂચક એકએક કંગન રાખી બીજા દુર કર્યા છે, એટલે એક કંગનનો અવાજ કેમ થાય? ઘણાં હોય તોજ પરસ્પર ટકરાય.

આવા જવાબથી નમિરાજના હ્દયમાં પ્રકાશપુંજ રેલાયો. રે....એકલામાં શાન્તિ છે. સંયોગોમાંજ સંઘર્ષ જન્મે છે અને સંયોગજ અશાંતિનું કારણ છે. એકત્વ ભાવના આવતા વેદનાનું વિસર્જન થવા લાગ્યું. સમય જતાં એકદમ સ્વસ્થ બન્યા અને ત્યાગના પંથે પ્રયાણ કર્યું........



# ઉદાર ભક્તિ

માંડવગઢના મંત્રિશ્વર ઝાંઝણશાહે માંડવગઢથી મહાતીર્થ શત્રુંજયનો (પાલીતાણા) છ'રી પાળતો સંઘ કાઢયો. સંઘમાં સંખ્યાબંધ ભક્તજનો જોડાયા.

સંઘનું આગમન સાંભળી કર્ણાવતીના રાજા જયસિંહે સંઘનું સ્વાગત કર્યું અને ઝાંઝણશાહને કહ્યું "આપ આપના સંઘમાંથી ૫૦૦૦ માણસોને લઈને મારે ત્યાં જમવા પધારો."

ઝાંઝણશાહે કહ્યું, 'રાજન્ ! મારા, સંઘમાં રહેલા બધાજ ભક્તો મારે મન સમાન છે. એમાં હું ભેદ ન પાડી શકું.

મનમાં ચીડાયેલા રાજાએ કહ્યું, "મંત્રીશ્વર ! જેટલી ભાવના અને શક્તિ હોય તેટલી ભક્તિ કરાય !

"પણ...હું આપને કયાં આગ્રહ કરૂં છું કે, સંઘને જમવાનું આમંત્રણ આપો ?" મંત્રીએ કહ્યું.

એમજ હોય તો તમે જ આખા ગુજરાતને જમાડો. અને..."ઝાંઝણશાહે તરતજ પાંચ પાંચ હજાર માણસો જમી શકે એવા વિશાળ ૧૦૦ મંડપો બંધાવ્યા. આખા ગુજરાતને જમાડી દીધું.

જ્યારે રાજાએ આવીને જમણની વાનગીઓ જોઈ ત્યારે મોઢામાં આંગળા નાખી ગયા.

મંત્રીની આવી ઉદાર ભક્તિ જોઈ રાજા ખુશ થઈ ગયો. ધન્ય ઉદારતા. ધન્ય ભક્તિ.

જીવનમાં ઉદારતાનો ગુણ આવે છે ત્યારે લોકોના અંતરના આશીર્વાદ સાથે જીવ પોતે આત્મસાધનાના માર્ગે સરળતાથી પ્રયાણ કરી શકે છે.

# ક્રો...ધ...

એક મકાનના ઉપરના ભાગમાં મકાન માલિક રહેતો હતો અને નીચે બધા ભાડુતો વસતા હતા, પણ બધાને પાણી ભરવા માટે નીચેના ભાગમાં એકજ નળ હતો. એટલે હંમેશા પાણી ભરવા માટે લાઈન લાગતી.

એક દિવસ એક ભાડુત સ્ત્રી પાણી ભરી રહી હતી ત્યારે મકાનમાલિકીની સ્ત્રી પણ પાણી ભરવા આવી. તેણે પેલી સ્ત્રીનાં વાસણો બાજુપર ખસેડી પોતાના વાસણો નળ નીચે મુકી દીધા.

આવા અપમાનથી ભાડુત સ્ત્રીના અંગેઅંગમાં ક્રોધાગ્નિ સળગી ઉઠયો. આવેશમાં પોતાની રૂમમાં જઈ કેરોસીન છાંટી સળગી ઉઠી. લાકડાના એ મકાનમાં આગની ઝાળ લાગતાં મકાન આખું સળગી ઉઠયું.

મકાનમાલિકીની સ્ત્રી બુમાબુમ સાંભળી નીચે ઉતરવા લાગી અને પેલી સ્ત્રી બળતી બળતી ઉપર ચડવા લાગી. બન્નો દાદર પર ભેગી થઈ. ત્યાં માલિકણને પેલી સ્ત્રી વળગી પડી.

માલિકણે છુટવા ઘણો પ્રયત્ન કર્યો પણ પેલી કહેવા લાગી "તને નહિ છોડું" આજે તો હું મરીશ અને તને મારીશ.

છેવટે બન્નો સ્ત્રીઓ મરણ પામી.

જીવનમાં ક્રોધનો પ્રવેશ થયા પછી માનવી સારાસાર, લાભાલાભનું ભાન ગુમાવી બેસે છે, અને નંદનવન સરખા જીવનને બાળીને ભસ્મ કરી નાંખે છે.

આવેશમાં ક્રોધના એક એક અવશેષને નષ્ટપ્રાયઃ કરી માનવજન્મ સફળ કરવો જોઇએ.

# સત્તા અને ધન

આબુ પરના દેલવાડાના વિખ્યાત દહેરાસરો આજે પણ વસ્તુપાલ અને તેજપાલની યાદ તાજી કરાવે છે. બન્ને ભાઈઓ ભલા, બુદ્ધિશાળી અને ધાર્મિક વૃત્તિવાળા હતા. દાન દઈને ખુશી થાય એવા હતા.

એક દિવસ બન્ને ભાઈઓ સંઘ લઈ દેશભરનાં તીર્થો-ટનોની યાત્રાએ જઈ રહ્યા હતા.

ગામે ગામના સંઘોને ભેટતો આ સંઘ પંથ કાપે જ જાય છે. ત્યાં એકાએક રથની પીંજણી ભાંગી ગઈ. રથ ત્યાંજ અટકી પડયો. સંઘ આખાને વગડામાં વસવું પડયું.

પીંજણી સરખી કરવાં વસ્તુપાલે નોકરને સુથાર માટે નજીકના ગામમાં મોકલ્યો. સાથે કહેવડાવ્યું કે જેટલા રૂપિયા લેવા હોય તેટલા લે પણ પીંજણી સમી કરી જાય.

સુથારે પણ સમય પારખ્યો. બોલાવવા આવેલા નોકરને સાફ સંભળાવી દીધું. "તારો શેઠ સો રૂપિયા આપે તો પણ નહિ આવું ! હું કાંઇ નવરો નથી."

નોકરે પાછા વળીને સુથારની તિસ્મારખાની વાત કહી ત્યારે વસ્તુપાલ મુંઝાયા.

એટલામાં ગામનો મુખી બેચાર માણસો સાથે સંઘના પડાવે આવ્યો. સંઘપતિને મુંઝાયેલા જોઈ મુખીએ પુછયું.

'કાં સંઘવી'? મુખપર હાસ્ય દેખાતું નથી ? શું કાંઈ મુશ્કેલી ઉભી થઈ છે ?

વસ્તુપાલે સુથારની વાત કહી.

વસ્તુપાલની વાત સાંભળી મુખી બબડયો.... હત્.... સુથાર ! તુંયે વાંકો થયો, અટાંણેય અવળચંડાઇ ન છોડી ?

મુખીએ સંઘવીને કહ્યું "હમણાં જ ગામમાં જઈને મોકલું છું."

ગામમાં જઈને મુખીએ સુથારને બે ચાર લપાટ લગાવી દીધીને કહ્યું, હમણાંને હમણા જા, સંઘવીની પીંજણી સમી કરી આવ. અને.... જો પૈસા જૈસા લીધા છે તો ભોં ભારે થઈ જશે.

સુથાર મુખીની દમદાટીથી ધ્રુજતો સંઘમાં આવ્યો. સંઘવીના રથની પીંજણી બરાબર કરી આપી રથ ચાલતો કર્યો. વસ્તુપાલે રૂપિયા દેવા આગ્રહ કર્યો, પણ તે લીધા વગર ચાલ્યો ગયો.

બન્ને ભાઈઓએ ત્યારથી જાણ્યું કે સોના કરતાં સત્તા સબળ છે, માટે સોનાની સાથે સત્તા પણ મેળવવી જ રહી.

યાત્રાએથી પાછા ફરીને વસ્તુપાલ દીવાન (મંત્રી) બન્યા, અને તેજપાળ સેનાપતિ બન્યા.

પણ પ્રાપ્ત થયેલી સત્તાનો એમણે સદુપયોગ કર્યો.



www.jaintatvagyanshala.org

# પાયાનું જ્ઞાન

"પાણી લ્યો, પાણી! ઠંડુ પાણી" સ્ટેશન ઉપર ટ્રેન આવીને ઉભી રહેતાં જ એક માજી બુમ મારતાં-મારતાં ડબ્બે ફરી રહ્યા હતાં.

આ રીતે નિયમિત સ્ટેશન ઉપર આવી લોકોને પાણી પાઈ તેમાંથી જે કાંઈ પૈસા મળતાં તેનાથા માજી પોતાનો જીવન નિર્વાહ ચલાવતાં.

એકવાર ગાડીને ઉપડવાનો સમય થતાં વ્હીસલ વાગી, અને એન્જીનમાંથી કાળાં-કાળાં ધુમાડા આકાશ ભણી જવા લાગ્યા. તે વખતે ફર્સ્ટ-કલાસના ડબ્બાની એક બારીમાંથી સજ્જન અને શિક્ષિત દેખાતા એક ભાઈએ મોઢું બહાર કાઢી પેલી પાણી વેચનારી માજીને બોલાવી.

ઠંડુ મઝાનું પાણી પેટ ભરીને પીધા પછી બાઈના હાથમાં એક આનાનો એક સિક્કો આપીને કહ્યું. "લે, એક આનો! બે પૈસા તું રાખ અને બે પૈસા મને પાછા આપ. બધા તને એક પૈસો આપે છે પણ હું તને ખુશ થઈને બે પૈસા આપું છું."

બાઈ તો ખુશ-ખુશ થઈ ગઈ અને કેડે ભરાવેલી પરચુરણની કપડાની નાની કોથળીમાંથી બે પૈધા કાઢી પેલા ભાઈના હાથમાં મૂકયા અને ગાડીએ સ્ટેશન છોડયું.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
માજીએ પીતળની એક આની ઉપર નજર કરતાં જ ચમકી ગયા અને નિસાસો નાખવા લાગ્યા. "હાય ! સજ્જન દેખાતાં માણસો પણ આવી છેતરપિંડી કરતાં હશે ? ને અમસરખા રાંક સાથે ધુતારા વેડા કરી શું સુખી થતા હશે ?" માજીની આંતરડી એટલા માટે જ કકળી ઉઠી હતી કે પેલા માણસે ખોટી એક આની આપી ઉપરથી માજીના બે પૈસા લઈ ગયો હતો.

માનવી જ્યાં સુધી પાયાનું જ્ઞાન ન મેળવે ત્યાં સુધી ઉપરછલા જ્ઞાનથી એ જીવનને લેશમાત્ર સુંદર બનાવી શકતો નથી.

વર્ષો સુધી સંસારના પક્ષે બેઠા ત્યાંના અનુકુળ-પ્રતિકુળ અનુભવો લીધા પછી ત્યાં કાંઈ તથ્ય ન લાગ્યું હોય તો હવે એકજ રસ્તો છે પક્ષ પલ્ટો કરવાનો. "સંસારમાંથી સંયમમાં"



www.jaintatvagyanshala.org

# નિ ડ ર તા

ભગવાન મહાવીર બાલ્યકાળમાં નાના મિત્રો સાથે ગામ બહાર એક વૃક્ષ નીચે રમી રહ્યા હતા. તે સમયે દેવસભામાં ઈન્દ્રે ભગવાનના અતુલ બળનું વર્ણન કર્યું. આ વર્ણન સાંભળીને એક દેવ ગુસ્સે થઈ વિચારવા લાગ્યો, "જુઓ તો ખરા ! દેવ પાસે રૂના પુમડા જેવા તુચ્છ માનવીની ઈન્દ્ર કેટલી બધી પ્રસંશા કરે છે?"

અને... તરત જ ઈન્દ્રના વર્ણનને જુઠુ ઠરાવવા તે દેવ રમી રહેલા ભગવાનના સ્થાને આવીને વિકરાળ સર્પનું રૂપ ધારણ કરી ઝાડની ડાળી ઉપર વીંટળાઈ ગયો. મિત્રો તો ભયના માર્યા ભાગી ગયા, પણ નિભય વર્ધમાનકુમારે એકજ હાથે સાપને પકડીને દૂર મુકી દીધો. ફરી બાલમિત્રો ભેગા થઈ રમવા લાગ્યા.

ફરી તેજ દેવ બાળકનું રૂપ લઈ બધા સાથે રમતમાં જોડાયો અને વર્ધમાનકુમાર સાથે શરત કરી કે જે રમતમાં હારે તે જીતેલાને પોતાના ખભા ઉપર બેસાડે. શરતની સ્વીકૃતિ બાદ રમતમાં તે દેવ જાણીને હારી ગયો. શરત મુજબ બાલરૂપધારી દેવે વર્ધમાનકુમારને ખભાપર બેસાડયા. થોડે દૂર જઈને ભયાનક પિશાચનું રૂપ લઈને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન કર્યો, પણ વર્ધમાનકુમારે એક મુઠીનો પ્રહાર તેની પીઠમાં કર્યો. પ્રહાર વાગતાંજ ભયાનકરૂપ અદૃશ્ય થયું. દેવે વર્ધમાનકુમારની નિડરતા અને અતુલબળ જોઈ ઈન્દ્રના વર્ણનને સત્ય સમજી, કુમારને નમસ્કાર કરી ચાલ્યો ગયો, ત્યારથી વર્ધમાનકુમાર મહાવીર તરીકે પ્રસિદ્ધ થયા. ❖



www.jaintatvagyanshala.org

# મહાન સંત

અકબર બાદશાહના પ્રતિબોધક જગતગુરૂ હરીવિજય સૂરીશ્વરજી મહારાજનો આ પ્રસંગ છે.

ભિક્ષાર્થે નિકળેલા સૂરીશ્વરજીના શિષ્યો અત્યંત ભક્તિવાન એક ભાવિકાના ઘરે વહોરવા આવી ચઢયા અને....

ધર્મલાભ.... ! ધર્મલાભ.... !! કહી ભાવિકાના ઘરમાં પધાર્યા.

પધારો ગુરૂદેવ ! ભાવિકાએ સ્વાગત કર્યું. ભાવિકાએ આજે ખીચડી બનાવી હતી. તેથી ખીચડી ભિક્ષામાં લઈને મહારાજ ઉપાશ્રયે પધારી ગયા.

પર્વનો દિવસ હોવાથી તબીયતના કારણે સૂરીશ્વરજી સિવાય કોઈ વાપરનાર હતુ નહિ એટલે તેઓશ્રી વાપરીને પોતાના જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા.

આ તરફ પેલી ભાવિકા બાઈ દોડતી-દોડતી ઉપાશ્રયે આવી અને વ્યાકુળતાથી બોલી........

ગુરૂદેવ ! ગુરૂદેવ ! ગજબ થઈ ગયો, મારી ભયંકર ભૂલ થઈ ગઈ છે.

અન્ય શિષ્યોએ પુછયું. શું છે શું ? બોલ તો ખરી.

અરે.... શું કહું, આજે આપ જે ખીચડી લઈ ગયા તે તો મોઢામાં નંખાય તેમ નથી. ખીચડીમાં ભુલથી ત્રણ ગણું મીઠું નંખાઈ ગયુ છે, તેથી ખારી-ખારી ઝેર જેવી બની ગઈ છે.

શિષ્યો પણ વિચારમાં પડી ગયા કે, ગુરૂદેવ ખીચડી વાપરી ગયા પણ જરાય કોઇને કહ્યું નહિ કે ખીચડી આવી કેમ લાવ્યા છો ?

શ્રાવિકાએ આવીને કહ્યું ત્યારેજ શિષ્યોને ખબર પડી કે ખીચડી ખારી ઝેર જેવી છે.

ગુરૂદેવની આવી મહાનતા જોઈ શિષ્યો મનોમન ગુરૂ-દેવને વંદી રહ્યા.

મહાન બનવા માટે મોહને હટાવવો પડશે.

દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી ઉત્તમ ભાવના
અવશ્ય સાકાર બને છે અને એના જીવનમાં
એવી એક શુભ ઘડી આવે છે કે મંગલ
પ્રસ્થાનના મંગલ ચોઘડીયા વાગતા હોય છે.

# મનની નબળાઈ

એ........ ભાઈની ઓછામાં ઓછી ૮૦-૮૫ વર્ષની ઉંમર હશે. ચાલવામાં ઉઠવા-બેસવામાં દરેક પ્રવૃત્તિમાં પરાધિનતા આવી ગઈ હતી. મનથી મરી પરવાર્યા હતા.

ત્યાં અચાનક બુમાબુમ સંભળાઈ, બિલ્ડીંગના લોકો દોડાદોડ કરવા લાગ્યા, બિલ્ડીંગમાં આગ લાગી હતી. આગના સમાચાર મળતાંજ પેલા વૃદ્ધભાઈ પણ ભયના માર્યા પાંચ માળના દાદરા ઉતરી નીચે આવ્યા.

જેનામાં કલાક પહેલાં પલંગમાંથી ઉભા થવાની શક્તિ ન હતી, બે નોકરો હાથ પકડી ઉભા કરે ત્યારે ઉભા થતા હતા. તેજ ભાઈ અત્યારે કોઈનીયે સહાય વિના દોડતા-દોડતા નીચે ઉતરી ગયા તો આવી શક્તિ ક્યાંથી આવી ?

આત્માની અનંત શક્તિ છે પણ મનની નબળાઈએ જ એની સર્વશક્તિ દબાવી દીધી છે. માટે મનની ઢીલાસ નબળાઈ છોડીને આત્માની અનંત શક્તિને પ્રગટ કરવા પુરૂષાર્થી બનીએ.

# જીવન અને ધર્મ

જીવન અને ધર્મ પરસ્પર સંલગ્ન રહેલા છે. ધર્મ વિનાનું જીવન શુષ્ક અને નિરસ બને છે. જીવનને ઉત્તમ જીવન બનાવવા ધર્મનોજ સર્વશ્રેષ્ઠ ફાળો રહેલો છે.

સુખો મેળવવાની ઇચ્છાવાળો માનવી ધર્મને બાજુ પર મુકીને જો સુખી બનવા ચાહતો હોય તો ખરેખર એ સુખી બની શકતો નથી, કદાચ તેને ફ્લેટ–ફેમિલી–ફીયાટનું સુખમળી જાય છતાં એ સુખ એના આત્માને શાન્તિ અપવા-વાળુ બનતું નથી. જીવનની સુંદરતાનું સર્જન કરવા અસમર્થ બને છે અને કોઈક સામાન્ય દુઃખની એકજ ચીનગારી પડતાંની સાથે એ....સુખ બળીને ભસ્મ થઈ જાય છે.

સુખ મેળવવાની લાલસાએ એને અંધ બનાવી દીધો છે. એની નજર સામે સુખ મેળવવાની ભાવનાના રોલ ફરતા હોય છે અને એની ખાતર પોતાના સત્વનું ! સમયનું ! જીવનનું ! ઘોર લીલામ કરી નાખે છે.

દુઃખ ગમતું નથી.... સુખ મળતું નથી. જે માર્ગો વડે દુઃખનું સર્જન થાય છે તેવા માર્ગો છોડવા નથી ? સુખનું સર્જન કરવાવાળા રસ્તાઓને અપનાવવા નથી ! તો દુઃખ દૂર કરવાના અને સુખ પ્રાપ્ત કરવાના અરમાનો સેવવા એ શું ? મહામુર્ખતા નથી ?

પાપાચરણથી દુઃખ ઉત્પન્ન થાય છે, પુણ્યથી સુખ મળે

છે, એવું સમજવા – જાણવા છતાં પાપાચરણથી દૂર થવું નથી. પુણ્યોપાર્જન કરવું નથી તો જીવનમાં ઉંડાનિશ્વાસ અને વેદનાના વલોપાત સિવાય કશું મળશે ખરું ?

દુકાન કરવી નથી. ધંધો–સર્વિસ કરવી નથી. અને ધન જોઇએ છે. તો આવી પરસ્પર વિરોધાભાસવાળી વાત બંધ બેસતી થશે ?

શરીરને સાચવવા–સંભાળવા માટે ધનની જરૂર પડે છે, તેમ આત્માને સાચવવા માટે પણ ધર્મની એટલી જ આવશ્યકતા છે. અરે.... ધન મેળવવા માંટે પણ ધર્મની જરૂર પડે છે.

પરંતુ કળીયુગનો માનવી બાહ્ય સુખનું સુટીંગ કરી રહ્યો છે. જેમ–જેમ સુટીંગ કરતો જાય છે તેમ–તેમ પડદા પાછળ આત્માની સુંદરતાનું જીવન સૌરભનું કટીંગ થતું જાય છે, પછી જ્યારે એ....સુટીંગનો રોલ ખોલે છે, ત્યારે વ્હાઈટ પડદા ઉપર સિન પડવાનો બદલે રોલના ટુકડાજ નીચે પડે છે.

સુટીંગ વખતે ફરીફરીને કરેલી આવૃત્તિ, ફરીફરીને કરેલા પ્રયત્નો પાણીમાં વહ્યા જાય છે. સંસારના સુખ પાસે કંસાર ખાવાની આશા રાખેલી છતાં સુખનો ભંગાર પણ હાથમાં આવતો નથી.

ખેદ તો એ વાતનો થાય છે કે આજનો માનવી જે સુખ અને શાન્તિ મનમાં સમાયેલા છે તેને મકાનમાં શોધે.

છે તેથી જ સંપૂર્ણ જીવન વીતી જવા છતાં સુખ ભોગી બની શકતો નથી.

એકજ પ્રશ્ન તમને પુછું છું......! આજે જન્મભૂમિ છોડીને ? સ્વજન-પરિવાર છોડીને પરદેશમાં શા માટે જવુ પડે છે ? માબાપથી હજારો માઈલ દૂર શા માટે વસવું પડે છે ? આનો એકજ જવાબ છે જીવનમાં ધર્મનો સહારો નથી. ધર્મથી મળતા પુણ્યનું ઉપાર્જન નથી, અને તેના માટેનો પુરૂષાર્થ નથી એટલેજ તો એરકંડીશન રૂમમાં ઠંડક નથી મળતી. સાઉન્ડ પ્રુફ રૂમમાં શાન્તિ નથી મળતી.

---

જીવનમાં જ્યારે કંકાશના પ્રવેશ થાય છે ત્યારે જીવન જીવવું અસહ્ય બને છે અને મૂલ્યવાન જીવનને ટુંકાવી નાખવા પ્રયત્ન-શીલ બને છે.

---

# ધર્મ અને ધર્મજ્ઞાન

ધર્મ અને ધર્મજ્ઞાન સિવાય સાચી વસ્તુની કદર કરી શકાતી નથી. સાચી વસ્તુની કદર થાય નહિ ત્યાં સુધી સંસારના ભોગ–વિલાસી સુખ તરફની દૃષ્ટિ બદલાતી નથી. સંસારના માનેલા સુખમાંજ રાખતો હોય છે.

ઉદયપુરના મહારાણાની પટ્ટરાણીનો વર્ષોથી ખાલી પડેલો ખોળો આજે ભરાયો હતો. સર્વ સંપત્તિના મખમલી સહવાસમાં અપુત્રિઆનું વધુ અકારૂ લાગતુ હતું. મુલાયમ સુખ પણ કાંટાની જેમ ખુંચતુ હતું પરતું....વર્ષોથી આશા–નિરાશા વચ્ચે ઝોલા ખાતા–ખાતા આજે આશાનું કિરણ પ્રકાશમાન થયું હતું વંશનો વારસદાર આજે મહારાણીનો ખોળો ખુંદી રહ્યો હતો. રાજ પરિવારમાં આનંદની અવધિ રહી ન હતી. રાજ્યની જનતામાં પણ હર્ષની છોળો ઉછળી રહી હતી.

મહારાજાએ પુત્રજન્મ મહોત્સવ ખૂબ ઠાઠથી ઉજવ્યો. ઉત્સવનો આનંદ રાજ્યના ખુણે–ખુણે પહોંચાડવા માટે ભોજન સમારંભનું આયોજન કર્યું ભોજન માટે શેઠ–સાહુકારથી માંડીને આદિવાસી ભીલો સુધી સર્વને આમંત્રણ આપવામાં આવ્યું.

આદિવાસી–ભીલ લોકો માટે જમવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી. જમણમાં શીરો અને ચોખા બનાવવામાં આવ્યા હતા.

ઉદયપુરના રાજમાર્ગો અને નાના-નાના રસ્તાઓ માણસોથી ઉભરાયા છે, બહારથી આવતા બીજા લોકોનો એટલોજ ધસારો ચાલુ હતો, પ્રત્યેકના મુખમાંથી અને મનમાં મહારાજાની ઉદારતાના અને રાજપુત્રને શુભઆશિષના વેણ નીકળી રહ્યા હતા.

ભોજનનો પ્રારંભ થઈ ગયો હતો આદિવાસી ભીલોના અલગ ડીપાર્ટમેન્ટમાં પંગત નંખાઈ ગઇ હતી. બધાને ગરમાગરમ શીરો પીરસવામાં આવ્યો. હંમેશા રોટલાને ચટણી ખાવાવાળા ભીલોને પીરસવામાં આવેલો શીરો કાચા અને ભીના લોટ જેવો લાગ્યો. આવા ભોજનથી પોતાનું અપમાન સમજીને ખાધા વગર એક પછી એક ઉભા થવા લાગ્યા.

મંત્રીશ્વરને ખબર પડતાંજ તેઓ ભીલો પાસે દોડી આવ્યા અને પુછ્યું અરે... ભાઈઓ...? ભોજન કર્યા વગર કાં ઉઠી ગયા ? શું તમારૂં કોઈએ અપમાન કર્યું ?

થોડા ગુસ્સામાં આવેલા ભીલો બોલ્યા "શું અમને અહિં ગાય-ભેંસના પોદળા ખાવા બોલાવ્યા હતા ? નાહ... નહિ.... અમારે આવું ભોજન નથી ખાવું. અમે ધાર્યું હતુ કે મહારાજાનું આમંત્રણ છે એટલે સરસ મઝાના મકાઈના રોટલા અને ચટણીનું ભોજન મળશે પણ.... એના બદલે છાણ જેવું ભોજન મળ્યું." લ્યો... ત્યારે આવજો...

જતા એવા ભીલોને રોકીને મંત્રીશ્વરે બેસાડયા અને મકાઇના રોટલા-ચટણીનું ભોજન કરાવડાવી ભીલોને ખુશ કરી વિદાય આપી...

મૂલ્યવાન જીવનની કિંમત સમજાવવા માટે પણ જીવનની સાથે-સાથે ધર્મજ્ઞાન અને ધર્મનું આચરણ જોઈશે.

જીવન સાથે ધર્મ એકમેક બની જતાં દુઃખના સમયમાં પણ હાયવોય કરવાનો વખત નહિ આવે. માનસિક સમતોલપણું પણ જળવાઈ રહેશે.

મીઠા વગરનું ભોજન આકર્ષક હોવા છતાં ભોજન સમયે આનંદ આપી શકતુ નથી તેમ ધર્મ વગરનું જીવન ગમે તેવું મેક-અપ કરવા છતાં સુંદર બની શકતું નથી.

માટેજ......

જીવનને સુવાસમય બનાવવા માટે ધર્મનું સિંચન કરવું આવશ્યક છે.



# ચતુરાઈના ભોગે

એ ચતુર અને હોંશિયાર કારીગરે આબેહૂબ સપ્રમાણ પોતાની મૂર્તિ બનાવી. મૂર્તિ એવી અસ્સલ બનાવી હતી કે લોકો તેનેજ કારીગર સમજી લેતા.

કારીગરને લાગ્યું કે લોકો મારામાં અને મૂર્તિમાં અસલી-નકલીનો ભેદ પકડી શકતા નથી. પણ....હવે હું યમરાજને ઠગું.

ત્યારબાદ તેણે બીજી દશ-બાર એવીજ આબેહૂબ પોતાની મૂર્તિઓ બનાવી.

કારીગરને જ્યારે યમસદન જવાનો વખત આવ્યો ત્યારે તે એક પોલાણવાળી મૂર્તિમાં ભરાઈ ગયો. યમદૂતો તેને લેવા આવ્યા પણ મુંઝવણમાં પડી ગયા કે, આમાં કોણ સાચો કારીગર છે ? તરતજ તેમને એક યુક્તિ મળી ગઈ ! તેઓએ કારીગરના વખાણ-પ્રસંશા કરવી શરૂ કરી "વાહ ! શું કારીગરી છે ? અજબ એની બુદ્ધિ છે, અરે ! ભલભલા એની શીલ્પકલા આગળ પાણી ભરે. છતાં આ મૂર્તિઓમાં એક ભુલ રહી ગઈ છે.

ભુલની વાત સાંભળતાંજ કારીગર પોલાણવાળી મૂર્તિમાંથી સફાળો બહાર આવ્યો અને બોલવા લાગ્યો, "ક્યાં ભુલ રહી ગઈ છે ? શું ખામી છે મૂર્તિઓમાં ?"

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
યમદૂતો બોલ્યા "તારા અમારી પાસે સીધા ચાલ્યા આવવાના ડહાપણમાં..."

અને... પોતાની ચતુરાઈના ભોગે કારીગર યમસદનનો અતિથિ બન્યો.

માનવીમાં અદ્દભૂત શક્તિનો ભંડાર ભર્યો છે, પણ તે શક્તિઓને પચાવવામાંજ જીવનનું ઉત્થાન સમાયેલુ છે, એનું અજિર્ણ એનાજ નાશનું કારણ બને છે.

---

એકડા વિના જેમ શુન્યની કિંમત કાંઈજ નથી,
તેમ સદાચાર વિના જીવનમાં વ્રતોની કિંમત
પણ કંઈજ નથી. વ્રત તો શોભે છે શિયળ
અને સદાચારના અલંકારોથી.

---



www.jaintatvagyanshala.org

# વાણી અને વર્તન

પંડીતજી મહાભારતની કથાનું પ્રવચન કરી રહ્યા હતા. શ્રોતાઓ પ્રવચનનું પાન કરવામાં મશગુલ હતા.

એક દિવસ કોઈક લુંટારો ફરતાં-ફરતાં પ્રવચનમાં આવી ચઢયો. એ સમયે પંડીતજી કહી રહ્યા હતા કે, જીવનની ઉત્તમતા સાધવા માટે, "ક્ષમા-પરોપકાર દયા વિગેરે ગુણો લાવવા જોઈએ. માર ખાવાનો પ્રસંગ આવી જાય ત્યારે પણ સમતા ધારણ કરવી જોઇએ".

કથાનો આ અંતિમ દિવસ હતો. મહાભારતની પૂર્ણાહુતિ થઈ ગઈ. શ્રોતાજનો પોતપોતાની યથાશક્તિ દક્ષિણા આપી વિદાય થયા. ત્યારે બીજી તરફ પંડીતજી પણ દક્ષિણામાં મળેલા રૂપિયા, કપડા, ફળ-અનાજ વિગેરેનું પોટલું બાંધી પોતાના ગામ જવા ચાલી નિકળ્યા.

પેલા લુટારાએ પણ પંડીતજીને દક્ષિણામાં મળેલી સર્વ વસ્તુ જોઇ-યાદ રાખી. પંડીતજીની પાછળ-પાછળ ગયો. ગામની હદ પુરી થતાં જ લુંટારો પંડીતજીની સામે આવી તાડુકયો.

"પંડીતજી ! જે માલ હોય તે ચુપચાપ મુકી દયો... નહિતર... આ ડાંગ તમારી સગી નહિ થાય ! !

પંડીતજી પણ કાંઈ ગાંજ્યા જાય તેવા ન હતા. જમાનાના ખાધેલ હતા. એમની પાસે જાડી અને મજબુત લાકડી હતી

તે બેય હાથે પકડી ઉંચી કરી બરાડયા, "માલ જોઈ તો હોય તો આવ નજીક, તારી લાકડી મને સગી નહિ થાય તો મારી લાકડી પણ તને સગી નહિ થાય, સમજ્યોને ?

પંડીતજીની પ્રેત જેવી મુખાકૃતિ જોઈ લુટારો ઠંડોગાર થઈ ગયો અને પગે પડી બોલ્યો, પંડીતજી ! તમે પ્રવચનમાં કહેતા હતા કે, માર ખાવાનો વખત આવે ત્યારે સમતા ધારણ કરવી, તો અત્યારે તમે ગુસ્સે થઈ મારવા કેમ તૈયાર થઈ ગયા ?"

પડીતજી બોલ્યા, "અહિંસાની સાથે-સાથે મહાભારતના યુદ્ધની વાત પણ કરી હતી. દુષ્ટો સામે છોડાતા અર્જુનના બાણોની વાત પણ કહી હતી તે યાદ છે ? પોતાની ભુલ સમજેલા લુંટારાએ ક્ષમા માગી, વિદાય થયો."

વાણીના શ્રવણ પછી તેને ગેરવર્તનમાં મુકવાથી માર-ખાવાનો જ વખત આવે છે, માટેજ શ્રવણ કરાયેલી વાણીના અર્થને સત્ય સ્વરૂપે વિચારી જીવનની ઉત્તમતા સાધવા પુરૂષાર્થ કરવો જોઇએ.

# લોભ

શેઠ ઘણાંજ લોભી અને સ્વાર્થી હતા. પોતે જીવનમાં ક્યારેય સારૂ ખાવાનું કે પહેરવાનું સમજ્યા ન હતા. પછી પરિવારના સભ્યોને સારૂ ખાવા-પીવાની કે પહેરવા-ઓઢવાની વાતજ ક્યાંથી હોય ? અને......ધર્માદામાં ખર્ચ કરવાની વાત આવે એટલે માંદાજ પડી જાય. પણ......"લોભે મળિયા ઠગ ઝાઝા" ની કહેવત અનુસાર શેઠને એવોજ પ્રસંગ બની ગયો.

એક દિવસની વાત છે. વ્યાજખાઉ શેઠના ઘેર એક ઠગ માણસ આવ્યો, અને શેઠને કહ્યું શેઠજી ! મારે ત્યાં શુભ પ્રસંગ છે માટે થોડા વાસણો ભાડેથી જોઇએ છે. શેઠે તેને જોઈતા વાસણો ભાડેથી આપ્યા.

પેલા ઠગે ત્રણ-ચાર દિવસ ઘરમાં રાખી મુકી પાંચમે દિવસે થોડા નાના નાના વાસણો ઉમેરી શેઠના વાસણો પાછા આપવા ગયો. શેઠે વાસણો ગણ્યા તો વધારે થયા એટલે શેઠે પુછ્યું ભાઈ ! આ નાના-નાના વાસણો વધારે કેમ છે ?

"શેઠજી ! એ તો તમારા વાસણે આ નાના વાસણને જન્મ આપ્યો છે, એટલે વધારે છે." ઠગ બોલ્યો.

વધારે લાંબુ-ટુંકું કર્યા વગર લોભી શેઠે વાસણો ઘરમાં પધરાવી દીધા.

થોડા દિવસ વિત્યા ન વિત્યા ત્યાં તો પેલો ઠગ ફરી શેઠ પાસે આવ્યો અને કહેવા લાગ્યો "શેઠજી ! મારે ત્યાં ઘણોજ મોટો પ્રસંગ છે અને એ પ્રસંગ માટે મારે થોડા ચાંદી–સોનાના વાસણો જોઇએ છે, આપને ભાડું જે લેવું હોય તે લેજો.

શેઠ વિચારવા લાગ્યા, ચાંદી–સોનાના વાસણનું ભાડુ વધારે આવશે ઉપરથી વાસણો વધારે થઇને આવશે એ નફામાં....

શેઠે કિંમતી વાસણો ઠગને કાઢી આપ્યા.......

ઘણાં દિવસો થઈ જવા છતાં જ્યારે પેલો ભાઈ વાસણો દેવા પાછો ન આવ્યો એટલે શેઠ ઉંચા–નીચા થવા લાગ્યા. બીજાજ દિવસે શેઠ ઠગના ઘેર પહોંચ્યા અને દૂરથીજ બરાડયા, "અલ્યા ! આટલા બધા દિવસો થવા છતાં વાસણો આપવા કેમ ન આવ્યો. હજી તારો પ્રસંગ નથી પત્યો ?"

અરે શેઠજી ! શું કહું ? કહેતા ઘણોજ ખેદ થાય છે. ઠગની વચ્ચેથીજ વાત કાપતા શેઠ આવેશમાં બોલ્યા, "તારે મારા કિંમતી વાસણો પચાવી પાડવા છે ? વાયડા વેડા કરવાની જરૂર નથી, મારા વાસણો કાઢી આપ."

પણ...શેઠજી ! આપના વાસણો પચાવી પાડવાની મારી વૃત્તિજ નથી. આપવા નહિ આવવાનું કારણ એકજ છે કે, આપના વાસણો મરણ પામ્યા છે.

અરે...વાસણ તે કાંઇ મરતા હશે ? વધી ગયેલા છાતીના ધબકારાથી ઉંચો શ્વાસ લેતાં શેઠ બોલ્યા.

શેઠજી! જો વાસણો વાસણને જન્મ આપે તો વાસણનું મરણ કેમ ન થાય ? જન્મે એતો અવશ્ય મરેજ, અને બીજી પણ એક વાત, તમારા જે વાસણો મરી ગયા એનો સ્મશાનદાહ ખર્ચ, બારમું કર્યાનો ખર્ચ મેં કર્યો છે તેના રૂા. તમારે આપવા પડશે.

શેઠ એવા તો સલવાઈ ગયા કે કાંઈ બોલી શકયા નહિ અને એવી પરિસ્થિતિમાં મુકાઇ ગયા કે કાપો તો લોહી ન નિકળે.

પહેલા વધારે વાસણ લેવાનો લોભ ન કર્યો હોત તો આવો પ્રસંગ ન આવત.

પાપનો બાપ એવા લોભનો ત્યાગ કરી ઉદાર બનો અને ''લોભ' ઉલ્ટાવી ''ભલો'' બન.



# પુરુષાર્થ

ફાટફાટ થતી યુવાનીમાં આંખને આનંદ આપનારા સિનેમા–નાટકો જોવા ઉપર "પ્રતિબંધ" મુકવો. કાનને પ્રિય સિનેગીતો, ઉન્માદ જગાડનારા ગીતો ઉપર "સેન્સરશીપ" લગાડવી. નમણી નારીના મુલાયમ સહવાસમાં 'ઈમરજન્સી' જાહેર કરવી. પાંચ–પાંચ ઈન્દ્રિયોના થનગનતા ઘોડાઓને "મીસા" હેઠળ જેલ ભેગા કરી દેવા. અસ્થિર બનેલા આત્માના રાજસિંહાસનને સ્થિર કરવું, તે વીરલ આત્માઓના લલાટેજ લખાયેલું હોય છે.

જીવનના સાચા રાહને ભુલભલામણીમાં નાખી દે તેવા આજના આધુનિક જમાનામાં ત્યાગનો પંથ અપનાવવો વિસ્મયકારક લાગે છતાં...

વૈજ્ઞાનિક યુગનો માનવી તેના ફળદ્રુપભેજામાંથી રોજ-બ રોજ નવું–નવું સર્જન કરતો હોય છે તેમાં તેમનો અથાગ પુરૂષાર્થ–પરિશ્રમ તલ્લીનતાનોજ મુખ્ય ભાગ છે.

માનવી માટે કોઈ કાર્ય ન બનવા લાયક કે અશક્ય કશુજ નથી. તે જે કરવા ધારે તે કરી શકે છે. પણ, તેના મનની દુર્બલતા, પુરૂષાર્થનો અભાવ, કાર્યની સિદ્ધિના અવરોધક છે.

પુરૂષાર્થની પ્રચંડ તાકાતજ સાધનાની સિદ્ધિ કરાવે છે.

❖

# જીવન અને મરણ

જેણે જીવનની સુંદરતા સાધી નથી તેના મરણની વેળા દુઃખદ બને છે. હાય-વોય વિનાનું, વલોપાત વગરનું મરણ ત્યારેજ બની શકે છે કે જીવનની એકએક પળ સન્માર્ગે ખર્ચી હોય. જીવનના સારા-નરસા પ્રસંગો-ઘટનાઓ, આચાર-વિચાર અને વર્તનોની અસર મરણ ઉપર અવશ્ય પડે છે અને તેથી મરણ સમાધિ-અસમાધિવાળુ બને છે.

ઈન્દ્રિયોના ગુલામ બનીને ઉત્તમ જીવનને પાણીના મૂલ્યે વિષય-વાસનાઓને વેચી નાખનારનું જીવન અને મરણ દુઃખદાયી બને છે એટલેજ કહેવું પડશે કે, "જીવન જીવતાયે ન આવડયું અને મરતાયે ન આવડયુ."

પેલા શેઠાણીની જેમ....

પૈસે-ટકે શેઠ સુખી હતા. મોટા બંગલામાં શેઠ-શેઠાણી બેજ જણ રહેતા હતા. લાંબી જંજાળ હતી નહિ.

શેઠ સ્વભાવે સીધા-સરલ અને મનમોજી. પણ.... શેઠાણી ભારે હલવલીયા, વાતવાતમાં વાતનું વતેસર કરી નાખે. કામના ચોર એટલે શેઠ તરફથી કાંઈક વધારે આજ્ઞા થાય કે તરત પેટમાં આફ્રળો ચઢી જાય. ઈ.... તો... ઠીક પણ આવડે કાંઈ નહિ ને બધી વાતમાં પારંગતપણું પ્રગટ કરે, અને શેઠ ભુલેચૂકે બોલી જાય કે તને એ બનાવતાં

નહિ આવડે! પછી તો શેઠાણી તાડૂકીને શેઠની લેફ્-રાઈટ... લેવા માંડે.

એક દિવસની વાત છે. શેઠના ખાસ મિત્રો શેઠને ત્યાં આવવાના હતા, એટલે મિત્રો આવવાની અને જમવા માટે રસોઈ બનાવવાની સુચના શેઠાણીને આપી.

આખા ગામને નોતરા આપતાં ફરો છો ! તમારે ઠીક છે ચુલાના ધુમાડા મારે ખાવા પડે છે !!

લ્યો... હવે નોતરૂ આપી આવ્યા છો તે હવે કાંઇ ના પડાશે ? બોલો... શું રસોઈ બનાવવાની છે ? શેઠાણીએ મૂળ સ્વભાવ પ્રગટ કર્યો.

શેઠ બોલ્યા, "ઝાઝી રામાયણ કરવાની જરૂર નથી. જમવામાં શીરો, પુરી, ભજીયા અને એકાદ શાક બનાવી નાખજે.

શેઠાણીએ શીરો બનાવવાનું કામ ચાલુ કર્યું. અને શેઠ કામ પ્રસંગે બજારમાં ચાલ્યા ગયા.

શેઠ બે કલાકે બજારમાંથી ફરીને ઘરે પાછા આવ્યા અને જોયુ તો... શેઠાણી હજી શીરો હલાવતા હતા. શેઠ કહેવા લાગ્યા, "અરે...! હજી તું શું કરે છે ? ૧૫ મિનિટમાં શીરો બની જાય તેના બદલે બે-બે કલાકથી શીરો હલાવ્યા કરે છે ?"

પણ... બરાબર કઠણ થાય એટલે ઉતારૂ ને ? શેઠાનીએ જવાબ આપ્યો.

શેઠાણીની અણઆવડત અને વિચિત સ્વભાવ ઉપર

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

શેઠે વિચાર કર્યો, લાવને પહેલા શીરાનો સ્વાદ હું લઈ જોઉં, નહિતર મિત્રોમાં મારી આબરૂનું લીલામ થશે !

અને... શેઠ થાળી લઈ જમવા બેઠા. શીરામાં હાથ નાખ્યો ત્યાં તો બધા આંગળા ચીપકી ગયા. ગરમ–ગરમ શીરાથી બળ્યા એ નફામાં.

શેઠ કહે "આ... તે શીરો બનાવ્યો છે કે ગુંદ ?" મને ખબરજ હતી કે તને શીરો બનાવતા નહિ આવડે !"

હા... હા... બધુ તમને જ આવડે છે. બેસવુ તું ને ચૂલા ઉપર ? ગામની પંચાત કરવા શું કરવા ગયા હતા.

શેઠ શીરાનું કડાયુ લઇ શીરો ફેંકવા ઉભા થયા, ત્યાં શેઠાણીનું પોઇન્ટ ઓફ ઓડર થયો, હવે બેસો તમે, હું નાખી આવું છું.

મને જ જવા દેને માથાફોડ કર્યા વગર તને શીરો બનાવતા ન આવડયો તેમ નાખતાયે નહિ આવડે.

લાંબુ ભાગવત કરવાની જરૂર નથી બેસો ! અને... શેઠાણી શીરો લઇને ઉપડયા ફેંકવા. નીચે જવાને બદલે અગાશીમાં ગયા. નીચે નજર કર્યા વગર જ ઉંધુ ઘાલીને કડાયું ઉંધુ વાળ્યું.

શેઠની વાત ખરેખર સાચી પડી. શેઠાણીને શીરો નાખતા ન જ આવડયો.

કામ માટે કોઇ સરકારી અધિકારી સરદારજી ત્યાં આવ્યા



www.jaintatvagyanshala.org

હતાં અને નીચે ઉભા હતા. એવા ટાંણે શેઠાણીનો ગરમા-ગરમ શીરો નીચે પડતા સીધો સરદારજીની લાંબી દાડીમાં ભરાઇ ચોંટી ગયો.

ગરમાગરમ શીરો દાઢીમાં પડતાજ સરદારજીની દાઢી બળવા લાગી એટલે સરકારજીએ બુમાબુમ કરી મુકી.

"અબે.... કિસને ગરમ આટા ડાલા ! અરે.... મેરી દાઢી ઝલ ગઈ, પાની લાવ, પાની લાવ." સરદારજી પાણી માટે આમ-તેમ દોડવા લાગ્યા.

સરદારજીની બુમાબુમ સાંભળી શેઠ બાલ્કનીમાં આવ્યાને જોયુ તો સરદારજીની દાઢી શીરાથી ભરેલી હતી. ઘડીવાર તો શેઠનેય હસવુ આવી ગયુ ગણ પછી શેઠાણીની અક્કલ ઉપર રોવા લાગ્યા.

શેઠાણી નીચે આવતાજ શેઠ ઉધડો લેવા માંડયા જો.... નીચે તારા નામની હોળી સળગી એ ! મોટી અભિમાનનું પુંછડુ થઇને ફરે છે. મેં પહેલાથી કહ્યું હતુ કે તને શીરો બનાવતા નથી આવડયો તેમ ફેંકતા પણ નહિ આવડે.

ચલ હવે ? હું કહું તેમ કર ! નહિતર.... સરકારી અધિકારી સરદારજી કાંઈક આડુઅવળુ કરશે તો મારી આબરૂના રેવડીદાણા કરી નાખશે ગાંડી થઇને જેમ-તેમ બોલવા માંડ....

સરદારજી ધુંઆકુંઆ થતા ઉપર આવ્યા અને શેઠને ધમકાવવા લાગ્યા.

કયોં શેઠજી ? અક્કલ–બક્કલ કા કુછ ઠીકાના હૈ કી નહીં. બીના દેખે કુછ ન કુછ ડાલતે હી રહતે હો ?

અરે... સરદારજી ! ઐસા હમ વિવેકહીન નહીં હૈ, એ તો શેઠાણી થોડી પાગલ હૈ ઉસને યહ ભુલ કર દિયા હૈ, માફ કરના.

શેઠાણીનું પાગલપણુ જોઈ સરદારજી આગળ કશું બોલ્યા વગર ઉતરી ગયા.

જેને જીવન જીવી જાણતા નથી આવડયુ તેનું મરણ અસમાધિયુકત બને છે (મરતા પણ નથી આવડતું).

---

મહાપુરૂષો—તપસ્વી મહાત્માઓના જીવન
ખરેખર સંસારના પ્રત્યેક પ્રાણીઓ માટે
પ્રેરણાદાયક—ઉત્થાનગામી હોય છે.

---

# ખુદાની અજ્ઞાનતા

કુંભાર અને ઘાંચી બન્નેના ખોલડા સામસામા હતા કુંભાર પાસે આજીવીકાના સાધનરૂપે એક ગધેડો હતો તેના દ્વારા પેટપુરતી કમાણી થાય અને ખાઈ પીને સંતોષથી રહે. આખો દિવસ આનંદથી રહે, મુખ ઉપર લેશમાત્ર ચિંતા નહિં.

સામેના ખોલડામાં રહેતો ઘાંચી મહા લોભિયો હતો. કોઇને સુખી જોઈ ઇર્ષાથી બળી મરે ન ભરપેટ ખાય કે ન પુરી ઉંઘ કરે.

મસ્ત અને આનંદી કુંભારને જોઇને બળીને ખાખ થતાં ઘાંચીએ એક દિવસ નમાજમાં ખુદાની બંદગી કરી યા...અલ્લાહ ! યા ખુદા ! આ કુંભારના ગધેડાને તું ઉપાડી લે, એટલે એની અકડાઈ ઓછી થાય અને ઠેકાણે આવે.

બીજા દિવસની સવાર થતાંજ કરેલી પ્રાર્થના ફળી. અને...ઘાંચીનો બળદ મરી ગયો.

બળદને મરેલો જોઈ ઘાંચી ખુદાની અજ્ઞાનતા પર માથુ કુટતા બોલ્યો, 'અરે... જુવો તો ખરા ! ખુદા આટલા દિવસોથી ખુદાઈ ભોગવે છે પણ જ્ઞાનથી બારગાઉનું છેટુ લાગે છે. ગધેડો કોને કહેવાય કે બળદ કોને કહેવાય એટલું પણ સમજી શકતા નથી.'

મેં ગધેડાને મારવાની પ્રાર્થના કરી અને ખુદા બળદને ઉપાડી ગયા. હાય...રે... આતો મારૂ આજવિકાનું સાધન ચાલ્યું ગયું.

ઈર્ષાની આગમાં બળતા અજ્ઞાની માણુસો બધાને અજ્ઞાની સમજતા હોય છે અને બીજાનું ખરાબ કરવાના પ્રયત્નોમાં પોતાનું ખરાબ થતાં હાયવોય કરતા હોય છે. કહેવત ખરે-ખર સત્ય છે કે "ખાડો ખોદે તે પડે."

બીજાની મહેલાતો જોઇને નિઃશ્વાસ નાખવા કરતાં આપણે જે સ્થિતિમાં હોઇએ તેમાં રહી આનંદ માણવો જોઈએ કારણ કે આપણી પાસે જે વસ્તુ ન હોય તેની ઇચ્છા કરવાથી આપણી પાસે જે વસ્તુ પડી હોય તેનું સુખ પણ ઉડી જાય છે.

# સોબતની અસર

જંગલમાંથી એક પારધીએ બે પોપટના બચ્ચા પકડ્યા, અને ગામમાં આવી એક બચ્ચુ શેઠના ઘરે વેચ્યું અને બીજુ બચ્ચુ વાઘરીના ઘરે વેચ્યું. શેઠના ઘરનો પોપટ સારા વચનો બોલતા શીખ્યો.

એક વખત નગરનો રાજા શેઠના ઘર પાસે થઈ ને જઈ રહ્યો હતો ત્યારે શેઠતો પોપટ બોલવા લાગ્યો.

પધારો–પધારો આપના દર્શનથી આનંદ થયો.

નગરની બહાર નીકળતા કોટ પાસે વાઘરીનું ઘર હતું. રાજાને જતો જોઈ તેનો પોપટ બોલવા માંડ્યા

સાલા ! લુચ્ચા ! લબાડ ! ચોર ! બહાર જા...

આમ બન્ને પોપટના વિચિત્ર વાક્યો સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. બાદમાં તપાસ કરતા જાણવા મલ્યું કે બન્ને એકજ પોપટના બચ્ચા-ભાઈ–ભાઈ છે.

રાજા મનોમન બોલી ઉઠયો ! ખરેખર સોબત તેવી અસર જીવ ઉપર પડે છે.

# કરવું હોય તો કરી લે

એક માણસ સ્નાન કરવાની ઇચ્છાથી સમુદ્ર કિનારે ઉભો હતો. ઘણો ટાઈમ થવા છતાં તે એમને એમ ઉભો રહેલો હોવાથી નજીકના એક ભાઇએ પુછ્યું "શું વિચાર કરી રહ્યા છો ?"

પેલા માણસે કહ્યું "સ્નાન કરવાની ઇચ્છાથી ઉભો છું પણ આ સમુદ્રના મોજા શાન્ત પડે એટલે સ્નાન કરીને ચાલ્યો જાઉં."

ત્યારે તે ભાઈએ હસીને કહ્યું "ભલા માણસ ! સાગરના મોજા કાંઈ શાન્ત પડવાના નથી. માટે તારે જે કામ કરવું હોય તે કરી લે. આમ ઉભા રહીને રાહ જોવાથી તારૂ કાર્ય નહિ થાય."

માણસ મનમાં વિચારતો હોય છે કે હજુ ઘણી જીન્દગી બાકી છે. પ્રભુભક્તિ પછી કરીશું, અત્યારે તો સંસારનું સુખ માણવા દે. પણ તેને ક્યાં ખબર છે કે આ તોફાની દુનીયામાંથી ક્યારે વિદાય લેવી.

માટે આવેલી તકને ઝડપી લેવામાં લાભ છે.

# ગધેડો અને બળદ

લક્ષ્મીના લોભણાં બે પંડીતજી એક ધનવાન ગૃહસ્થને ત્યાં ગયા.

તેમાં એક પંડીતજી મોઢુ ધોવા ગયા ત્યારે શેઠે બીજા પંડીતજીને પુછ્યું આપની સાથેના પેલા પંડીતજી બહુ વિદ્વાન લાગે છે ?

શું કહ્યું શેઠ ? એ વિદ્વાન છે એમ કહો છો ? અરે વિદ્વાન શેનો. ગધેડો છે ગધેડો ! શેઠ મૌન રહ્યા.

પેલા પંડીતજી આવી ગયા પછી આ પંડીતજી મોઢુ ધોવા ગયા ત્યારે પહેલા પંડીતજી વિષે આ પંડીતજીને શેઠે પુછ્યું.

કેમ પંડીતજી. ઓલા મોઢુ ધોવા ગયેલા પંડીતજી તો ખૂબજ શાસ્ત્રના જાણકાર લાગે છે ?

અરે......શેઠ શું બોલ્યા ? એ તો અક્કલનો ઓથમીર બળદીયો છે બળદીયો.

બન્નેની વાત શેઠે સાંભળી, ત્યારપછી બન્ને પંડીતો જમવા બેઠા, એટલે શેઠે એક પંડીતજીના ભાણામાં ઘાસ પીરસ્યુ અને બીજાના ભાણામાં ભુંસુ મુકયું

શેઠના આવા વર્તાવથી બન્ને પંડીતો હેબતાઈજ ગયા અને પુછ્યું શેઠ ! ભોજનના બદલે આ શું પીરસ્યું ?

કેમ વળી ? તમે તમારા બન્નેનો પરિચય કરાવ્યા તે મુજબ ભોજન પીરસ્યુ છે. માટે જમી લ્યો; અને...પંડીતો શરમાઈ ગયા.

# અદેખાઈ

અમથાલાલ શેઠની પત્ની ખુબ અદેખાઇ વૃત્તિવાળી હતી. ઘરની ચીજ–વસ્તુ પોતે વાપરે પણ નહિ. વાપરવા દે પણ નહિ. ઘરમાં મહેમાન આવે તો ગમે પણ નહિ.

એક દિવસ શેઠના ઘરે પાંચ પરોણા આવ્યા. આગતા–સ્વાગતા કરી ૧૫ મિનીટમાં આવવાનું કહી કામ પ્રસંગે શેઠ બહાર ગયા.

આ તરફ શેઠાણી ચુલામાં પાંચ તાવીતા ગરમ કરવા મુકીને રડવા લાગી. મહેમાનોએ રડવાનું કારણ પુછતાં શેઠાણીએ કહ્યું "ભાઈ મને તમારી ખુબ દયા આવે છે. રે... ભગવાન તમારૂં શું થશે ?

પણ વાત તો કરો કે શાની દયા આવે છે ?

અરે શું કહું ? શેઠ કહેતા ગયા છે કે પાંચ તાવીતા ગરમ કરી રાખજે જમી લીધા પછી મહેમાનને ડામ દેવાના છે.

મહેમાનો તો ગભરાઇને જમ્યા વગરજ ગામ બહાર નાસી ગયા.

થોડી વારમાં શેઠ પાછા આવ્યા. મહેમાન નહિ જોતા પુછયું મહેમાન કયાં ? શેઠાણીએ કહ્યું નાસી ગયા. કેમ ?



www.jaintatvagyanshala.org

શેઠાણીએ કહ્યું, "મહેમાને તાવીતા ગરમ કરવાનું કહ્યું. મેં ના પાડી એટલે રીસાઇને ભાગી ગયા હશે !"

શેઠ તો હાથમાં તાવીતા લઈને મહેમાનને બોલાવવા દોડ્યા. ભાગોળે ઉભેલા મહેમાને શેઠને આવતા જોઈને ડરના માર્યા દોડવા લાગ્યા કે રખે ડામ દઈ દે.

શેઠે બુમ મારી. એ ઉભા રહો, તાવીતા લાવ્યો છું. પણ મહેમાન શાના ઉભા રહે. શેઠ થાકીને ઘેર પાછા ફર્યા ત્યારે જાણવા મલ્યું કે શેઠાણીએ ઉંધુ બાફ્યુ છે, તેના આ કારસ્તાન છે. હલકા સ્વભાવવાળા માણસો પોતાની હલકાઇ છોડતા નથી. આ કારણે અંતમાં દુઃખમાં આવી પડે છે.

જીવ પોતાની મોટાઈમાં, અભિમાનમાં, ઇચ્છાપૂર્તિઓ માટે સુખની સગવડતા ખાતર એવું તો પાપાચણ આચરી લે છે કે જેને ભોગવવાના સમયે પારાવાર વેદનાને આધિન થવું પડે છે.

# સલાહ

સૈનિક, બ્રાહ્મણ, પ્રવાસી અને તેલી આ ચારે જણા એક રાજકુમારના મિત્ર હતા. પિતા અવસાન પછી રાજકુમાર રાજા બન્યો અને રાજગાદીએ આરૂઢ થયો. ત્યારે પેલા ચારે મિત્રોને મંત્રી બનાવ્યા.

થોડો વખત તો બરાબર ચાલ્યુ પણ એક દિવસ સંકટ આવી પડયું. આજુબાજુના રાજાઓ સંપ કરી ચઢી આવ્યા અને આ રાજાના નગરને ઘેરી લીધું.

રાજાએ પોતાના ચારે મંત્રીઓને બોલાવી તેમની સલાહ માંગી ત્યારે સૈનિક મંત્રીએ સલાહ આપતા જણાવ્યું આપણે હવે યુદ્ધનો પ્રારંભ કરી શત્રુઓને હરાવવા જોઇએ. બ્રાહ્મણ મંત્રી બોલ્યો અરે.... યુદ્ધ કરી લોહીની નદીઓ વહેવડાવવા કરતાં સુલેહ કરી નાખોને ?

પ્રવાસી મંત્રી કહેવા લાગ્યો ઉતાવળ શા માટે કરો છો. ઉંટ કઈ બાજુએ ઢળે છે. તે જોઈએ પછી બીજી વાત.

તૈલીએ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું, ગભરાવ નહી તેલ જુઓ તેલની ધાર જુઓ પછી બધુ થઈ પડશે. આ રીતે ચારે મંત્રીઓ પોતાના જાતી સ્વભાવે સલાહ આપવા લાગ્યા.

જેવા પ્રકારની જાત હોય તેવા પ્રકારની સલાહ માણસ આપે છે, અને તેનો જાતીસ્વભાવ છુપાયા-વિના રહેતો નથી.

# પ્રાકૃતિક સૌંદર્ય અને પ્રકૃતિનું

## ( માનસિક સ્ફુરણા )

શીયાળાની એ દિવસની રાત્રે ઠંડા પવનના સુસવાટા સાથે કડકડતી ઠંડી પડી હતી. સવારનો સૂર્યોદય થઈ જવા છતાં પણ થીજીને જડ જેવા બની ગયેલા શરીરના અંગોમાં ચેતના આવતી ન હતી, અને આખી રાત ઘરમાં ટુંટીયુ-વાળીને પડી રહ્યા પછી ઘરના આંગણમાં સૂર્યની આ તાપના લેવા બેઠા છતાં સુસ્ત શરીર સ્ફુર્તિથી મસ્ત બન્યું ન હતું.

પર્વતની ગોદમાં આવેલા એ ગામની શાળા પર્વતની ખીણના ઢોળાવ ઉપર હતી. જમી પરવારીને ઢોળાવ પાસે જતાં ત્યાંના પ્રાકૃતિક સૌંદર્યને જોઈ આંખોમાં આનંદ છલકાઈ ઉઠયો.

ચારે તરફ પર્વતમાળાની વચ્ચે ખીણના વિશાળ ખુલ્લા મેદાનમાં ઘટાદાર ઘેઘુરો વડલો ઉભો હતો. ચરવા નીકળેલા ઢોરઢાંખર મધ્યાહ્ન પછી વડની છાયામાં કેટલા બેઠા બેઠા તો કેટલા ઉભા ઉભા ચરેલા ચારાને વાગોળી રહ્યા હતા ઢોરને ચરવા લઈ નીકળેલો ભરવાડ વડના થડને અઢેલીને નાની બંસરી વગાડી રહ્યો હતો. બંસરીસાંથી નીકળતા સુમધુર સ્વરો ખીણને હસાવી રહ્યા હતા.

પ્રાકૃતિક સૌંદર્ય એટલું તો સુંદર અને આલ્હાદક હતું કે ત્યાં વિહરણ કરવાવાળો માનવી આખા જગતને

ભુલી જઈ અંતરની દુનિયામાં ખોવાઈ જાય અને ક્યારેય ન માણેલા આણંદ, શાન્તિ મેળવવા સમર્થ બને છે.

પ્રાકૃતિક સૌંદર્યની જેમ પ્રકૃતિ સૌંદર્ય જરાય ઉતરતું નથી. પ્રકૃતિમાં એટલીજ સૌંદર્યતા ભરાયેલી પડી છે, કે જે સૌંદર્યતા આત્માની નિર્મળતાનું સર્જન કરી દેવા શકિતમાન છે.

જેમ ચારે તરફ પુરબહાર ખીલી ઉઠેલ મંદ મંદ પવનમાં નાચી રહેલી વનરાજી અચાનક દવ લાગતાં બધી જ સૌંદર્યતા ભસ્મીભૂત થઈ વેરાન જંગલ બની જાય છે, કિલ્લોલ કરતાં પક્ષિઓ વિશ્રામ લેતા પશુઓ પણ અદશ્ય થઈ જાય છે.

તેમ પ્રકૃતિમાં મલિનતા પ્રવેશ કરે છે ત્યારે પ્રકૃતિની સૌંદર્યતા નાશ પામે છે. પ્રકૃતિ વિકૃતિ બની જાય છે અને વિકૃતિના વાયુ નંદનવનસમા જીવન ઉપર ઘેરી અસર પહોંચાડનારા બને છે.

જે જીવન દ્વારા પોતાને અને પરને સુવાસમય બનાવવાની પ્રવૃત્તિ કરવાની છે એજ જીવન જો મલિન ભાવના અને આચાર વિચારની બદબુથી ખદબદી ઉઠે તો એ જીવન બોજારૂપ અને નિરર્થક બની જાય છે.

પ્રાકૃતિક સુંદરતાની સાથે પ્રકૃતિની સુંદરતા જો ભળી જાય તો એનો અનહદ આનંદ અનવર્ણીય બની જાય છે અને મૂલ્યવાન માનવ જીવન મહેકી ઉઠે છે.


www.jaintatvagyanshala.org

# ઈર્ષ્યા

બીલમાં રહેલાં સર્પે એકવાર ઉદરસ્થ સર્પને કહ્યું, ‘અરે નગુણાં, જેણે તને શાંતિને માટે પોતાના ઉદરમાં સ્થાન આપ્યું તેને હવે તું અશાંતિ આપી રહ્યો છે ? માનવીના ઉદરને છોડવાની વાત જ કરતો નથી ? અત્યારે કોઈ સાંભળનાર હોય અને આ માનવીને તેલમાં ઉકાળી ઝેર કોચલા આપવામાં આવે તો તારી શાન ઠેકાણે આવે.’ નિદ્રિત અવસ્થામાં પડેલા માનવીના ઉદરમાં રહેલા સર્પે જ્યારે આ હકીકત સાંભળી ત્યારે ગર્જના કરતો બોલ્યો, ‘મને શિખામણમાં શબ્દ કહેનાર તું તારા જીવન તરફ તો જરા નજર કર. વિના પ્રયોજને અખુટ સંપત્તિ પર શા કારણે સ્વામીત્વ ધરાવી રહ્યો છે ? મારું વાક્ય જો કોઈ અત્યારે સાંભળનાર હોય તો તારા બીલમાં કળકળતું તેલ મૂકે પછી તારી ખબર પડે. તું પંચત્વને પામે અને તેલ મુકનારને અખુટ સંપત્તિ પ્રાપ્ત થાય.’ બન્ને સર્પો ઈર્ષાને વશ થઈ પરસ્પરના મૃત્યુના માર્ગો નિવેદિત કર્યા પોતાના સ્વામીના શરીરની વ્યાધિથી ચિંતામગ્ન બનેલી જાગ્રત નારીએ સર્પના વિવાદને સાંભળી તે પ્રમાણે કાર્ય કર્યું બન્ને સર્પો મરણ પામ્યા. સ્વામીનો રોગ દૂર થયો. અખુટ સંપત્તિ પ્રાપ્ત થઈ. ઈર્ષ્યા-અદેખાઈમાં અંધ બનેલો માનવી પરસ્પરના છિદ્રો પ્રગટ કરી સર્પની જેમ અકાળે મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે. એટલેજ તેને નરાધમ કહ્યો છે.

# નસીબની બલીહારી

બ્રાહ્મણની અત્યન્ત ગરીબ સ્થિતિ જોઇને કોઈ સિદ્ધ-પુરૂષે બ્રાહ્મણ એની પત્નિ તથા પુત્રને એક એક વરદાન આપ્યું. અને ગમે ત્યારે એ ત્રણે જણ એ વરદાનનો ઉપયોગ કરે. એક દિવસ બ્રાહ્મણ ગામમાં ભીક્ષા લેવા ગયો ત્યારે બ્રાહ્મણીએ વિચાર કર્યો. આ ગરીબ સ્થિતિમાં રહેવું એની કરતાં કોઈ રાજાની રાણી બની જાઉં તો કેવું સારૂં. વિચાર કરીને એણે મનોગત કહ્યું, 'હે ભગવાન ! મને આપેલું વરદાન હું એ માગું છું કે મારો આ કંગાલ વેશ જતો રહે અને હું સાક્ષાત ઇંદ્રાણી જેવી બની જાઉં.' કહેતાંની સાથે બ્રાહ્મણી ઇંદ્રાણી જેવી સ્વરૂપમાન અને અલંકારોથી શોભવા લાગી એવામાં ત્યાંથી પસાર થતાં રાજાની દૃષ્ટિ એના ઉપર પડી. જરા પણ વિલંબ કર્યા વિના રાજા પોતાના ઘોડા ઉપર નાખી રાજ મહેલમાં લઈ ગયો.

ભીક્ષા માગી બ્રાહ્મણ ઘેર આવતા જ ખબર પડી. બ્રાહ્મણ ઘણો ગુસ્સે થઈ ગયો. અને ગુસ્સામાં ને ગુસ્સામાં બોલ્યો, 'હે ભગવાન મારૂં વરદાન હું એ માગુ છું કે મારી સ્ત્રી જ્યાં હોય ત્યાં ભુંડણ થઈ જાય. આ શબ્દોનો ઉચ્ચાર થતાં જ ઇંદ્રાણી જેવી બ્રાહ્મણી રાજના અંતઃપુરમાં ભુંડણ બની ગઈ. અને ચકિત બનેલા રાજાએ રાજમહેલમાંથી હાંકી કાઢી.

ભુંડણ બનેલી બ્રાહ્મણી ઘેર આવી પોતાની માતાનું કુરૂપ તથા ભુંડણના વેશમાં જોતાં જ છોકરાને ઘણું જ દુઃખ થયું.

એ બોલી ઉઠયો, 'હે ભગવાન ! મને આપેલું વરદાન હું એ માગુ છું કે ભુંડણના રૂપમાં રહેલી મારી માતા પોતાના સ્વરૂપમાં આવી જાય.' આ શબ્દ બોલતાં ભુંડણ વિપ્ર પત્નિ પોતાના અસલ સ્વરૂપમાં આવી ગઈ.

એક દિવસ સિદ્ધપુરૂષ ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યા અને બધાને એની ગરીબ હાલત જોતાં કહ્યું માગીલોને ત્રણ વરદાન. શા માટે આ ગરીબીમાં પડયાં રહો છો ? પેલા નિર્ધન બ્રાહ્મણે માંડીને બધી કથા કહી ત્યારે સિદ્ધપુરૂષને લાગ્યું કે સાચે જ નશીબની બલીહારી અજબ છે.

પ્રકૃતિમાં રહેલી વિકૃતિજ વ્યકિતને અશુદ્ધ બનાવે છે જ્યાં સુધી અશુદ્ધિ છે ત્યાં સુધી સિદ્ધ બની શકાતું નથી.

# રાગ

એક હતો બાવો. બધા એને ખાખી બાવો કહેતા. અને હતો પણ ખાખી. કોઇ વાતની એને ચિન્તા નહિ. રોજ એક ટંક જમી લેવાનું. ન મળે કોઈ વ્યસન કે ન મળે કોઈ મમતા.

પણ કોણ જાણે આવા બાવાજી ઉપર પણ કર્મનો શાથી દાઝ ચડી ? એમના કયા ગુન્હાએ બાવાજીને બાવાજી મટાડી દીધા !

વાત એમ બની કે એક દિવસ એક ભક્તના ભારે આગ્રહને વશ થઇનો બાવાજી જમવા ગયા. ભકતે મધ જેવી મીઠી કઢી અને પુરીનું ભોજન કરાવ્યું. બાવાજીના તાળવે કઢીનો સ્વાદ ચોંટી ગયો.

જેણે પકવાન્નોની તરફ પણ મીઠી નજર કદી કરી ન હતી એ બાવાજી મીઠી કઢીમાં મોહાઈ પડ્યા !

પછી તો જમવા માટે જે ભક્ત આમંત્રણ દેવા આવે તેની સાથે મીઠી કઢી બનાવવાનો બાવાજી કરાર કરી લેવા લાગ્યા.

કેટલાક દિવસ આમ ચાલ્યું હવે લોકો ખાખી બાવા કહેવાને બદલે કઢીવાળા બાવાજી કહીને બોલાવવા લાગ્યા. આખાય સંસારનો ત્યાગ કરનારા બાવાજી કઢીના વાટકામાં ભૂસકો મારીને ડુબી ગયા ! આખો હાથી નીકળી ગયો !

અને પૂંછડું જ અટકી ગયું ! સાગરનો તરવૈયો ખાબોચિયામાં ડુબી મૂઓ !

એક દિવસ એવો આવી લાગ્યો કે બાવાજીને ભોજનનું આમંત્રમ જ ન મળ્યું. આખા દિવસનો ઉપવાસ થઈ ગયો. રાત પડી. આજે બાવાજીને કેમે કરીને ઉંઘ આવતી જ નથી. શેની આવે ? બાવાજી વિચારે ચડયા. ભવ્ય ભૂતકાળ યાદ આવ્યો. અને ભેંકાર બનેલો વર્તમાનકાળ યાદ કર્યો ગમે તેમ તો ય એ વર્ષોના ખાખી બાવા હતા. એ સંસ્કારોએ જ એમને બચાવી લીધા.

કઢીના રાગે એમના જીવનનું કેવું ધનોતપનોત કાઢી નાખ્યું ? એ વાત એમની આંખ સામે તરવરવા લાગી. બાવાજીની આંખમાંથી દડદડ આંસુ વહી જવા લાગ્યા અહો ! હું ખાખી બાવો પણ મટી ગયો.

રાત્રિના બાર વાગી ગયા, બાવાજીનો પશ્ચાતાપ આકાશને આંબ્યો. મનોમન એક સંકલ્પ કરી લીધો.

બીજા દિવસની વાત છે. અગિયાર વાગતા બાવાજી એ જ ભક્તના ઘરે જઈ ચડયા જ્યા કઢીનો મીઠો રસ તાળવે ચોંટી ગયો હતો.

સામે ચડીને, લાજ મૂકીને બાવાજીએ પોતાના એ પુરાણા ભક્તને તપેલી ભરીને મીઠી કઢી બનાવવાનો આદેશ કર્યો. કમને પણ ભકતે કઢી બનાવી. બાવાજી જમવા બેઠા. બીજું શું જમવું ? માત્ર કઢી જ પીવી હતી ને ? બાજુમાં જ ખાલી ડોલ તૈયાર રખાવી. બાવાજી કઢી પીતા જ ગયા..

એક.... બે.... ત્રણ... ચાર... પાંચ.... છ વાટકા પી ગયા. વળી એક વાટકો ચડાવ્યો. ધડ કરતીકને ઉલટી થઈ. ડોલ તૈયાર હતી. એ ઉલટી નાંખી કઢીની તપેલીમાં. ફરી ગંદી કઢી પીવા લાગ્યા. ફરી ઉલટી. બાવાજી ગાલ ઉપર તમાચા દેતા જાય છે અને બોલતા જાય છે. 'હરામખોર જીભ ! નથી પીવી કે કઢી ? બહુ ભાવે છે તો પીવી જ પડશે. તેં તો મારૂં જીવન બરબાદ કરી નાખ્યું. બાવાનો બાવો મટાડી દીધો ! હવે નહિ છોડું. લે પી, પીવી જ પડશે.' ફરી કઢી... ફરી ઉલટી... ફરી કઢી... ફરી ઉલટી. યજમાનજી વચ્ચે પડયા. કઢીનો પ્રેમ સદા માટે ચાલ્યો ગયો. બાવાજી ફરી બાવાજી બની ગયા.

અને આત્મધ્યાનમાં લીન બન્યા.

જીવનને સંકેલવું ને વેડફવું સહેલ છે
પણ જાળવવું અને સાચવવું મુશ્કેલ છે



www.jaintatvagyanshala.org

# સુગંધ—દુર્ગંધ

એક માછીમાર બાઈ માછલીઓ વેચીને પોતાના ગામ તરફ આવી રહી હતી. પાછા વળતા મોડુ થવાના કારણે રસ્તામાંજ રાત પડી ગઈ. ગામના બહાર બગીચા પાસે આવીને વિચાર કર્યો કે રાત આ બાગમાં રહી જઉં.

માછણે બગીચાના માળીની રજા માગી ત્યારે માળીએ પણ રજા આપી, થોડા સુગંધી ફુલો આપ્યા, માછણ પથારીમા સુઇ ગઈ, પરંતુ પુષ્પોની સુગંધને લઇને તેને બીલકુલ ઉંઘ ન આવી.

આમતેમ પડખા ફેરવતા તેને વિચાર આવ્યો અને તરતજ માછલાવાળા ખાલી ટોપલામાં પાણી છાટયું. પાણી છાંટવાથી દુર્ગંધી ટોપલામાંથી વધારે દુર્ગંધ આવવા લાગી અને એ ટોપલો નાક પાસે રાખી સુઈ ગઈ, સુતાની સાથેજ ઘસઘસાટ ઉંઘ આવી ગઈ.

જન્મથીજ હલકા સંયોગવાળા માણસોને સારા સંયોગમાં આવવાની ઇચ્છાજ થતી નથી.



# હીરો અને ધુળ

પતિપત્ની બન્ને ભણેલાં-ગણેલાં હતા, સંસાર-ઉપર મોહ, માયા જેવું હતું નહિ એટલે ઘરનો ત્યાગ કરી જંગલમાં ઝુપડી બાંધી રહેવા લાગ્યા.

એક દિવસ પતિ સ્નાન કરીને પાછો ફરી રહ્યો હતો, ત્યારે રસ્તામાં એક હીરો પડેલો જોયો, અને....વિચાર્યું કે આ હીરો અમારે માટે નકામો છે. પરંતુ મારી સ્ત્રીની નજરમાં કદાચ આ હીરો ચઢી જાય અને લઈ લેવાનું મન થાય, તેથી આમ ન બને તે માટે તેના ઉપર ધુળ નાખી દઉં ! અને... હીરો ધુળ નીચે દબાવી દીધો.

તેટલામાં પાછળ પત્ની આવી પહોંચી, અને પુછયું "શું કરો છો ?"

એ તો અહિં પડેલા હીરા ઉપર ધુળ નાખતો હતો ! ! શા માટે ?........

મને થયું કે હીરો જોઈ તું મોહ પામીશ અને લઈ લઈશ......રે.......! જંગલમાં વસીએ છીએ શા માટે ?

તમે હીરાને અને ધુળને ભિન્ન માનો છો ? પણ મારે મન તો બન્ને ધુળજ છે........

# પરિશ્રમ

સુથાર, રબારી, રાજપુત અને બ્રાહ્મણ ચારે પરમાત્રો હતા. ચારે મિત્રો પરગામ જવા નિકળ્યા. ગામ જતાંજતાં રસ્તામાં એક ઝાડની છાયામાં બેઠેલા મહાત્માને જોયા, અને ચારે જણા મહાત્માની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા.

સેવાથી પ્રસન્ન બનીને મહાત્માએ કહ્યું, "મારા અહિંથી ગયા બાદ એક વૃક્ષ ઉગી નિકળશે, તે વૃક્ષની નીચે ઉભા રહીને તમે જે ઇચ્છા કરશો તે વૃક્ષ તમને આપશે.

મહાત્મા તો ત્યાંથી ચાલી ગયા. તેમના કહેવા પ્રમાણે ત્યાં એક મોટું વૃક્ષ ઉગી નિકળ્યું, અને ચારે જણા વૃક્ષ નીચે ઉભા રહી બ્રાહ્મણે લાડુની, રાજપુપે ઘોડીની, રબારીએ ભેંસની અને સુથારે ફરસીની ઇચ્છા મુજબ બધાને મળી ગયું, પણ સુથારની ફરસી નીચે ન આવતાં ઝાડ ઉપરજ લટકી રવી.

ત્યારે ત્રણે મિત્રોએ કહ્યું, જા, ઉપર જઈ ને લઈ આવ.... સુથારે કહ્યું એવી મહેનત કોણ કરે ? હું ઇચ્છું છું કે ફરસી એની મેળેજ નીચે પડે ! !

અને વૃક્ષના પ્રભાવથી ડાળી ઉપર લટકતી ફરસી નીચે પડી. ઝાડ નીચેજ સુથાર ઉભેલો હોવાથી ફરસી સીધી તેના માથા ઉપર પર અને માથાના બે ફાડ થઈ ગયા, નેં ત્યાંજ મરણ પામ્યો.

પરિશ્રમ કર્યા વિના કોઈપણ વસ્તુની ઇચ્છા કરવી તે પામરતા છે. *

# નિઃસ્પૃહતા

એક યોગી ફરતાં ફરતાં એક ગામ નજીકના જંગલમાં આવ્યા. યોગી નિઃસ્પૃહ હતા. જે કાંઈ ખોરાક મળે તેનાથી સંતોષ માનતા હતા.

તે ગામમમાં એક ધનિક રહેતો હતો. પણ... હતો મખ્ખીચુસ. તેની પત્ની ઉદ્દાતા ભાવનાવાળી અને દિલાવર હતી.

ગામ બહાર યોગી પધાર્યાની વાત સાંભળતા તેમને પાક સીધું મોકલાવવાની ઈચ્છા થઈ. શેઠ ઘરે આવ્યા ત્યારે શેઠાણીએ યોગીને પાકુ સીધું મોકલાવવાની ઈચ્છા વ્યક્ત કરી.

ત્યારે શેઠ બોલ્યા અરે ! યોગીને પાકા સીધાની શું જરૂર છે ? તેમને તો સામાન્ય ભોજન બનાવી શકે તેવું જ સીધું યોગ્ય છે.

પણ....શેઠાણીના ઘણા આગ્રહથી શેંઠ પાકુસીધું નોકર પાસે ઉપડાવી જંગલ તરફ ચાલી નિળ્યા. અને સંત પાસે આવી પહોંચ્યા. યોગીને કોઈનીય પડી ન હોય તેમ મસ્ત બની ધ્યાનમાં બેઠા હતા.

શેઠે નમસ્કાર કરી સીધું યોગી સામે મુકયું. યોગી સીધા સામે જોઈ બોલ્યા.... "બેટા, આજે તો રોટલો-શાક મળી ગયા છે. હવે સીધા-બીધાની જરૂરી નથી. પાછું લઈ જાવ."

અરે... મહારાજ ! સીધું પાકું છે, કાલે પણ ચાલશે, બગડશે નહિ, રાખી લ્યો !

બેટા ! "કાચું–પાકું મારે મન સમાન છે. કાલની હું ચિન્તા કરતો નથી ! માટેજ હું મસ્ત બની રહી શકું છું. સીધાનો સંગ્રહ મારા જીવનનો સરવાળો–બાદબાકી ન કરે માટે આ સીધું પાછું લઈ જા."

વ્યાખ્યાનમાં સારા કર્મો કરવાવાળા, પાપકર્મો, નીંદા, ઈર્ષ્યા કરવાવાળા એમ દરેક પ્રકારના શ્રોતાઓ આવે છે, એ સર્વની તરફ નજર નાખ્યા સિવાય મારે માટે શું ગ્રહણ કરવા યોગ્ય છે ? એ ધ્યાન આપે તોજ વ્યાખ્યાન શ્રવણ યથાર્થ થશે.



www.jaintatvagyanshala.org

# મિથ્યાભિમાન

શેઠે હમણાં જ લગ્ન કર્યું હતું. નવી સ્ત્રી હજુ પરિપક્વ ન હતી અને શેઠના ઘરમાં બીજુ કોઈ હતું નહિ. તેથી શેઠે બાજુમાં રહેતા મંગુડોશીને કહ્યું "માજી ! ઘરમાં અમારા બે સિવાય કોઈ નથી. એટલે મારી પત્નીની સંભાળ રાખવી, ન આવડે તે શીખવવું"

જે કાંઈ ન આવડતું હોય તે પાડોશી માજી પાસેથી શીખવાની સલાહ શેઠે સ્ત્રીને પણ આપી.

શેઠની સ્ત્રી અભિમાની હતી. ન આવડતું ડોશીને પુછવા જાય. ડોશી બતાવી રહે પછી બોલે ઓહો....હો....આ તો મને આવડતુંજ હતું. મારા ઘરે હું શીખેલીજ હતી.

હર વખત આમ કહેવાથી ડોશીને ખીજ ચઢી, મનમાં ગાંઠ વાળી, એક દિવસ શેઠને ત્યાં મહેમાન આવ્યા. શેઠે શેઠાણીને દુધપાક બનાવવાનું જણાવ્યું. દુધપાક બનાવતો નહિ આવડવાના કારણે સ્ત્રી ડોશીને પુછવા ગઈ. ડોશીએ પણ લાગ જોઈને તેની અવળચંડાઈ ભુલાવવા કહ્યું, "દુધપાક બનાવવો હોય ત્યારે પહેલા દુધને ઉકાળવું, પછી મુઠીભર મીઠુ નાખવું, ત્યાર બાદ તેનો વઘાર કરવો."

અભિમાનથી સ્ત્રી બોલી....એ તો મને આવડતોજ હતો, શેઠાણીએ ડોશીની સુચના મુજબ દુધપાક તૈયાર કર્યો, મહેમાનને પુરી-શાક પછી દુધપાક પીરસ્યો ને....શેઠના તો

ડોળાજ ફાટી ગયા. આ શું ? શેઠે પુછ્યું, કેમ વળી દુધપાક છે ! શેઠાણીએ કહ્યું મને ડોશીમાએ કહ્યું એમ મેં કર્યું....!

શેઠ ડોશી પાસે જઈને બોલ્યા "માજી ! તમે તો મારૂ નાક કપાવ્યું !!

તે...કપાય ! તારી સ્ત્રીજ છે એવી. જ્યારે હું કાંઈ બતાવું ત્યારે કહે એ તો મને આવડતુ હતું !....શેઠ સમજી ગયા. મિથ્યાભિમાન દુઃખનું કારણ છે.

---

સ્નેહના બંધનો બાંધતી વખતે એના આનંદમાં જીવ સર્વ ભુલી જાય છે અને એના વિયોગમાં સ્નેહબંધનો બાંધતી વખતે ભુલી જવાયેલા સર્વ પદાર્થો ઉપર નફરત ઉત્પન્ન થાય છે અને જન્મ પામેલી નફરત એના જીવનને નફ્ફટ બનાવવા સુધી ખેંચી જાય છે.

---



www.jaintatvagyanshala.org

# શિખામણ

એક શેઠને ચાર પુત્રો હતા. ચારે પરણેલા હતા. ભાગ્ય-યોગે મોટા પુત્રની વહુ અને નાનો પુત્ર મરણ પામ્યા. ત્યારબાદ નાના દિકરાની વહુએ મોટા દીકરા સાથે ઘર માંડયું.

બાજુમાં રહેતી એક સજ્જન બાઈ આવો અજુગતો બનાવ જોઈ નાના પુત્રની વહુને શીખામણ દેવા આવી, ત્યારે જવાબમાં તેણીએ કહ્યું, "અરે ! જુઓ તો ખરા મોટા શીખામણ દેવા નીકળી પડયા છે ? વળી મેં ખોટુ પણ શું કર્યું છે ? નાત–જાત એની એ, સાસુ–સસરા, જેઠ–જેઠાણી, નણંદ બધું એનું એ ફક્ત પતિનો પાટલો બદલ્યો એમાં અઘટિત શું થઈ ગયું એજ સમજાતુ નથી ?"

ઓહો....હો...હો....મોટા સતીના સંતાન થઈ ગયા છે ? આજે આવ્યા તે ભલે આવ્યા. પણ હવે આવશો તો ભોંય ભારે થઈ જશે ?

આમ ઉઘડો લઈ લેવાથી પેલી બાઈ તો પલાયનજ થઈ ગઈ. નીચને શીખામણ આપવી તે પાણીમાં સોનાની જાળ નાખવા બરાબર છે.

# એક દિવસનું સ્મિત

વસંત ઋતુના આગમનની સાથે બાગની પુષ્પ કળી ખીલી ઉઠી.

તે સમયે બાગમાં ફરી રહેલા એક વિદ્વાને દુઃખી થઈ ખીલી ઉઠેલી પુષ્પકળીને પુછયું.

હે પુષ્પકળી ? આમ તો તને જોઈને મારૂ દીલ નાચી ઉઠે છે. પણ સાથે સાથે દુઃખ પણ એટલુંજ થાય છે કે તારૂ આ સ્મિત એક દિવસમાં વિલીન થઈ જશે.

વાત સત્ય હતી. છતાં વિદ્વાનના વચનથી પુષ્પકળી ખેદ ન પામી અને સ્મિત વેરતા જવાબ આપ્યો.

ભાઈ ! હું એક સ્મિત કરવા માટેજ ખીલું છું, પછી ભલે હું કરમાઈ જાવ, પણ મારા ભાગ્યમાં એક સ્મિત છે, તેનો મને અપૂર્વ આનંદ છે.

બાકી જીવનરૂપી આ બાગમાં આવું એક સ્મિત પણ આવી જાય તો જ નસીબદાર !

પુષ્પની કળી જેવું એક સ્મિત પણ આપણા જીવનમાં આવી જાય તો જીવન સુવાસમય બની જાય.

✱



www.jaintatvagyanshala.org

# અભિમાન

જુના જમાનાની વાત છે. એક ગામમાં એક ડોસી રહેતા હતા, તેની પાસે એક મરઘો અને એક સગડી હતી. રોજ સવારે કુકડો બોલે અને લોકો ઉઠે અને ડોસી સગડીમાં કોલસા ભરી બહાર મુકે. એ સગડીમાંથી ગામના લોકો એક એક કોલસો લઈ જાય, અને તેનાથી સો પોત-પોતાની સગડી, ચુલા સળગાવે. હંમેશા આ પ્રમાણે ચાલે જાય છે.

એક દિવસ ડોસીને અભિમાન થયું અને વિચાર્યું કે મારા મરઘાના અવાજથી લોકો ઉઠે છે! સગડી દ્વારા કોલસા લઈ જઈ પોતાની સગડી પેટાવે છે, છતાં તેઓને મારી મારી કદરજ નથી. પણ... મારી અગત્યતાની–જરૂરની, ખબર પાડી દઉં...

બીજા દિવસે સવારમાંજ ડોસી પોતાનો મરઘો સગડી લઈને જંગલમાં ચાલી ગઈ. સવારે કુકડો નહિ બોલવાના કારણે લોકો થોડા–મોડા ઉઠ્યા. ડોસી ગામ ગઈ હશે તેમ માની પોતાની મેળેજ વહેલા ઉઠવામાં લોકો ટેવાઇ ગયા. કોલસા લઈ આવવાની આદત પણ ભુલી ગયા.

ડોસીને થયું મારા વગર ગામમાં અંધારૂં થઈ ગયું હશે. જયાં તે ગામ તરફ પાછી વળતી હતી ત્યાં ગામનો એક માણસ સામો મળ્યો, તેણે ડોસીને પુછયું કેમ માજી?

અહિં ક્યાંથી ? ત્યારે ડોસીએ પોતાની વાત કહી. વાત સાંભળી તે હસી પડ્યો ને બોલ્યો "માજી ! મરઘો હોય તોજ ઉઠી શકાય ? મરઘા વગર લોકો ટાઈમસરજ ઉઠે છે, ને તમારી સગડીના કોલસા લેવાની ટેવ ભુલી ગયા છે. ને.... ડોસીનું અભિમાન ગળી ગયું...



---

જે સુખને મેળવવામાં દુઃખ, ભોગવવામાં યે દુઃખ અને ભોગવ્યા પછીયે દુઃખ અને દુઃખજ સમાયેલું છે તેવા સુખને મેળવવા માટે આટલું બધું પાગલપણું શા માટે ?

---

# વ ફા દા રી

લાખો રૂપિયાના ઝવેરાતની વ્યવસ્થાનો વિચાર કરતાં શેઠ–શેઠાણી બેઠા હતા. તેવામાં એક સાધુ (બનાવટી) ભિક્ષાર્થે આવ્યો. શેઠ–શેઠાણીનો વાર્તાલાપ થતો જોઈ તે પાછો વળે છે. શેઠ તેને રોક્તા કહે છે મહારાજ ! ધનની જરૂર હોય તો કહો ?

ત્યારે પેલો સાધુ વિચાર કરે છે. "સાધુ તો કંચન-કામિનીના ત્યાગી હોય છે. તેથી અત્યારે જો હું ધન માંગુ તો આ સાધુ વેશને હાનિ પહોંચે, અને...સાધુ ચાલ્યા ગયા.

બે ચાર દિવસ પછી તે બારોટનો વેશ લઈને શેઠના ઘરે આવ્યો, અને શેઠની ખુબ–ખુબ પ્રશંસા કરવા લાગ્યો.

શેઠ પણ વિચાર કરે છે. આ બારોટ ચાર દિવસ પહેલા આવેલા સાધુ જેવો લાગે છે. તેથી શેઠે પુછયું, ચાર દિવસ પહેલા એક સાધુ આવ્યા હતા, તેમના જેવા તમે દેખાવ છો તો શું તમે એજ છો ? બારોટે કહ્યું "હા હું એજ છું. તો વેશ પરિવર્તન કરી કેમ આવ્યા છો ?

શેઠ ! મારે પૈસાની જરૂર છે, અને આપ મદદ કરશો એ આશાએ આવ્યો છું.

ત્યારે મેં ધન માટે પુછયું હતું તો ના કેમ પાડેલી ? શેઠે કહ્યું.

શેઠ ! ત્યારે હું સાધુ હતો, ધન લેવા વડે આ સાધુ વેશ ફજેત ન થાય તે માટે હું ધન લીધા વગર ચાલ્યો ગયો હતો.

અને.... શેઠે પ્રસન્ન થઇ ઉદાર બક્ષિસ આપી બારોટને ખુશ કર્યો.



જીવન એક ફુલની ફોરમ છે, જીવનને વિકસીત બનાવવું કે કરમાવી દેવું એ જીવનની સારી-નરસી ઘટનાઓ અને વર્તણુંક ઉપર અવલંબે છે.

# સાર—અસાર

જુઓ તો ખરા! બાબાને કેટલો બધો તાવ આવ્યો છે? એક દિવસના તાવમાં કેટલો બધો લેવાઈ ગયો છે?

ડોકટરને બતાવીને દવા આપી હતી? દવા લેતો હોત તો જોઇએજ શું? મમ્મી...મમ્મી શું છે બેટા? મમ્મી ખાવાનું આપને! ના બેટા! તને તાવ આવ્યો છે ને એટલે ખવાય નહિ.

દવાની ગોળી લે એ હેતુથી તેની મમ્મીએ થોડા ગોળ-માં વચ્ચે ગોળી મુકીને ગોળ બાબાને આપ્યો. ગોળી લઇને બાબો ઘરના ઓટલે બેઠો, તેની મા ઘરમાં ગઈ, થોડી વાર પછી...

કેમ બેટા! "ગોળ ખાઈ ગયો?" હા મમ્મી, ગોળ તો ખાઈ ગયો પણ અંદર ઠળીયો હતો તે ફેંકી દીધો, તાવ ઉતરી જાય માટે ગોળ સાથે ગોળી આપી પણ....બાબાએ ગોળ ખાઈ ગોળી નાખી દીધી....!

જેમ હિતકર એવી ગોળી નાખી દઈ, અહિતકર એવો ગોળ બાબો ખાઈ ગયો તેમ માનવ–ઉત્થાન માટે જરૂરી એવા સાર પદાર્થોને છોડી દઈ અસાર પદાર્થોને ગ્રહણ કરી પતનના માર્ગે વળે છે, અને....જીવનનાં મૂલ્યનું અવમૂલ્યન કરી નાખે છે.

❖

# તૃષ્ણા

નગરની સીમમાં રાજાએ નાનો છતાં ખૂબજ સુંદર બાગ બનાવ્યો. પણ બાગની પાસે એક ડોસીની ઝુંપડી હતી, તે ઝુંપડીથી આ બાગની સુંદરતામાં થોડી ઉણપ રહેતી હતી, અને ઝુંપડી રાજાની આંખમાં કણાની જેમ ખુંચતી હતી.

સત્તાને લઈને પોતાના માણસો દ્વારા તે ઝુંપડી ત્યાંથી ઉખેડી નાખી દીધી. ડોસી નિરાધાર બની, રોતીકકળતી, ગામથી દૂર ચાલી નીકળી.

જતાં જતાં રસ્તામાં એક મહાત્માજી મલ્યા, રડતી ડોસીને જોઈ મહાત્માજીએ પૂછ્યું, કેમ માજી, રડો છો? માજીએ પણ બનેલી હકીકત જણાવી, મહાત્માજીએ પણ ડોસીને સાંત્વના આપી પોતાની સાથે ગામમાં આવવા જણાવ્યું.

મહાત્મા અને માજી બન્ને રાજા પાસે આવ્યા. મહાત્મા એ રાજાને કહ્યું, રાજન્! આ માજીને એની જગ્યામાંથી એક ટોપલો માટી લેવા દો, રાજાએ હા પાડી.

ડોસી ટોપલો લઈ આવી અને માટીથી ભરી દીધો, ટોપલો ભરાઈ ગયા પછી મહાત્માએ રાજાને કહ્યું "આટલો ટોપલો આ ગધેડા ઉપર ચઢાવી દો ને?

રાજાએ કહ્યું અરે મહારાજ........! આવું આપણાથી

ન ઉપડે ! ત્યારે ટોન મારતા મહાત્મા બોલ્યા....રાજન ! આટલું ટોપલું નથી ઉંચકાતું તો આટલું બધુ મોટું રાજ્ય પરલોકમાં શી રીતે લઈ જશો ? રાજાની વિવેક બુદ્ધિ જાગી, તૃષ્ણાને તોડી નાખી ડોસીને જગ્યા સોંપી ઝુંપડી બંધાવી દીધી........

અભિમાનમાં અક્કડ બનીને ફૂક્કડની જેમ ફરતા માનવને કર્મ સત્તાનું જ્ઞાન ક્યાંથી હોય ? પણ...

કર્મ-કોર્ટનો ચુકાદો લાંચ-રૂશ્વતવાળો નથી.

ત્યાં તો બધાને યોગ્ય રીતીએ ફળ મળેજ છે.

# ભ્ર...મ...ણા...

એક કુંભારે એક કુતરી પાળી હતી. તે એવી શિક્ષાને પામેલી હતી કે, કાદવવાળા પગવાળો મારો માલિક છે. તેની સાથે ગેલ કરે, પુંછડી પટપટાવે હાવભાવ કરે વિ.વિ.

એવામાં ચોમાસાનો સમય આવતાં વરસાદના પાણીથી રસ્તાઓ કાદવ-કીચડવાળા બની ગયા. જતા આવતાં બધા માણસોના પગ કાદવવાળા થવા લાગ્યા. આથી તે કુંભારની કુતરી બધાને પોતાના માલિક સમજી બધા સાથે ગેલ કરવા પાછળ પાછળ આમતેમ દોડવા લાગી, આથી બન્યું એવુ કે તે જેની જેની પાછળ દોડવા લાગી તેના તરફથી સ્નેહના બદલે તીરસ્કારથી માર ખાવા લાગી.

આવી ભ્રમણાને લીધે તે ખુબ દુઃખી થઈ.

સુંદર પેકીંગમાં પેક થયેલા સંસારના સત્વવિનાના સુખને મેળવવાની ભ્રમણામાં પડયા પછી એ સુખેચ્છુ માનવી દયાજનક સ્થિતિમાં મુકાઈ જાય છે, અને સુખ સો ગાઉ છેટે હોય છે! ભ્રમણાને ભુગર્ભમાં ધકેલી દેનાર માનવી જ સુખનો ભોગી બને છે.



www.jaintatvagyanshala.org

# સાચુ ધન

શેઠના બંગલામાં એક દિવસ અચાનક આગ લાગી. બંગલામાં દોડધામ મચી ગઈ. ઘરના માણસો નોકરો અને શેઠ બધાજ કિંમતી સામાન ખસેડવામાં પડી ગયા. લગભગ બધોજ સામાન કાઢી લેવાયો હતો.

આગની જવાળાઓ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. સામાન બચી ગયાનો શેઠને આનંદ હતો.

લોકો શેઠને પુછવા લાગ્યા "શેઠ ! હવે કાંઈ બાકી તો નથી રહી ગયુને ?"

શેઠ બધો સામાન તપાસવા લાગ્યા અને દિલમાં એક-દમ ધ્રાસકો પડયો. વૃદ્ધ ઉંમરે પ્રાપ્ત થયેલો એકનોએક વારસદાર–નાનો પુત્ર અંદરના ઓરડામાં સુતો હતો તેને બહાર લાવવાનું વીસરાઈ ગયું હતું.

શેઠનો પુત્ર સુતો હતો તે ઓરડો હજુ આગથી વીંટાયો ન હતો એટલે શેઠે હજારો રૂપિયાના ભોગે એક માણસને અંદરથી પુત્ર લઈ આવવા નક્કી કર્યો અને.... વિજળી વેગે પેલો માણસ અંદરથી શેઠના પુત્રને બાથમાં દાબી બહાર લઈ આવ્યો. પણ....અફસોસ.

આગની અસહ્ય ગરમીમાં કુમળુ બાળક શેકાઈ ગયું હતું, પ્રાણ ચાલ્યા ગયા હતા.

નિર્જીવ પુત્રને જોઈ શેઠ ચોધાર આંસુએ રડવા લાગ્યા પણ સરકી ગયેલી બાજી હવે હાથમાં કયાંથી આવે ?

મૂલ્યવાન માનવ જીવન પામ્યા બાદ એ જીવન દરમ્યાન જો સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિમાં પડી ગયા તો આત્માનું સાચુ ધન મેળવવામાં નિષ્ફળ જશો અને પસ્તાવાનો પાર નહિ રહે.



તમારો કોઈ શત્રુ નથી, કોઈ શત્રુ બન્યો હોય તો પણ તેને ન મારશો, તેનામાં રહેલી શત્રુતાને મારજો.

# ઉપકારનો બદલો

મહારાજનો માનીતો વૈદ્યરાજ તબીયત બગડતાં થોડાજ સમયમાં મરણ પામ્યો, તેથી રાજાએ તે વૈદ્યના બન્ને પુત્રોની તેના સ્થાને નિમણુંક કરી. આ કારણથી માતા રડવા લાગી માતાને રડતી જોઈ બન્ને પુત્રોએ રડવાનું કારણ પુછ્યું.

ત્યારે માતાએ કહ્યું... "તમને વૈદકપણુ આવડતું નથી એટલે તમો રાજવૈદ્યપણુ કેવી રીતે પાર પાડશો ? આ ચિંતાજ રડવાનું કારણ છે."

ત્યારે માતાની સુચનાનુસાર બન્ને ભાઈઓ તેના પિતાના મિત્ર વૈદને ત્યાં જઈને વૈદકનો અભ્યાસ કરવા લાગ્યા, ભણતાં-ભણતાં થોડાજ સમયમાં બન્ને વૈદકમાં પાવરધા બની ગયા, અને ત્યાંથી રજા મેળવીને જંગલમાંથી જુદીજુદી વનસ્પતિઓ મેળવતાં મેળવતાં ઘરભણી આવી રહ્યા હતાં ત્યાં રસ્તામાં એક અંધ સિંહ બેઠેલો જોયો. મોટા ભાઈને દયા આવવાથી સિંહનો અંધાપો દૂર કરવા તૈયાર થયો. ત્યારે નાના ભાઈએ આ પ્રમાણે ન કરવા ઘણું સમજાવ્યો, છતાં તે ન માન્યો.

કુપાત્ર ઉપર ઉપકાર છે એમ માની નાનો ભાઈ પાસેના ઝાડ ઉપર ચઢી ગયો.

મોટા ભાઈએ વનસ્પતિમાંથી દવા તૈયાર કરી સિંહની આંખમાં આંજી અને... દવાના પ્રભાવથી સિંહ દેખતો થયો. ઘણા દિવસનો ભુખ્યો, આજુબાજુ અન્ય ભક્ષ્ય ન દેખાતાં તેનેજ ફાડી નાખ્યો. સિંહ ગયા બાદ નાનો ભાઈ ઝાડથી નીચે ઉતરી પસ્તાવો કરતો ઘરભણી ચાલી નિકળ્યો. ✳



www.jaintatvagyanshala.org

# ત...ક..

એક કલાકારના ઘરે એક કલાપ્રિય જઈ ચઢયો કલાકારની કૃતિઓ જોતા-જોતા મોઢા પર વાળ ઢાંકેલી અને પગપર પાંખવાળી મૂર્તિ જોઈ.

કલાપ્રિય માણુસે પુછયું, આ મૂર્તિનું નામ શું ? કલાકારે કહ્યું "તક"

તેનું મુખ કેમ ઢંકાયેલુ છે ? પેલા માણુસે પુછયું. જ્યારે એ માણસની પાસે આવે છે ત્યારે તે તેને નથી ઓળખતો, શીલ્પીએ કહ્યું.

તેના પગ ઉપર પાંખ કેમ છે ?

કારણુ કે તે તરત ચાલી જાય છે અને ગયા પછી તે પાછી આવતી નથી.



www.jaintatvagyanshala.org

# બો...જ...


નગરના રસ્તા ઉપર એક મજુર જેવો માણસ ખભા ઉપર ભારે બોજ ઉપાડીને જઈ રહ્યો હતો.

ત્યારે સામેથી નગરના મહારાજાનો રથ આવી રહ્યો હતો. રસ્તે જતા વાહનો અને લોકો મહારાજાના રથને જવા દેવા આઘા-પાછા થઈ જતાં.

રથમાં બેઠેલા મહારાજાએ વિચાર્યું સામે આવી રહેલા મજુર પાસે કેટલો બધો બોજ છે! તેનુ શરીર પરસેવે રેબઝેબ થઈ ગયુ છે. મજુરને સીધા ચાલ્યા જવા માટે મહારાજાએ પોતાનો રથ બાજુ પર થઈને લઈ જવા સારથીને કહ્યું... સાથે સાથે જાહેરાત કરાવી કે આ મજુર જ્યારે રસ્તાપર થઈ પસાર થતો હોય ત્યારે સૌએ તેને માર્ગ કરી આપવો, અને આ આજ્ઞાનો ભંગ કરનારને સખ્ત સજા થશે. મહારાજાની આજ્ઞાનું પાલન બરાબર થઈ રહ્યું હતું.

એક દિવસની વાત છે. રસ્તા પરથી થોડા મુનિઓ જઈ રહ્યા હતા ત્યારે સામેથી પેલો મજુર પણ આવી રહ્યો હતો. રાજાની આજ્ઞોથી અજ્ઞાત મુનીઓ મજુર નજીક આવવા છતાં ખસ્યા નહિ. પરંતુ પેલો મજુર ખસીને બાજુ પર થઈ ગયો. ત્યારે રાજાની આજ્ઞાના ભંગના કારણે રાજાના માણસો મુનિઓને પકડીને રાજા પાસે લઈ ગયા. સાથે મજુરને પણ લીધો. રાજા મુનિઓને પુછે તે પહેલાજ મજુરે

કહ્યું રાજન્ ! આ મુનિઓએ આપની આજ્ઞાનો ભંગ કર્યો નથી. હું જ ખસી ગયો હતો. રાજાએ પુછયું "તારે ખસવાની શી જરૂર ? મુનિઓ ખસી જાત. નહિ રાજન્ ! મારા કરતા આ મુનિઓ પાસે બોજ વધારે છે. જુઓ હું તો ફક્ત ૧૦ મણ ૧૫ મણ બોજ ઉપાડું છું અને આ મુનિઓ તો મહાવ્રતનો (યમનિયમોનો) સખ્ત બોજ ઉપાડીને ફરે છે, એટલે મારા કરતા વધારે બોજવાળાને રસ્તો કરી આપવો તે યોગ્ય જ છે. બાહ્યબોજ તો પેટનીવેઠ છે. અભ્યંતર બોજ મોક્ષની સીડી છે. ને...રાજા આશ્ચર્યથી મુનિઓને મનોમન વંદી રહ્યો.



બ્રહ્મચર્યની પ્રચંડ તાકાત અને તપના તેજથી ઝળહળતા ઓજસ્વી દેહનું દર્શન આધિ-વ્યાધિ-ઉપાધિથી ઉભરાયેલા હૃદયના ઉભરાનો શમાવવાનું કામ કરે છે.

# નો...ક...ર

રાજાને એક મંત્રી હતો. તે હંમેશા રાજાની વાતમાં હાએ હા કરતો હતો. એક દિવસ રાજાએ રીંગણાની કાતરી ખાધી તે તેને ખૂબ સારી લાગી. બીજા દિવસે તે દરબારમાં કહેવા લાગ્યો કે, રીંગણાની કાતરી ખૂબ સારી હોય છે, મંત્રીએ કહ્યું જી મહારાજ રીંગણા દેખાવમાં ખૂબ સુંદર હોય છે અને રેચક પણ હોય છે. થોડા દિવસ પછી રાજાએ ફરી તે કાતરી ખાધી પણ તેને પહેલા જેવી ન લાગી એટલે બીજે દિવસે દરબારમાં આવી કહેવા લાગ્યો, રીંગણા બહુ ખરાબ ચીજ છે. મંત્રીએ કહ્યું, હા હુજુર, તે દેખાવમાં કેવું કાળુ મેસ છે, અને પીત કરવાવાળુ છે. દરબારમાં આ બન્નો વખતની વાત એક માણસે સાંભળી હતી. તેણે કહ્યું મંત્રીજી, પહેલા દિવસે તો રીંગણાની પ્રસંશા કરી હતી અને આજ તેની બુરાઈ કેમ કરી? મંત્રીએ કહ્યું, હું રાજાનો નોકર છું, રીંગણાનો નહિ.”

# શેરના માથે સવાશેર

વણિક પુત્ર ભણેલો ગણેલો હતો પણ ગરીબ હોવાના કારણે કન્યા કોઈ આપતું ન હતું.

એક દિવસ એક માણસે ધર્મપરિવર્તન કરવાની શરતે વણિક પુત્રને કન્યા આપવાનું કહ્યું અને તે શરત તેણે કબુલ કરી.

તે માણસે ધર્મપરિવર્તન માટે ગુરૂ પાસે મંત્ર લેવા કહ્યું તેથી બન્ને ગુરૂ પાસે જવા નિકળ્યા પણ ગુરૂ બહારગામ ગયા હતા. થોડા દિવસ પછી આવવાના હતા.

ગુરૂના આવી ગયા બાદ તેના હાથે લગ્નવિધિનો પ્રારંભ થયો, હસ્તમેળાપ થઈ ગયા બાદ તેના સસરાએ કહ્યું મહારાજ ! અમારા જમાઈને ધર્મપરિવર્તનનો મંત્ર આપો. ત્યારે મહારાજે બીજા દિવસે આવવા જણાવ્યું.


બીજા દિવસે જમાઈ નાહિ-ધોઈ તૈયાર થઈ ગુરૂ પાસે ગયો. ગુરૂએ મંત્ર કાનમાં કહ્યો ત્યારે પેલાએ પુછ્યું "મહારાજ, આ મંત્રથી શા લાભ થશે ? ગુરૂએ કહ્યું તને સ્વર્ગ મળશે. અરે.... આ મંત્ર યોગે મોક્ષ પણ મળશે.

જમાઈ ભણેલો હોવાથી મહારાજને કહ્યું, "તો મહારાજ ! આપે મને સ્વર્ગ અને મોક્ષ બતાવ્યો તો તેના બદલમાં હું

આપને દિલ્હી, કાનપુર અને અજમેર આપુ છુ."

મહારાજ તો એકદમ ગુસ્સે થઇને બોલ્યા, "નાલાયક! દિલ્હી, કાનપુર, અજમેર તારા બાપના છે ? કે તું આપે છે" જમાઈ એ તરતજ સામે જવાબ વાળ્યો "તે મહારાજ! સ્વર્ગ અને મોક્ષ તમારા બાપના છે ? કે જેથી આપવા નીકળી પડ્યા છો !" અને.... આવી ચર્ચાથી ભેગા થયેલા બધા હસવા લાગ્યા.

જ્યાં સુધી માણસના માનસમાં યુક્તિ પ્રયુક્તિથી વાત ઠસાવવામાં ન આવે ત્યાં સુધી તે વાત સ્વિકારવા તૈયાર થતો નથી,



# કુસંગનું ફળ

નગરનો મહારાજા પોતાના અંગત એક બે અંગરક્ષક સૈનિક સાથે નગર બહારના ઉદ્યાનમાં ફરવા નીકળ્યા હતા. મધ્યાહ્ન સમયે ભોજન કરી એક ઘટાદાર વૃક્ષની છાયામાં આરામ માટે મહારાજા આડા પડયા.

શીતલ વાયુ અને વનના ખુશબોદાર વાતાવરણને લઇને થોડી વારમાં નિદ્રાધિન બન્યા.

આજ વૃક્ષ ઉપર એક હંસ અને કાગડો બેઠા હતા. કાગડો ઉંચા સ્વરે કા....કા...કા....કરતો મહારાજા ઉપર ચરકયો.

પોતાના ઉપર કાંઇક પડવાથી મહારાજ બેઠા થઇને ઉપર નજર કરે છે ત્યાં કાગડાને બેઠેલો જોયો.

આવેશમાં આવી જઇને કાગડાને વીંધી નાખવા મહા-રાજાએ બાણ તૈયાર કર્યું, ચતુર કાગડો તો ઉડી ગયો, અને કાગડા માટે છુટેલુ તીર બાજૂમાં બેઠેલા હંસને વિંધિને આગળ નીકળી ગયું. લોહી નિતરતો હંસ ડાળ ઉપરથી રાજાના પગ પાસે પડયો.


સફેદ વર્ણવાળા કાગડાને જોઇને રાજા બોલ્યો શું ? કાગડા સફેદ પણ હોય છે?

રાજાની શંકાને દૂર કરવા હંસ બોલ્યો રાજન્! હું કાગડો નથી પણ માનસરોવરમાં રહેવાવાળો રાજહંસ છું.

નીચ એવા આ કાગડાની સોબતથી મારી આવી કરૂણ પરિસ્થિતિ થઈ છે.

માનવના માનસ ઉપર સોબતની અસર થયા વગર વગર રહેતી નથી.

સજ્જનની સોબત સજ્જનતા લાવે છે ।
દુર્જનની સોબત દુર્જન બનાવે છે ।।



---

વેરથી વિષમય બનેલા જીવનું જીવતર
બદતર બની જાય છે.

---



www.jaintatvagyanshala.org

# દર્દની દવા

શેઠનો છોકરો પહેલા માળેથી પડી ગયો, અને માથામા ઉંડો ઘા પડયો. તરતજ શેઠે ગામના એક વૈદને બોલાવ્યા. વૈદે છોકરાને વાગેલા ઘાને જોઇને તેની સારવાર માટે કોઈ અનુભવી વૈદને બોલાવી લાવ્યો. વૃદ્ધ વૈદે છોકરાના ઘાને સાફ કરી બદામનું તેલ ભરીને પાટાપીંડી કરી લીધી. અને તે દવાથી શેઠનો છોકરો સામે સારો થઇ ગયો.

એક દિવસની વાત છે. તેજ ગામમાં એક ઘાંચીનો છોકરો હતો તે પણ ભાગ્યયોગે પડી જવાથી ઘણું વાગ્યુ ને માથામાં સખત ઘા થઈ ગયો, ઘાંચીએ પેલા વૈદને બોલાવી દવા કરવા કહ્યું.

તે વૈદે પેલા વૃદ્ધ વૈદની જેમ શેઠના છોકરાના ઘાને બદામના તેલથી સારો કર્યો હતો તે પ્રમાણે ઘાંચીના છોકરાના ઘામાં તેલ ભરીને પાટાપીંડી કરી દીધી.

પણ...ઘાંચીના છોકરાને ચેન પડતુ નથી વેદના સખત થયા કરે છે, તેથી ઘાંચી પોતાના છોકરાને અને વૈદને લઇને પેલા વૃદ્ધ વૈદ પાસે ગયા, વૃદ્ધ વૈદે બધી વાત જાણ્યા પછી તે વૈદને કહ્યું.

તમે ઘણી ભુલ કરી છે. આના ઘામાં તો તેલ નહિ પણ તેલનો ખોળ ભરવો જોઇએ ! કેમ ? તે વૈદે પુછ્યું.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

વૃદ્ધ વૈદે જવાબ આપતા કહ્યું "ભાઈ! તે શેઠનો છોકરો હતો અને...આ....ઘાંચીનો છોકરો છે. બન્નેને એકજ દવા ન હોય."

પછી ઘાંચીના છોકરાના માથામાં ફરી તેલનો ખોળ ભરી પાટો બાંધ્યો. પરિણામે તે સાજો સારો થઈ ગયો.

યોગ્યતા પ્રમાણે આપીએ તો યોગ્ય કહેવાય.

---

જેના જીવનની ઈમારતની સત્ય-સદાચાર, નિતિ, ધર્મરૂપી પોલાદી પાયા છે એ ઈમારત ભયંકર ઝંઝાવતોમાં પણ અડીખમ ઉભી રહે છે.

---



www.jaintatvagyanshala.org

# ભાગ્ય

ખભે તીર-કામઠાં ભરાવીને એક પારધી શીકાર માટે જંગલમાં જઈ રહ્યો હતો. મધ્ય જંગલમાં આવતા ત્યાં એક ઝાડની ડાળી ઉપર હોલો-હોલી બેઠા હતા. પારધીની નજર એ બન્ને ઉપર પડી અને તેમને વીંધી નાખવા તૈયાર થયો.

જ્યારે પારધી કામઠાં ઉપર તીર ચઢાવી નિશાન તાકે છે ત્યારે હોલી હોલાને કહે છે. ! સ્વામિ નીચે પારધી આપણને વીંધી નાખવા તૈયાર થયો છે એટલે આપણે બચવા માટે ઉડી જઈએ.

જ્યાં ઉડવા માટે ઉપર નજર કરે છે ત્યાંજ બન્ને થીજી ગયા. ઉપર બાજપક્ષી બન્નેનું ભક્ષણ કરવા તૈયાર બેઠું હતુ. બન્નો તરફના ભયને લઈને હોલો-હોલી ફફડી રહ્યા હતા. બચવાનો માર્ગ દેખાતો ન હતો.

ત્યાંજ એક વિચિત્ર પ્રસંગ બની ગયો. નીચે ઉભેલો પારધી હોલા-હોલીને મારવાનું નિશાન લઇ રહ્યો હતો. ત્યારે બાજુની ઝાડીમાંથી એક સર્પ પાણી ના રેલાની જેમ સરકી પારધીના પગમા ડંખ મારી પલાયન થઇ ગયો અને ડંખની ભયંકર વેદનાને લઈને નિશાન ચુકી ગયો, કાનસુધી ખેંચેલુ તીર એકાએક છુટયું અને ઝાડની ટોચ ઉપર બેઠેલો બાજપક્ષીને વીંધીને આગળ નીકળી ગયું. બાજપક્ષી ઘવાઇને જમીન ઉપર પડતાંની સાથે મરણને શરણ થયું. નીચે પારધી પણ ડંખની વેદનાથી તરફડીને મરણ પામ્યો.

આ તરફ હોલો–હોલી બન્ને શીકારીઓના નાશથી ભયમુક્ત બની ગગનમાં ઉડી ગયા.

જ્યારે માણસનો ભાગ્યોદય પ્રબલ હોય છે ત્યારે તેના ઉપર આવેલા ગમે તેવા સંકટો વિના પ્રયત્ને દૂર થઈ જાય છે, માટે ભાગ્યવાન થવા સારૂ ભાગ્યવાન થવાના માર્ગને અપનાવવો જરૂરી છે.

વૈરનું વાવાઝોડું માનવીના જીવનને આવરી લે છે, એની આંધીમાં એવો તો અટવાઇ જાય છે કે જેથી વિવેક–વિચાર ચિંતવન ગુમાવવાપૂર્વક એની આત્મોન્નતિને રૂંધે છે માટે આવા શત્રુથી બચવા હરપળે તકેદારી રાખવી પડશે.



www.jaintatvagyanshala.org

# કરે તેવું પામે

ગામમાં એક બાવો રોજ આવે અને બોલતો જાય, "કરેગા વો ભરેગા," 'ખોદેગા વો પડેગા.''

ગામમાં એક બાઈ રહે. તેનો પતિ અને પુત્ર પરદેશ ગયા હતા અને બાઈ બદચલન હતી. તેથી તેને લાગ્યું કે આ બાવો હંમેશા મારા માટેજ બોલે છે. તેનું કાસળ કાઢવા તેણીએ વિચાર કર્યો. એક દિવસ લાડુમાં ઝેર નાખી બાવાને આપ્યા. "લ્યો મહારાજ ભિક્ષા !"

ભિક્ષા લઈ બાવો પોતાની ઝુંપડીએ ગયો. ગામમાંથી રોટીના ટુકડા અને બીજુ મલ્યું હતું, એટલે લાડુ સવારે ખાવા માટે રાખી રોટલા ખાઈ સુઇ ગયો.

રાત વિતી રહી હતી. વરસાદ ધમધોકાર વરસી રહ્યા હતો તેવામાં કોઈકે બાવાની ઝુંપડીના બારણા ખખડાવ્યાં. અજાણ્યા મુસાફર જાણીને બાવાએ અંદર આવવા દીધા, તે તે બે મુસાફર ભુખ્યા હતા. તેથી બાવા પાસે ખોરાકની માંગણી કરતાં સાંજે ભિક્ષામાં મળેલા લાડુ રાખી મુકયા તે આપ્યા. આ બે મુસાફરો લાડુ ખાઇ, પાણી પી સુઇ ગયા. સવારે બાવો જાગ્યો ત્યારે બન્ને મરેલા પડયા હતા. એ તો સફાળો દોડયો ગામમાં અને લોકોને બોલાવી લાવ્યો.

લોકો આવ્યા અને જોયું તો આ બન્ને પોતાના ગામનાજ હતા, એટલુજ નહિ બલ્કે પેલી સ્ત્રીના પતિ અને પુત્ર હતા. બાઈ મોઢું ઢાંકીને કરમ કુટવા લાગી, અને પોતાના કરમ પોતાને ભોગવવા પડયા.



www.jaintatvagyanshala.org

# ઉંદર અને કોઠી

ભુખથી સુકાઇ ગયેલા એક ઉંદરે થોડા અનાજવાળી એક કોઠીના નાના કાણાંમાંથી અંદર પેઠો. અંદર ધાન્યને જોઇ ખૂબ ગેલમાં આવી નાચવા લાગ્યો અને માનવા લાગ્યો કે મારા જેવો ભાગ્યવાન ઉંદર બીજો કોઈ નથી....

હવે તો હું મઝેથી અનાજ ખાઈશ અને લહેર કરીશ. અનાજ ખાઈ ખાઈને અલમસ્ત બની ગયો. દિવસો જતાં જ્યારે કોઠીમાંથી અનાજ ખુટયું ત્યારે ઉંદરમામા બહાર જવા કોઠીના કાણા પાસે આવ્યા પણ પહેલા કરતા શરીર જાડું થઈ જવાના કારણે બહાર નીકળી શકતા નથી. દાંતોથી કોઠીના કાણાંને મોટુ કરવા પ્રયત્ન કર્યો પણ લોઢાની કોઠીએ તેનાજ દાંત પોલા કરી નાખ્યા....

કોઠીમાં અનાજ નથી અને બહાર નીકળાય તેમ નથી, ઉંદર ફરી ભુખથી પીડાવા લાગ્યો. કોઠીના કાણા પાસે બેઠો-બેઠો નિશાશા નાખી રહ્યો છે.

ત્યાં... કાણા પાસે એક ગરોળી આવી અને અંદર બેઠેલા ઉંદરને જોઈ કહેવા લાગી, "ઉંદરમામા ! જો બહાર નીકળવું હોય તો અંદર પેસતી વખતે જેવા દુબળા હતા તેવા બની જાવ તો સહેલાઈથી નીકળી શકશો."

આજે સંસારમાં ફરતો જીવ વિષય વાસનાઓથી એવો જાડો બની ગયો છે કે તે સંસારરૂપી કોઠીમાંથી બહાર નીકળી શકતો નથી.

માટે થોડા હલકા બનો તો સરળતાથી છુટકારો મેળવી શકાશે.

# દિવાળી અને હોળી

ગાંડાઓના દવાખાનામાં એક દિવસ અચાનક આગ લાગી. ભોંયતળીયેથી શરૂ થયેલી આગની જ્વાળાઓ ઉપરના માળ સુધી પ્રસરી ગઈ.

આગની જ્વાળાઓ જોઈને ગાંડાઓ નાચવા કુદવા લાગ્યા અને બોલવા લાગ્યા વાહ... વાહ... આજે તો હોળી પ્રગટી છે. બીજો કહે નારે....ના, દિવાળીના દીવા થયા છે. બીલકુલ નહિ.... આ તો હોળી છે. ચાલો બધા હોળી-માતાને પગે લાગો.

અને... બધા ગાંડાઓ હોળીમાતાને પ્રણામ કરવા લાગ્યા...

ટન... ન... ન... ન... ન... ટન... ટન... ટન... થોડીવારમાંજ આગના બંબાઓ દોડી આવ્યા.

બંબાવાળાઓએ ગાંડાઓને બુમ પાડી કે, કુદી પડો નહિતર બળીને ભસ્મ થઈ જશો ! બંબાવાળાઓની વાત સાંભળી ગાંડાઓ બરાડી ઉઠયા.

"અરે... ઘણા દિવસે હોળીમાતાના દર્શન થયા છે તેની મોજ માણવાને બદલે ઉતરવાનું કહો છો ?"

તમોને પંચાત કરવા કોણે બોલાવ્યા છે ? ચાલ્યા જાવ અહિંથી ! નકામા બરાડા પાડી અમને હેરાન કરો છો !



www.jaintatvagyanshala.org

ડાહ્યા માણસની વાત સાંભળે તો ગાંડા શેના કહેવાય ? એકે ગાંડો નીચે ન ઉતર્યો, બંબાવાળાના બધાજ પ્રયત્નો નિષ્ફળ ગયા. થોડીવારમાં બધા ગાંડા આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયા.

સંસારમાં પણ ભોગ-વિલાસમાં ગાંડો બનેલો આજનો માનવી સંસારની આગમાં બળતો હોવા છતાં બંબાવાળારૂપી ધર્મગુરૂઓ આગમાંથી બચાવવાના સતત્ પ્રયત્નમાં નિષ્ફળતા મેળવે છે અને ભોગી-વિલાસી માનવ બળી મરે છે.

મૃત્યુના બિહામણા સ્વરૂપનું જો ભાન થશે
તો જરૂર જીવન સુધારવાનો ચાન્સ
મેળવી શકાશે.



www.jaintatvagyanshala.org

# હલકી વૃત્તિ ત્યાગો

બાદશાહ અકબરની સભા ચિક્કાર ભરાયેલી હતી. બુદ્ધિ-નિધાન બિરબલ બાદશાહની પાસેજ બેઠા હતા.

બાદશાહે સિંહાસન ઉપરથી ઉભા થઇને પાછળનીજ ભીંત ઉપર એક લીટી દોરી અને સર્વને ઉદ્દેશીને બોલ્યા, "આ લીટીને હાથ લગાડયા સિવાય ટુંકી કરી આપો."

બાદશાહના પ્રશ્નને સાંભળીને બધાજ સભાજનો વિચારમાં પડી ગયા. કોઈની બુદ્ધિ કામ નથી કરતી. પ્રશ્નનો ઉત્તર મેળવવામાં સૌ પોતપોતાની બુદ્ધિ અનુસાર તર્કવિતર્ક કરી રહ્યા છે, સભામાં એકદમ શાન્તિ છવાઈ ગઇ છે. ઘણો સમય થઈ જવા છતાં કોઈ ન ઉઠયુ ત્યારે...

છેવટે દિલ્હીના બાદશાહને ઉત્તર આપવા બુદ્ધિના બાદશાહ બિરબલ ઉભા થયા. ભીંત પાસે આવીને બાદશાહે દોરેલી લીટી પાસે એનાથી મોટી લીટી દોરી લીધી એટલે બિરબલની દોરેલી લીટી પાસે બાદશાહની લીટી નાની દેખાવા લાગી.

બિરબલની બુદ્ધિથી બાદશાહ ખુશખુશ થઈ ગયો. સભાજનો આનંદમાં આવી ગયા અને બોલી ઉઠયા...

વાહ... બિરબલ વાહ, વાહ તમારી બુદ્ધિ...

કોઇના પણ નાનામાં નાના ગુણોને હલકી વૃત્તિથી કાપ્યા સિવાય પોતાના ગુણોની વૃદ્ધિ કરવાવાળા બનો. ❖

# અ... ર્પ... ણ

ફરતાં ફરતાં એક સન્યાસી ગુરૂ–ચેલો જંગલમાં આવી પહોંચ્યા. ભોજન કર્યા પછી બન્નેને આરામ કરવાની ઇચ્છા થઈ. ગુરૂએ ચેલાને કહ્યું, પહેલાં તું સુઈ જા પછી હું સુઈશ. ચેલો ઉંઘી ગયો. થોડીવાર થઈ હશે. ત્યાં તો ફુફાડા મારતો વિષધર સાપ ચેલા ઉપર ધસી આવ્યો. પણ ગુરૂએ સાવચેત થઈ સાપ આડી લીટી કરી તેને અટકાવ્યો અને પુછ્યું.

"ભાઈ વગર કારણે આને શા માટે કરડે છે ?"

આગલા ભવમાં એણે મારૂં લોહી પીધું હતું માટે! સર્પે કહ્યું.

ગુરૂએ ઘણો સમજાવ્યો પણ સાપ તો એકનો બે ના થયો. એ તો કહે એનું લોહી પીધા વગર જવાનો નથી.

ગુરૂ કહે, તું કહે ત્યાંથી એનું લોહી કાઢી આપુ પછી તો ચાલ્યો જઈશને ? સર્પ કહે ગળાનું લોહી આપો તો પીને જતો રહું.

ચપ્પુ હાથમાં લઈ ગુરૂ ચેલાની છાતી ઉપર ચઢી બેઠો. ચેલો જાગી ગયો, જોયું તો પોતાની છાતી ઉપર ચપ્પુ લઇને ગુરૂ બેઠા હતા.

ચેલાએ આંખ મીચી દીધી.

ગળા ઉપર કાપ મુકી ગુરૂએ સર્પને થોડું લોહી કાઢી આપ્યું એટલે તે પીને સાપ ચાલ્યો ગયો.

થોડીવારમાં ચેલો બેઠા થયો અને ગુરૂએ પુછયું કાં બેટા ! હું તારી છાતી પર ચઢી બેઠો ત્યારે તે શું વિચારેલું ?

એજ કે આપ જે કંઈ કરતા હશો તે મારા હિતમાંજ હશે અને મેં મારૂ સર્વસ્વ આપના ચરણે અર્પણ કર્યું છે. એટલે મારે કાંઇ વિચારવાનું રહેતું જ નથી. વિનયપૂર્વક શિષ્યે કહ્યું.

આ જવાબથી પ્રસન્ન થઈ ગુરૂએ પોતાનું સ્થાન અને સાચુ જ્ઞાન આપી તેને પરમ પદનો અધિકારી બનાવ્યો.

ધર્મશાસનના ચરણે જ્યાં સુધી જીવનને સમર્પણ ન કરીએ ત્યાં સુધી અલગપણાના ભાવને લઇને તે ધર્મના રંગથી રંગાતો નથી.





www.jaintatvagyanshala.org

# સં.... ગ...

શેરીની બન્ને બાજુ વીષ્ટાની ગંદકી હતી. કોઈ સજ્જન દેખાતા ભાઈએ આ શેરીમાં પ્રવેશ કર્યો. બન્ને તરફની વિષ્ટાની બદબોથી અકળાઈને નાકે રૂમાલ દાબી આગળ વધ્યા. ત્યાંજ વિષ્ટાએ કહ્યું, નાક દબાવીને શા માટે જાવ છો ?

તારામાંથી કેટલી દુર્ગંધ નિકળે છે ? પછી નાક દબાવીને ન ચાલુ તો શું કરૂ ? સજ્જને કહ્યું.

વિષ્ટા બોલી ભાઈ ! તમારા માનવના સંગમાં આવવાથી મારી આ દશા થઈ છે. એક સમયે મારી મૂળ અવસ્થાને જોઈને તમેજ આનંદ માણતા હતા અને અત્યારે તમારા સંગથી મારી વિકૃત દશાને જોઈ મુખ મરડો છો ? આશ્ચર્યની વાત છે ! તુ આમ કેમ બોલે છે ? સજ્જને કહ્યું "સાંભળ... એક વખતે હું અભિમાન સ્વીટ માર્ટમાં ગોઠવાયેલી હતી, અને ગ્રાહકો તેમજ રસ્તે જતાં આવતાં માણસો મને જોઈને લેવાની ઇચ્છાવાળા બનતા હતા, ખીસ્સામાં પૈસા પુરતા ન હોવાથી સામાન્ય જન ખરીદી શકતા ન હતા. પૈસાદાર શેઠે મને વેચાતી લીધી, આલિશાન મહેલમાં ને અતિસુંદર ભોજનમાં મને ગોઠવી, અને બધાએ ટેસથી ખાધી, જ્યાં હું તેમના ઉદરમાં ગઈ ત્યારથી મારી વિકૃતિ થવા લાગી અને છેવટે ૬–૮ કલાકના તમારા સંગથી વિષ્ટાઓ બહાર આવી. ખરેખર તમારા સંગે હું ઉત્તમ કોટિમાં થી અધમ કોટિમાં મુકાઈ ગઈ.

બહારથી સુંદર દેખાતા અને અંદરથી ખરાબ આ શરીર (કાયા)માં નાખેલા સાર પદાર્થો અસાર બની જતા હોય તો એવી કાયા ઉપર ગર્વ રાખવો એ નરી મૂર્ખતા છે. એ દેહ દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધનારજ બુદ્ધિશાળી છે.

આ ફાની દુનિયામાંથી નિકળ્યા બાદ
પરલોકમાં સુખી થવા શું કર્યું ?
ધર્મરૂપી ધનવડે ધનવાન બન્યા
કે નહિ તેનો હિસાબ કર
તેમાંજ આત્માનું શ્રેય છે.



www.jaintatvagyanshala.org

# લો.... ભ...

એક પારધી શિકાર માટે જંગલભણી જઈ રહ્યો હતો. ગાઢ જંગલમાં પ્રવેશ કરતાં તેને એક હરણ દેખાયું.

હરણના શિકાર માટે તીર-કામઠુ તૈયાર કરી હરણની દીશામાં તીર છોડયું. સન્...ન્...ન્...ન્... કરતુ તીર ચરી રહેલા નિર્દોષ હરણના પેટને વિંધીને આગળ ચાલ્યું ગયું. વાગેલા તીરના ઘામાંથી લોહી નીતરતું હરણ ત્યાંજ મરણને શરણ થયું.

આ તરફ પારધીને પણ પાછળથી સર્પે ડંખ માર્યો અને વિષના કાતિલપણાથી થોડા સમયમાં ત્યાં મરણ પામ્યો.

એટલામાં જંગલમાં ફરતું-ફરતું એક શીયાળ ત્યાં આવી ચઢયું. તેણે જોયુ તો એક તરફ પારધી પડયો છે, બીજા તરફ હરણ પડયું છે. આમ ઘણા દિવસ ચાલે એટલું ભોજન મળતાં તે રાજી-રાજી થઈ ગયું અને વિચાર કરે છે કે પારધી અને હરણ તો હવે મારા કબજામાં છે. એટલે બીજી કોઈ ચિંતા નથી તે બન્ને મડદાને હમણા રહેવા દઉં પહેલા તો આ ધનુષ્યની ચામડાની દોરી ચાવીને ચલાવી લઉં.

અને... ખેંચીને બંધાયેલી ધનુષ્યની દોરી દાંત વચ્ચે લીધી. દોરી તુટતાની સાથે અર્ધગોળાકારે રહેલી ધનુષની

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
લાકડી છુટતાં શીયાળના મોઢામાં પેસી ગઈ, લાકડી વાગવાથી શીયાળ પણ પારધી પાસે મરણ પામ્યું. લોભવૃત્તિના કારણે શીયાળે પોતાનો જાન ગુમાવ્યો.

આજે માનવીની પરિસ્થિતિ આવીજ બની ગઈ છે. જીવનને ઘસીને, વૈતરા કરીને, ધન ભેગુ કરે છે. પછી તે લક્ષ્મીદાસ બનીને ધનને સાચવી રાખવાની બુધ્ધિએ પેટ ભરીને ભોજન કરતો નથી અને સન્માર્ગે ધનનો વ્યય પણ કરી શકતો નથી. છેવટે પાપના પોટલા બાંધીને ચાલ્યા ગયા પછી ધનને ભોગવનારા બીજા બને છે. માટે લોભના "લ" ઉપરના માત્રાને છોડી "લાભ" લેનારા બનો.


www.jaintatvagyanshala.org

# મિ ત્ર તા

દુધ અને પાણીની મિત્રતા કેટલી બધી અદ્‌ભુત છે ? કે દુધમાં ગમે તેટલું પાણી નાખીયે તોય દુધ પાણીને પોતામાં એકમેક બનાવી તરતજ મિત્રતા કરીલે છે, અને એ મિત્રતા ટકાવવા માટે પોતે બળીજાય છે.

દુધ ગરમ કરવા મુકતાની સાથે તેમાં રહેલું પાણી તરત બળવા માંડે છે. ત્યારે બળતા એવા પોતાના મિત્રને જોઇ દુધ આકુલ-વ્યાકુલ બની જાય છે, તેથી પોતાના મિત્રની સાથે બળી જવા દુધ એકદમ ઉભરાઈ તપેલામાંથી બહાર નિકળી નીચે રહેલા અગ્નિમાં ચાલ્યુ જાય છે. ત્યારે ઉભરાતા દુધમાં પાણી નાખતાની સાથે પોતાના મિત્રને આવેલો જોઈ દુધ શાંત બની જાય છે.

જીવનની સાથે ધર્મને એકમેક બનાવીને ગમે-તેવા કષ્ટના સમયમાં એકમેકતા ટકાવી રાખશું તો જીવનનું એકજ ધ્યેય જે મોક્ષ છે તે અવશ્ય મેળવી શકીશું અને અખંડ સુખ મેળવવાની સાધનાની સિદ્ધિ સાધી શકીશું.

# સ્વભાવ

એક સન્યાસી ગામમાંથી જંગલભણી જઈ રહ્યા હતા. ત્યાં ગામની સીમા પાસે આવતાં નજીકમાં પાણીથી ભરેલા ખાડામાં નજર પડી અને... દીલ દયાથી પીગળી ગયું.

તે ખાડામાં એક વિંછી પડી ગયો હતો ને મરવાની તૈયારીમાં હતો.

બધા જીવો પર સમદૃષ્ટિ રાખનાર એ સન્યાસીએ વિંછીને બચાવવા ખાડાના પાણીમાં હાથ નાખી વિંછીને બહાર કાઢવા લાગ્યા. ત્યાં... ડંખ મારવાના સ્વભાવવાળા વિંછીએ સન્યાસીની હથેળીમાં ડંખ માર્યો. ડંખની વેદનાને લઈને સન્યાસીના હાથમાંથી વિંછી પાછો પાણીમાં પડી ગયો. થોડીવારમાં સન્યાસી ફરી વિંછીને પકડી બહાર કાઢવા જાય છે, ત્યાં વિંછીએ ડંખ માર્યો, ડંખની વેદનાથી સન્યાસીના હાથમાંથી તે પાણીમાં પડી ગયો.



www.jaintatvagyanshala.org

# સમજણ

નગરમાં દુઝણા ઢોરનો અભાવ હોવાથી દુધ કેવા રંગનું કે કેવા સ્વાદનું હોય તેનાથી અજ્ઞાત હતા. અરે ! આગળ વધીએ તો દુધનું નામ નહોતા જાણતા.

એક સમયે તે નગરના રાજાને કોઈ પરદેશીએ પાંચ દશ ગાયો ભેટ મોકલાવી અને કહેવડાવ્યું કે આ ગાયો ઉત્તમ જાતની છે. ઘણું દુધ આપે છે અને તે દુધ ઘણુજ સ્વાદિષ્ટ અને સાત્વિક છે, માટે આપ તે દુધનો ઉપયોગ જરૂર કરશો.

પણ.... દુધ દોહવાની રીત નહિ જાણવાને કારણે દુધ લેવાનું વાસણ ગાયના પાછલા બે પગ પાસે પુંજડા નીચે મુકી દેતાં તેથો વાસણ દુધના બદલે ગૌમુત્રથી ભરાઈ જતું અને દુધ વાછરડા પી જતાં.

ગૌમુત્રને ગાળીને ગરમ કરીને પીતાની સાથેજ થૂ... થૂ... થૂ... થૂ... કરીને ઉભા થઈ ગયા અને બોલવા લાગ્યા.

અરે... આમાં તે સ્વાદનું નામ–નિશાન નથી. ખારૂ–ખારૂ ઝેર જેવું છે. ઉલ્ટાનું મુખ બગાડી નાખ્યું.

પછી તો ગાય મોકલનાર પરદેશીને કહેવડાવ્યું કે આવી ગાયોની ઉપાધિ અમારે નથી જોઈતી. એક તો તેની સેવા કરવી અને ઉપરથી ખારા–ખારા દુધને પીવું અમારે આવી ભેટની ખપ નથી.

પરદેશીને સમાચાર મલતાંજ રાજાની અણ-આવડત ઉપર હસતો તેમનો સમજણ આપવા જાણકાર બે માણસો મોકલ્યા તેમણે ગાયનું દુધ દોહી રાજાને પીવડાવ્યું.

રાજા તો સફેદ મીઠા મધ જેવા દુધ પીને ખૂશ થઈ ગયો. પેલા માણસોએ દુધ દોહવાની કલા શીખડાવી, અને સમજણપૂર્વકના ઉપયોગથી દુધની મીઠાશ અને સાત્વિકતા મેળવી શકયો.

સમજણપૂર્વકનાના પ્રત્યેક કાર્યોમાં માનવી આનંદનો અનુભવ અવશ્ય મેળવે છે.

---

હે પ્રભુ ! વિષયોના વિષનું વમન કરવામાં
તારૂં શરણ... માર્ગદર્શન... સદૈવ હો !

---

# અંતરનો પ્રેમ

પર્ણકુટિરના એક ખંડમાં બધાજ શિષ્યો અંદરોઅંદર ઘૂસપૂસ કરી રહ્યા હતા. ગુરૂના એકપક્ષીય સ્વભાવની ચર્ચા ઉપર ઉતરી પડયા હતા.

આપણે ગુરૂજીની આટલી-આટલી સેવા-ભક્તિ કરીએ છીએ છતાં તેઓ પેલા એકજ શિષ્ય ઉપર પ્રેમ-લાગણી શા માટે રાખે છે ?

વાતપણ સાચી હતી કે ગુરૂજી અન્ય શિષ્યો કરતાં પેલા એક શિષ્ય ઉપર વધુ પ્રેમ રાખતા હતા.

અને... ઘણા દિવસોનો સંગ્રહી રાખેલો ઉભરો આજે ગુરૂ પાસે ઠાલવવાનું શિષ્યોએ નક્કી કર્યું.

"ગુરૂદેવ ! આપ અમારા પૂજનીય છો. આપની અમે સેવા કરીયે છીયે છતાં પક્ષપાત કેમ કરો છો ? પેલો શિષ્ય શું અમારા કરતાં વધારે સેવા કરે છે ?"

ગુરૂ જ્ઞાની હતા. એટલે ટુંકા દીલના આ શિષ્યોની ઈર્ષાળુ વાત સાંભળી પેલા શિષ્ય ઉપર વધારે પ્રેમ શા માટે છે, તે બતાવવાનો નિર્ણય કરીને પોતાના પગમાં એક રસી ઝરતુ, દુર્ગંધ છોડતું ગુમડું ઉત્પન્ન કર્યું પછી તે ગુમડાને મટાડવા ઉપાયો કરવા લાગ્યા, છતાં મટતુ નથી, એટલે વૈધને બોલાવ્યો.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ગુમડાને જોઈને વૈદ્ય કહ્યું "આ ગુમડું મલમપટ્ટીથી નાહિ મટે પણ જે માણસ મુખથી આ ગુમડાની રસી ચુસી લે તો ગુમડું મટે અને રસી ચુસનારને એ રોગ થાય."

ત્યારબાદ ગુરૂજીએ એક પછી એક શિષ્યોને બોલાવીને વૈદ્યની વાત જણાવી પણ કોઈ શિષ્ય રસી ચુસવા તૈયાર ન થયો, ત્યારે પેલો ગુરૂજીની સેવા ખાતર જીવન અર્પણ કરનાર શિષ્ય આગળ આવ્યો, અને કશો વિચાર કર્યા વગર ગુમડાની બધીજ રસી ચુસી લીધી.

ગુરૂજીનું ગુમડું મટી ગયું. શિષ્યને રોગ ઉત્પન્ન થયો આ જોઈને બીજા શિષ્યો મનમાં હસવા લાગ્યા "કેવો મૂર્ખ છે, ગુરૂજીના એક ગુમડાને મટાડવા ખાતર પોતાની આખી જીંદગી બગાડી નાખી !"

થોડી વારે ગુરૂજી ઈર્ષાળુ શિષ્યોને ઉદ્દેશીને બોલ્યા "જોયુને ? પેલા શિષ્ય ઉપર મને અંતરનો પ્રેમ શા માટે છે ?"

જેણે સર્વસ્વ અર્પણ કર્યું હોય તેનેજ અંતરના આશીર્વાદ મળે છે.

ત્યારબાદ ગુરૂજીએ પેલા શિષ્યનો રોગ પ્રેમપૂર્વકના આશીર્વાદથી મટાડી દીધો.



www.jaintatvagyanshala.org

# દંભ....

એ...બાવો ધ્યાનમગ્ન થઈને વૃક્ષ નીચે પદ્માસને બેઠો હતો. લોકો તેને ખરા ત્યાગી માનીને પૂજવા લાગ્યા, પણ ગામના બે માણસોને બાવાની પરિક્ષા કરવાનું મન થયું.

બાવો જ્યાં આંખો બંધ કરીને બેઠો હતો ત્યાં બન્ને જણા આવ્યા. તેમાંથી એક બોલ્યો "આપણે આજે સરસ મઝાનું ભોજન લાવ્યા છીયે પણ થોડું મહાત્માને આપીને પછી ભોજન કરીયે."

બીજો બોલ્યો "પણ...બાવાજી તો ધ્યાનમાં છે એટલે તેમને ભોજન કઈ રીતે આપીશું."

ખરી વાત છે. એમને એમ ધરીને ચાલ્યા જઈએ તો કોઈ ઉપાડી જાય ! પહેલો બોલ્યો.

ધ્યાનમાં બેઠેલો બાવો આ બન્નેની વાત સાંભળી અને પાસે આવેલું મઝાનું ભોજન ચાલ્યુ ન જાય માટે મોઢું પહોળુ કરીને બે હાથવડે ભોજન મોંમા મુકવાની સુચના કરી.

પણ આ બન્ને પાસે કશું હતું જ નહિ. ફક્ત વાતોથી ભોજનની ચર્ચા કરી રહ્યા હતા. એટલે બેમાંથી એકજણે નીચે નમીને થોડી ધુળ લઈ બાવાના મુખમાં નાખી, રવાના થઈ ગયા, થોડીવારે બાવાએ આંખો ખોલીને જોયું તો ન મળે ભોજન કે ન મળે માણસો! બાવો ઝંખવાણો પડી ગયો.

દંભ એ અધોગતીનું સોપાન છે.

# અજ્ઞાનતા

વેપારીના બન્ને પુત્રો અભણ અને વ્યવહારના અજાણ હતા. વેપારીના મરણ બાદ બન્ને પુત્રો સહિત તેની મા ગામ છોડીને વાઘરીવાસમાં રહેવા ગઈ. ત્યાં મરચાં-મીઠાંની નાની સરખી દુકાન કરી ત્રણે જણા જીવન ગુજારો કરવા લાગ્યા.

કામ પ્રસંગે એક દિવસ બન્ને ભાઈઓ નજીકના ગામમાં ગયા અને એક દિવસના બદલે બે દિવસ રોકાઇ ગયા.

આ તરફ વાઘરીવાસમાં બન્ને ભાઈઓના ગયા બાદ એજ રાત્રિમાં આગ લાગી. આખો વાઘરીવાસ લગભગ આગમાં ભરખાઈ ગયો હતો. પેલા બન્ને ભાઈઓની મા ભયના કારણે પહેલેથીજ પોતાના સંબંધીના ઘેર ચાલી ગઈ હતી.

બીજા દિવસની રાત્રે બન્ને ભાઈઓ પરગામથી પાછા આવી ગયા. જોયું તો વાઘરીવાસ આગમાં ખાખ થઇ ગયો હતો, માની તપાસ કરી પણ પત્તો લાગ્યો નહિ એટલે તેઓ સમજ્યા કે મા આગમાં ભરખાઈ ગઈ લાગે છે.

મા નું મડદું હાથમાં આવે તો તેનો અગ્નિ-સંસ્કાર કરવાનો વિચાર કરી પોતાના ઝુંપડાના કાટમાળને ખસેડવા લાગ્યા. ત્યાં મડદા જેવું દેખાયું પણ તે અડધુ બળી ગયેલું હતુ.

અંધારામાં પુરેપુરૂ નહિ દેખાવાના કારણે બન્ને જણાએ માની લીધું કે મા નું અડધું શરીર બળી ગયું છે, અને

અડધું પડયું છે. પછી તો તરતજ ઘરના અડધા બળી ગયેલા વાંસ અને તેની પટ્ટીઓ લાવી તે મડદાને વાંસની ઠાઠડીમાં બાંધી દીધું.

સવાર પડતા ગામમાંથી સગા અને આડોશી પાડોશીને બોલાવી માનો અગ્નિસંસ્કાર કરવા ઠાઠડી ખભે ઉંચકી સ્મશાન તરફ "રામ બોલો ભાઈ રામ" "રામ નામ સત્ય હૈ" બોલતા ચાલવા લાગ્યા.

ત્યાં તો ગામની બજાર વચ્ચે આવતાંજ ઠાઠડી ઉંચી નીચી થવાના કારણે બંધનમાંથી પુંછડી બહાર નીકળી પડી અને લટકવા લાગી.

પુંછડાને જોઈને બધા આશ્ચર્ય પામ્યા કે અરે...આમાં શું બાંધ્યુ છે ? માણસ કે ઢોર ?

મોટો ભાઇ નાના ભાઈને કહે છે અલ્યા....આ પુંછડું કેમ નીકળ્યું ? આપણી માને પુંછડું ક્યાં હતું ?

નાનો ભાઈ કહેવા લાગ્યો "અરે રે... તું તો બુથથડ જેવોજ રહ્યો, તને ખબર નથી કે આપણા પિતાજી જ્યારે આપણાં ઉપર ખીજાતા હતા ત્યારે કહેતા હતા કે "તારી મા નું પુંછડું" શું પિતાજીની વાત ખોટી છે ?"

પછી તો બજારમાંજ ઠાઠડીને ખોલવામા આવી તો અંદરથી મરેલી કુતરી નિકળી, કારણ કે બન્ને જણે જોયા વગરજ રાત્રે કુતરીને મા નું મડદુ સમજી બાંધી દીધી હતી.

બન્ને ભાઇઓની અજ્ઞાનતા–મૂર્ખતા ઉપર લોકો હસીને રવાના થઇ ગયા.

**અજ્ઞાનતા દ્વારા માણસ હાંસીને પાત્ર બને છે.**



www.jaintatvagyanshala.org

# હૃદય અને જીભ

એની સ્થિતિ સાવ મધ્યમ હોવાના કારણે તે કોઇ શેઠના ઘેર સર્વિસ કરતો હતો. શેઠ ઘણોજ ભલો અને સમજુ હતો, એટલે તે તન-મનથી સેવા કરતો હતો.

એક દિવસ શેઠે તેને કહ્યું "શરીરમાં સારામાં સારી ગણાતી વસ્તુ લઇ આવ !"

શેઠની આજ્ઞા થતાં તે ઘર બહાર નિકળ્યો. માણસને તો મારી ન ખાય નહિ એટલે તેણે કોઇ કુતરીનું હૃદય અને જીભ કાઢી લઇને શેઠ પાસે આવ્યો અને બોલ્યો,

લ્યો...શેઠ ! શરીરની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ આ છે, અને શેઠની સામે કુતરીના હૃદય અને જીભ ધરી દીધા."

શેઠે ફરીવાર કહ્યું "હવે ખરાબમાં ખરાબ વસ્તુ લઈ આવ" પેલો ફરી પાછો બહાર નિકળ્યો. પણ....વિચાર કરતાં કરતાં તેને ખરાબમાં ખરાબ વસ્તુ યાદ આવી ગઈ તેથી કશું લીધા વગરજ પાછો આવ્યો.

ખાલી હાથે આવેલો તેને જોઇને શેઠ બોલ્યા. અલ્યા ! ખાલી હાથે કેમ આવ્યો ? તને કશી ખરાબ વસ્તુ ન મળી ?

શેઠ ! ખરાબ વસ્તુ મળે છે પણ તે હાથમાં નથી, મગજમાં છે. ખરાબમાં ખરાબ વસ્તુ મેં આપને પહેલા જે હૃદય અને જીભ લાવી આપ્યા છે તેજ છે.

કારણ કે હૃદયની સુંદરતા દ્વારા અમે જીભની મીઠાશ સત્યવચન, પ્રભુના ગુણગાન દ્વારા ઉન્નતિ સાધી શકાય છે, એજ હૃદય જ્યારે કપટ-પ્રપંચથી યુક્ત બને છે અને જીભ જ્યારે વિષમય અને કટુ બને છે ત્યારે અધોગતિના પગથીયા ગણવાનું ચાલુ થાય છે.

જીવનમાં સુખ-દુઃખના તડકા છાંયડા આવ્યાજ કરે છે. માટે સુખમાં સહૃદયી નિરાભિમાની બનજો અને દુઃખમાં સમતા શાન્તિને ધારણ કરતા શીખજો.



www.jaintatvagyanshala.org

# ખારૂં–મીઠું

શેઠ ઘરડા થવા છતાં ધર્મ પામ્યા ન હતા, અને ધર્મ-પામવાની ઇચ્છા પણ રાખતા નહિ, પણ શેઠના છોકરાની વહુ બહુ ધર્મિષ્ઠ હોવાથી ધર્મ–આચરણ વગરની સસરાની પ્રવૃત્તિ ન ગમે. તેણે સસરાજીને ધર્મમાર્ગે વાળવાનો નિશ્ચય કર્યો.

ગામમાં એક દિવસ મહાત્મા પધાર્યા, તેમના સુંદર પ્રવચનના કારણે લોકો સાંભળવા ઉમટવા લાગ્યા.

પેલી વહુએ સસરાજીને આગ્રહ કરી પ્રવચન સાંભળવા મોકલ્યા, મન ન હતું છતાં વહુના આગ્રથી ગયા.

જીંદગીમાં કદીયે ધર્મ સાંભળ્યો ન હોય ત્યારે હવે મનની ભાવના ક્યાંથી ઉમટે ?

શેઠ પ્રવચનમાં ગયા આગળ ન જતાં દરવાજા પાસે બેઠા ૧૦–૧૫ મિનીટ થઈ ત્યાં તો તેમને ઝાકા આવવા માંડ્યા, ત્યાંજ કોઈ બહારથી કુતરૂ આવી શેઠના મુખમાં પેશાબ કરી ગયું.

અજ્ઞાન શેઠ સફાળા બેઠા થઈ ગયા અને ઘેર ચાલી ગયા. વહુએ પુછ્યું કાં સસરાજી, પ્રવચન ગમ્યું ? "અરે શું કહું ? ખારૂ ઝેર જેવું પ્રવચન હતું." સસરાએ કહ્યું, વહુ તો સમજી ગઈ કે સસરા પ્રવચનમાં ઉંઘતા હશે અને કુતરૂ મુતરી ગયું હશે.

બીજા દિવસે સસરાને કહ્યું આજે પ્રવચન મીઠું છે માટે જરૂર જાવ.

સસરાજી ગયા પણ પહેલાની જેમજ દરવાજા પાસે બેસી ઉંઘવા લાગ્યા, અને પૂર્વ સુચનાનુસાર પાડોશીના છોકરાએ શેઠના મોઢામાં સાકર નાખી દીધી.

પ્રવચન બાદ શેઠ ઘેર આવતાં વહુએ પુછ્યું કેમ ? આજે પ્રવચન કેમ લાગ્યું ?

અરે....! શું કહું આજે તો મીઠું-મધુર પ્રવચન હતું. એમ કરતાં પ્રેરણા દ્વારા વહુએ સસરાજીને ધર્મમાર્ગે વાળી જીવન સુધારી દીધું.

સરલહૃદયી માણસો ધર્મ જલ્દી પામી શકે છે અને બીજાને સરલતાથી પમાડી શકે છે.

હે આત્મા ! ત્યારે તું શું કરીશ ?
પ્રાણથી પ્યારી પ્રિયા, કુમળા કુંવરોના
કોમળ સહવાસમાંથી જ્યારે હંમેશને માટે
છુટા થવાનો ઓચિંતો અવસર આવશે
ત્યારે તું શું કરીશ ?

# મનનો મેલ

બન્ને સગા ભાઈઓ હતા. પણ તેમાં મોટો ભાઈ ભોળા સ્વભાવનો અને નિતિથી કમાણી કરી જીવન-વ્યવહાર ચલાવવાના વિચારવાળો હતો તેથી તેની આર્થિક પરિસ્થિતિ નબળી રહ્યા કરતી હતી.

ત્યારે નાનોભાઈ વેપારમાં હોશિયાર હતો. ધંધામાં ધાલમેલ અને આઘુ-પાછુ કરીને ધનવાન બની ગયો હતો.

એક દિવસ નાનાભાઈએ તીર્થયાત્રાએ જવાનો નિર્ણય કર્યો.

મોટા ભાઈ પાસે તીર્થયાત્રા કરી શકે એટલા પૈસા હતા નહિ એટલે નાનોભાઈ તીર્થયાત્રાએ નિકળ્યો ત્યારે મોટાભાઈએ નાનાભાઈના હાથમાં એક કડવી તુંબડી આપીને કહ્યું.

"ભાઈ...! આ તુંબડીને દરેક તીર્થમાં સ્નાન કરાવજે અને પાછા ફરતાં તુંબડીને પાણીથી ભરીને લાવજે.

નાનાભાઈએ બધા તીર્થની યાત્રા કરતાં-કરતાં અને તુંબડીને સ્નાન કરાવતાં-કરાવતાં પાણીથી ભરેલી તુંબડી સાથે પોતાના વતન પાછો ફર્યો.

બન્ને ભાઈ ભેટયા. નાનાભાઈએ પાણી ભરેલી તુંબડી મોટાભાઈના હાથમાં આપી.

ત્યારે મોટાએ નાનાને કહ્યું, "આ કડવી તુંબડીનું પાણી મીઠું થયું છે કે નહિ તે જોઈ લે........"

નાનાએ તુંબડીનું પાણી પીતાંજ કડવુ ઝેર જેવું લાગ્યુ. નાનાનું મોઢુ દીવેલ પીધા જેવું થઈ ગયું.

મોટાએ કહ્યું "ભાઈ! જ્યાં સુધી મનનો મેલ દૂર ન થાય ત્યાં સુધી કડવી તુંબડીની જેમ યાત્રા ફળતી નથી તેથી જીવનને નિર્મળ બનાવી સાધનાના સોપાને ડગ ભર.

અનર્થોનું સર્જન રાગ-દ્વેષમાંથી થાય છે અને અનર્થોમાં અજ્ઞાનતા સહાયક બને છે. જેથી આત્મોન્નત્તિનું સર્જન વિસર્જન ના માર્ગે વળે છે માટે રાગ-દ્વેષને ખતમ કરો. અજ્ઞાનતા દૂર કરવા જ્ઞાનપિપાસુ બનો.

# અહંતાનું મૃત્યુ

એક મહાત્મા ગામેગામ ફરતાં ફરતાં એક નગરમાં આવી પહોચ્યા. તેમના પ્રભાવ સંપન્ન વ્યક્તિત્વ ઉપર નગરના લોકો વારી ગયા અને તેમની યથાશક્તિ સેવા-ભક્તિનો લાભ ઉઠાવી ધન્યતા અનુભવવા લાગ્યા.

ગામના એક ભાઈને મનમાં વિચાર ઉદ્ભવ્યો કે મહાત્મા તેજસ્વી જરૂર છે પણ તેમનામાંથી અહંકાર અને મમતા મૃત્યુ પામ્યા છે કે નહિ તેની ખાત્રી કરવી જોઈએ.

અને...તે ભાઈએ બીજા દિવસ માટે પોતાના ઘરે ભોજનાર્થે પધારવાનું આમંત્રણ આપ્યું. મહાત્માજીએ પણ હા પાડી.

બીજા દિવસે ભોજનના સમય કરતાં પેલા ભાઇ ચાર કલાક મોડા આવ્યા. આવતાની સાથેજ બોલ્યા.

મહાત્માજી! મને બોલાવવા આવવામાં મોડુ થઈ ગયું માટે મારી રાહ જોયા વગર બીજે ગયા હોત તો શું બગડી જવાનું હતું? ખેર...આમંત્રણ આપ્યું છે એટલે લઈ જવા તો પડશેજ ને? ચાલો થાવ ઉભા.

અને મહાત્માજી કશું બોલ્યા વગર તે ભાઇની પાછળ ચાલવા લાગ્યા, થોડે ગયા પછી પેલા ભાઇએ ફરી બોલવા માંડયું, આવું તગડા જેવું શરીર છે, તો મજુરી કરીને

ખાતા હોવ તો...? મફતનું ખાવામાં મઝા આવે ? મહાત્મા બધુ મુંગે મોએ સાંભળે રાખે છે પણ જવાબ નથી આપતાં.

વળી થોડે ગયા ત્યાં....જાવ....જાવ....પાછા... અમે કોઈને મફત જમાડતા નથી. મજુરી કરજો અને પેટ ભરજો ! મહાત્મા પાછા વળ્યા.

પાછા વળતાં મહાત્માને જોઈ પેલા ભાઈ ફરી બોલ્યા "લો...હાલો હાલો રીસ ચઢાવીને પાછા વળવાંની જરૂર નથાં, આમંત્રણ આપ્યું છે, એટલે સુકો રોટલો નાખ્યા વગર ચાલવાનું છે.

ભયંકર અપમાનજનક વાકયો સાંભળવા છતાં જરાય ખચકાયા વગર તે ભાઇની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

ઘરે પહોંચતાં તે ભાઈએ મહાત્માને દરવાજા પાસે જોડા ઉતારવાની જગ્યાએ બેસાડ્યા અને જુની થાળીમાં સુકો- લુખો જાડો રોટલો અને વાસી શાક આપ્યું. જરાય આનાકાની કર્યા વગર મહાત્માએ જમવાનું ચાલુ કર્યું.

તીખી તમતમતી વાણી સાંભળવા છતાં અહંત-વિહ્વલતા લેશમાત્ર જોવા ન મળી. અદ્દભુત સહનશીલતા જોઈ તે મહા- ત્માના ચરણોમાં નમી પડયો. મહાત્મન ! ક્ષમા કરજો. વિના કારણે મેં આપને પરેશાન કર્યા છે. ખરેખર આજે મેં આપ- નામાં મમતાનું મૃત્યુ, અને સમતાનો જન્મ થયેલો જોયો છે આજથી મારૂ સર્વસ્વ આપના શરણે છે.

# અપ્રમાણિકતા

એ ભરવાડણ રોજ વેપારી શેઠને ઘી આપી જાય, અને શેઠ ખરીદી લે તેના બદલામાં બીજી ચીજ લઈ જાય.

એક દિવસ ભરવાડણ ઘી આપી ગઈ પણ શેઠનો શંકા પડવાથી સાંજે ઘી તોલ્યું તો પોણોશેર થયું. બીજા દિવસે ભરવાડણ આવતાંજ શેઠે તેનો ઉધડી લઈ નાખી.

અરે...? તું કેવી અપ્રમાણિક છે! તારા ઉપર હું વિશ્વાસ રાખી રોજ ઘી લઈ લઉં છું. મેં માનેલુ કે ગામડાના માણસો સીધા સરલ અને પ્રમાણિક હોય છે. પણ ગામડાના માણસોએ નિતિનિયમનો એક કોરે મુકયા છે.

શેઠની હૈયાવરાળ સાંભળી પેલી ભરવાડણ બોલી ઉઠી, હું અપ્રમાણિક ? મારા માથે ભગવાન છે. આજ સુધી હું જુઠુ બોલી નથી, કે જુઠુ કર્યું નથી.

તો પછી તે જે તોલથી ઘી તોલ્યું હોય તે તોલ લાવ આપણે જોખી જોઈએ. અરે શેઠ આમારા જેવા ગામડીયા ગમાર પાસે તે વળી તોલ માપ હોતા હાતા હશે ? તો તું શેનાથી જોખે છે ? શેઠે પુછ્યું.

ગઈકાલે તમારે ત્યાંથી ઘીના બદલામાં જે સાકર લઈ ગઈ હતી તેનાથી મેં ઘી તોલ્યું હતું. આ સિવાય કશું હું જાણુતી નથી. માલ મારો અને કાટલુ તમારી સાકર.



www.jaintatvagyanshala.org

શેઠ તરત સમજી ગયા કે મેં સાકર પોણો શેર આપી હતી એટલે ઘી પણ એટલુંજ આપ્યું. આમાં મારોજ વાંક છે. શેઠને પોતાની ભુલ સમજાઈ ગઈ. અને પ્રમાણિકપણે ચાલવા લાગ્યા.

બીજાને ઠગનારો માણસ છેવટે પોતેજ ઠગાય છે. અને પોતાના દુષ્કૃત્ય બદલ ચાદર ઓઢીને રોવાથી કશો લાભ થતો નથી.

જીવનને પ્રમાણિકપણે પસાર કરી જીવનના ધ્યેયની સિદ્ધિ તરફ વળો.

---

પોણોસો–સો વરસની જીંદગીમાં કેટલીયે
ધનતેરસ વહી ગઈ, લક્ષ્મીપૂજનો કર્યાં.
ભાગ્યયોગે ધનવાન પણ બન્યા. પણ......
તેથી શું ?
આ ફાની દુનિયામાંથી નિકળ્યાબાદ
પરલોકમાં સુખી થવા શું કર્યું. ધર્મરૂપી
ધનવડે ધનવાન બન્યા કે નહિ તેનો
હિસાબ કર તેમાંજ આત્માનું શ્રેય છે.

---

# નફામાં મળ્યો હોકો

એક ચોર ક્યાંકથી સુંદર ઘોડી ચોરી લાવ્યો. ચોરી તો લાવ્યો, પણ પછી ચિંતા થઈ આવી પાણીદાર ઘોડી ઓળખાયા વિના રહે ? એટલે છેવટે વેચી નાખવાનો વિચાર કર્યો.

કોઈ ઠેકાણે પશુઓનો મેળો ભરાયો હતો ત્યાં ગયો. ડરતો ડરતો પૂછવા લાગ્યો 'ઘોડી ખરીદવી છે ?'

એક ચકોર વેપારી ચોરને પામી ગયો પૂછયું, ઘોડી કોની છે ?' 'મારી છે' ચોરે કહ્યું કેટલામાં વેચવી છે ?' વેપારીએ પૂછયું.

ચોરના બાપદાદાઓએ પણ આવી ઘોડી રાખેલી નહિ. એટલે ચોરને એના મૂલની શી ખબર ? એણે જે કિંમત કહી એ પરથી વેપારીને ખાત્રી થઈ કે આ ચોરાઉ માલ છે.

વેપારીએ કહ્યું "કિંમત તો વધારે છે પણ ઘોડી સારી છે. એટલે ખરીદીશ પણ એની ચાલ કેવી છે એ જરા સવારી કરીને પરીક્ષા કરી લઉ."

પોતાનો હોકો ચોરને આપી વેપારીએ જરાક એડી મારી કે ઘોડી વા વેગે ઉપડી.

ચોર પાછળ દોડવા લાગ્યો એટલે વેપારીએ કહ્યું 'શા માટે પાછળ દોડે છે ? ઘોડી કંઈ તારી નથી. અમસ્તો માલિક બની બેઠો છે."



www.jaintatvagyanshala.org

ઘેર ગયો ત્યારે ગામલોકોએ પૂછ્યું "ઘોડી કેટલામાં વેચી ? ચોર કહે "જેટલામાં લાવ્યો હતો તેટલામાં."

નફામાં કંઈ મળ્યું કે નહિ ?"

"મળ્યુ ને, આ હોકો મળ્યો. કાળજુ બાળવા માટે !"

માનવીનું આવુંજ છે. અહીં શું લઈને આવ્યો હતો ? બધુજ અહીં મૂકીને ચાલ્યો જવાનો છે, અને છતાંય જીવ બાળવા આવો 'હોકો' હાથમાં લઈને ફરે છે નીતિ–ન્યાયનું મૂલ્ય સમજે છે તેઓ કદી લાભના લોભમાં ફસાતા નથી, અને જીવન સુવાસમય બનાવે છે.

રોમ રોમમાં ધર્મકાજે આત્મસમર્પણની ભાવના પ્રજ્વલીત ન હોય અને ફક્ત દેવતાઈ સુખ ભોગવવામાં મશગુલ બનેલા અને સ્વાર્થ પોષવામાં તત્પર રાજા–મહારાજા, શેઠ કે સાહુકારો જીવનમાં શાન્તિ મેળવી શકતા નથી.



www.jaintatvagyanshala.org

# સજ્જન-દુર્જન

એક ભાઈ રસ્તા ઉપર જઈ રહ્યા હતા, ત્યાં તે ભાઈએ રસ્તામાં એક કુતરાને બેઠેલો જોઈ પૂછ્યું અલ્યા, આમ રસ્તા વચ્ચે કેમ બેઠો છે ? ત્યારે તેણે જવાબ આપતા કહ્યું "હું સજ્જન અને દુર્જનને પીછાણવા બેઠો છું !

કુતુહલથી તે ભાઇએ પુછ્યું. કેવી રીતે તું ઓળખીશ ? કુતરાએ કહ્યું, જેઓ સજ્જન છે તેઓ મને હેરાન કર્યા વગર ચાલ્યા જાય છે અને જેઓ દુર્જન છે તેઓ મને મારીને-અડપલા કરીને જાય છે.

આ રીતે હું સજ્જન-દુર્જનની ઓળખ કરૂં છું.

✳

---

વાહ ! વાહ !! આજે તો અંગોને આભુષણોથી અલંકૃત કર્યા છે ? પણ.... એ તો માટીની કાયાને શોભાવનારા છે. આત્માને નહિ ! કાયાની માયારૂપ આ અલંકારો તમે નહિ ઉતારો તો એક દિવસ તમારા કુટુંબીઓ ભેગા થઈ ઉતારશે માટેજ કોઈ ન ઉતારી શકે તેવા આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ અલંકારોથી અલંકૃત બનો.

---



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ધનની કિંમત

રણમાં રાજા ભુલો પડયો. સાથે ભોજન-પાણી નહિ હોવાથી ભુખથી પીડાવા લાગ્યો, તરસે જીવ અધ્ધર થઈ ગયો. ખોરાક અને પાણી માટે આમ-તેમ ભટકવા લાગ્યો. એમાં એને માર્ગમાંથી એક થેલો મળી આવ્યો. ખોરાક મળશે એવી આશાએ થેલો જલ્દીથી ઉંચકી ખોલ્યો. પણ... આ શું ? થેલામાંથી કિંમતી મોતી નીકળ્યા !

આ સમયે રાજાનો મન મોતીની કિંમત નહિ પરંતુ અન્ન-પાણીની વધારે કિંમત હતી.

આશાના ભુક્કા થઈ ગયા. રાજા ઉદાસ બની ગયો. ચોધાર આંસુએ રડતો રાજા ભુખ-તરસે તરફડવા લાગ્યો. દિલાસો કે સુકો રોટલો આપનાર પાસે કોઈ નથી. અંતે રાજા મરણનો શરણ થયો.

ૐ

---

**ભોગ મેળવતા જીવનનો ભોગ દેવાઇ**
**જાય છે, વિલાસપાછળ જીવનનું**
**પૂર્ણવિરામ થાય છે.**

---


www.jaintatvagyanshala.org

# ખાલી હાથે અવ્યા ને ખાલી હાથે જવાનું છે

સમ્રાટ સિંકદરે પોતાના મૃત્યુ બાદ કબરમાં સુવડાવતી વખતે બન્ને હાથની હથેળીઓ ખુલ્લી રાખવાની સૂચના પોતાના અંગત કારભારીઓને આપી અને કહ્યું કે "જગતને સમજાવી દો કે સિકંદરે વિશ્વ પર વિજય મેળવ્યો, પરંતુ આખરે ભગવાનના દરબારમાં તો ખાલી હાથેજ જવાનું છે."

સિકંદરના આ શબ્દો જગતના દરેક માનવીએ સમજવાના છે, ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાનું છે જન્મ અને મૃત્યુ વચ્ચેનો જીવન કાળ પુણ્ય કરવાનો સોનેરી સમય છે. જન્મ ત્યારેજ સાર્થક બને છે કે સમ્યગ દર્શન-જ્ઞાન-ચારિત્ર્યથી યુક્ત બનાવીએ અને મરણ એવું બનાવીએ કે ફરી જન્મ-મરણના ફેરા મિટાવે.

✳

સુખ-દુઃખનો અનુભવ કરાવનાર, ચોરાશીના ચક્કરમાં પ્રરિભ્રમણ કરાવનાર આ સંસારમાં કેટલાયે આવ્યા અને ચાલ્યા ગયા. કમળની જેમ ખીલ્યા અને કરમાયા. રાગ-રોગ-વૈર-ઝેરથી વ્યાપ્ત સંસારમાંથી મુક્ત થવાનો એકજ માર્ગ છે. અંતરને પ્રભુભક્તિમાં ઓતપ્રોત બનાવી દયો.

# માલ-મલીદાનો મઝા

બોકડો અને કુતરો બન્ને પ્રાણી કસાઇના પાળેલા હતા છતાં બન્નેને સાચવવામાં એટલોજ ભેદભાવ હતો. બોકડાને સારૂં ભોજન આપવામાં આવતું હતું, સંભાળ પુરેપુરી રખાતી હતી. જ્યારે કુતરાને પેટ પુરતું સુકુ ભોજન પણ મળતું ન હતું જો દરવાજામાં જઈને બેસે તો હડ....હડ.... હડ....કરીને તીરસ્કારાતું હતું, રાત-દિવસ ચોકી કરવા છતાં તેની કોઈ કિંમત ન હતી. બોકડાની આવી સરભરા અને માલ-મલીદાના ભોજન આપતાં જોઇને તે બળવા લાગ્યો, પણ તેનું શું ચાલે ?

મહિનાઓ પસાર થવા લાગ્યા. એક દિવસ કસાઇના ઘરે ઘણા મહેમાનો આવ્યા. મહેમાનોને જોઈને કુતરો ઘણોજ અકળાયો, કારણકે તે સમજતો હતો કે આજે આ મહેમાનો માટે સારી રસોઈ બનશે એટલે પેલા બોકડાને પણ એજ ભોજન મળશે.

અદેખાઈની આગમાં હોમાવાને કારણે કુતરો એકદમ હાડપિંજર જેવો બની ગયો હતો.

ત્યાં તો બેં... બેં.... બેં.... બેં.... ની કરૂણ ચીસ કુતરાના કાને અથડાઈ અને અલોપ થઈ ગઈ.

કુતરો ચીસની દિશામાં ગયો અને જોયું તો....માલ-મલીદા ખાઇને પુષ્ટ બનેલો બોકડો મહેમાનોના ભોજન

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

માટે કપાઈ ગયો હતો.

કુતરો મનમાં સમસમી ઉઠયો અરે....માલ-મલીદા ખાવામાં મઝા નથી, એના કરતા ઓછી સંભાળ અને સુકો રોટલો સારો.

કષાય આત્માનો કટ્ટર દુશ્મન છે. તે પણ ભવોભવનો. જરામાત્ર આપણી ઈચ્છા વિરૂદ્ધ કોઈપણ કાર્ય કે આચરણ થતાં તે આપણા ઉપર સવાર થઈ જાય છે જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. માટે આત્મામાં થતા તેના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા સાવચેત બનો.





www.jaintatvagyanshala.org

# પુણ્યની પ્રબલતા

એક ગામમાં ભોળાભટ્ટ નામનો ભદ્રિક બ્રાહ્મણ રહેતો હતો, તે એક દિવસ રાજસભાની કચેરીમાં આવી પહોંચ્યો. લોકોએ પણ તેની મશ્કરી ઊડાડતાં રાજાને કહ્યું, મહારાજ ! આ બ્રાહ્મણ ઘણો વિદ્વાન અને ભવિષ્યનો જાણકાર છે.

રાજાએ આ સાંભળી તેની પરીક્ષા કરવા માટે મુઠ્ઠા વાળીને ભટજીને પૂછ્યું, બોલો ભટજી ! તારી મુઠામાં શું છે. ?

ભટ્ટ કહ્યું. "આખી દુનિયાના હાલ હું શું જાણું ? રાજા સમજ્યો કે ભટજી કહે છે, તમારી મુઠીમાં સારી દુનિયાનું રાજ છે, રાજા તો ખુશ ખુશ થઈ ગયો અને ભટજીને ખૂબ માન આપ્યું.

લોકોને થયું કે, "આ તો હસવામાંથી ખસવું થયું" અને ઈર્ષ્યાથી વિચારવા લાગ્યા કે, આને કોઈપણ રીતે ખસેડવો જોઈએ.

એટલે એક દિવસ લોકોએ શીખવ્યું કે રાજાજી જ્યારે મહેલથી સભામાં આવતા હોય ત્યારે રસ્તામાં જ ઝાપટમારી માથા ઉપરનો મુગટ નીચે પાડી દેવો.

ભટજી તો ભોળા ભટ અને ભગવાનના માણસ એટલે લોકોના કહેવા પ્રમાણે રસ્તામાં રાજાજીના મુગટને હાથની ઝાપટથી મુગટ ફેંકી દીધો.

ભવિતવ્યતાના યોગે મુગટ નીચે પડયો કે તરત તેમાંથી એક નાનો ઝેરી સાપ નીકળ્યો.

રાજા તો વિચાર કરે છે, અહો...હો...ખરેખર આ ભટજી જ્ઞાની લાગે છે. એણે કેટલો બધો મારા ઉપર ઉપકાર કર્યો. રાજા ખૂબ ખૂશી થયો.

લોકો ભટજી ઉપર વધુ ને વધુ ઈર્ષ્યા કરવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે આને આપણે સજા કરવાના પ્રયત્ન કરીએ છીએ, એને બદલે ઉલ્ટો વધુ મજા અને માન મેળવે છે.

લોકોએ ભટજીનું કાસળ કાઢવા ફરી બીજી યુકિત રચી.

ભટજીને પ્રેમથી બોલાવી વાતચીત કરી. લોકો મૂળ વાત પર આવ્યા અને કહ્યું, 'ભટજી આવતી કાલે મહારાજ સિંહાસન ઉપર બેસે ત્યારે ભરી સભામાં રાજાનો હાથ પકડી બહાર ખેંચી જજો.' ભટજી કહે 'બહુ સારૂ.'

બીજે દિવસે સભા ભરાઈ. ઈર્ષ્યાળુ લોકો મનનાં ખુશ થઈ રહ્યા છે, કે હમણાં ભટજીના ભજીયાં થઈ જશે. ભટજી રાજાના સિંહાસન પાસે જાય છે અને ભરી સભામાંથી રાજાનો હાથ પકડી બહાર ખેંચી જાય છે. જેવા બહાર નીકળે છે કે તરત જ સભાખંડ ધડાકા સાથે તુટી પડે છે. કેટલાય માણસો દટાય છે, કેટલાક ઘવાય છે, ચારે બાજુ બૂમરાણ મચી ગયું.

રાજા તો ભટજી ઉપર ફીદા ફીદા થઈ ગયા. રે....ભટજી ! તમારો ઉપકાર કદી ભૂલાય તેમ નથી. તમે તો મને બબ્બેવાર જીવન આપ્યું છે જીવન ! રાજા તો હવે ભટજીને પાસે ને પાસે રાખે છે. એક મિનિટ પણ અલગા કરતા નથી.

લોકો વિચારે છે, ગજબ છે ને ? આપણે ઉલ્ટું કરવા જતાં સીધું જ પડે છે ? પણ હવે તો એનો ઘાટ જ ઉતારી દઈએ એટલે પાછો ઘરે જ ન આવે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કેટલાક આગેવાન લોકોએ એક દિવસ મહારાજને કહ્યું, "મહારાજા! આ ભટજીને સિંહનો શિકાર કરતાં ઘણો જ સરસ આવડે છે."

રાજાજીને તો ભટજી ઉપર પૂર્ણ વિશ્વાસ હતો એટલે લોકોની વાત રાજાએ માની લીધી.

રાજા તો ભોળા ભટજીને સાથે લઈને ઉપડયા જંગલમાં. ભટજીને કહે, આજે તમારે સિંહનો શિકાર કરવાનો છે. વાતચીત ચાલતી હતી તેટલામાં દૂરથી સિંહની ગર્જના સંભળાઈ આખું વન ધ્રુજી ઊઠયું. રાજા અને ભટજી અલગ પડી ગયા. ભટજી નજીકના ઝાડ ઉપર ચઢી ગયા. થોડીવારમાં સિંહ નજીકમાં આવ્યો. ઝાડ ઉપર ચઢેલા ભટજીને જોઈને વધુ ગર્જવા લાગ્યો.

બિચારા ભટજીએ તો તેની જિંદગીમાં પહેલી જ વાર સિંહ જોયો હતો એટલે નીચે સિંહ ત્રાડ નાખે અને ઉપર બેઠેલા ભટજી ધ્રુજે નસીબયોગે સિંહ ઉપર જોઈ ગર્જના કરી રહ્યો હતો એવા સમયે ધ્રુજતા હાથમાંથી બરછી નીચે ઊભેલા સિંહના પહોળા થયેલા મુખમાં પડી. બરછીથી સિંહનું ગળું ચિરાઈ ગયું અને થોડી જ વારમાં રામશરણ થયો.

થોડીવારે રાજા પણ અહીં આવે છે. સિંહને મરેલા જોઈ, ભટજીને ઉભેલા જોઈ, રાજા આશ્ચર્ય પામે છે. પછી તો સારાયે નગરમાં વાત ફેલાઈ કે, 'ભટજીએ સિંહ માર્યો', 'ભટજીએ સિંહ માર્યો !'

વિરોધી લોકો હાથ ઘસતા રહી ગયા.

જ્યાં સુધી માનવીનું પુણ્ય જોર કરતું હોય છે ત્યાંસુધી તેનું કોઈ અનિષ્ટ કરી શકતું નથી. અવળા પાસા નાખવા છતાં પણ તેને



www.jaintatvagyanshala.org

લાભ જ થાય છે. જ્યારે પુણ્ય પરવારી જાય છે ત્યારે તેને કોઈ બચાવી શકતું નથી. ડગલે ને પગલે દુઃખનો ભાગી બને છે.

સુખી થવું છે ? તો પુણ્ય સંચય કરો.

દુઃખથી દૂર થવું છે ? તો પુણ્યનું કામ કરો. □

## ચિંતન !

ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, બેસતાં, ઉઠતાં સુખી અને દુઃખી બન્ને આશાના મોટા ગગનચુંબી મિનારાઓ ઉભા કરવામાં બધું જ ભૂલી ગયા.

આશાના ઉભા કરાયેલા મિનારાને ટકાવી રાખવા ભૂખ–તરસના દુઃખ વેઠી, અથાગ પરિશ્રમ કર્યો પણ...રાખના ઢગલાનાં પાયો નાખી ઊભા કરાયેલા મિનારા અડીખમ ઊભા રહેશે ખરા ?

એનું પૂર્ણ સ્વરૂપ તૈયાર થતાં પહેલા જ એની દફનાવિધિ ચાલુ થઈ જશે.

આશામાં રાચતાં હે...માનવ ! હાથમાં નેપકીન રાખજે જેથી નિરાશામાં નિકળતાં ઊના આંસુ લુછવા કામ લાગશે.

વિતી ગયેલા જીવનમાં કેટલી આશાઓ કરી અને કેટલી ફળી એનો સરવાળો માંડો પછી તેનો જવાબ જોઈ માથું ન ખંજવાળતાં આ....શાનો....મહેલ !



www.jaintatvagyanshala.org

# સોબતનું પરિણામ

જંગલની ગીચ ઝાડીઓ વચ્ચે સુંદર સરોવર શોભી રહ્યું હતું. તે સરોવરમાં જલકુકડી નામના પક્ષીઓ રહેવાથી તરતાં હતાં અને ડુબકીઓ મારી નીચે જઈ ઉપર આવતાં હતાં, આ બધાં દશ્યો તે જ સરોવરના કિનારે રહેલા વૃક્ષો ઉપર બેઠેલો એક કાગડો જોતો હતો, તે કાગડો વિચારવા લાગ્યો કે આ સરોવરમાં રહેલી જલ-કુકડીઓ કેવી મઝા કરી રહી છે અને હું શા માટે અહિં બેસી રહું ?

મુર્ખ કાગડો આવું વિચારી આકાશમાં ઉડયો અને સરોવરમાં તેણે પણ ઝંપલાવ્યું. "ઝંપલાવ્યું તો ખરું પણ તરવાની કળામાં અજ્ઞાન એવા કાગડાભાઈને તરતાં ક્યાંથી આવડે ? પાણીમાં પડતાંની સાથે તેની બંને પાંખો પાણી વડે ભીંજાઈ ગઈ. વળી સરોવરના સેવાલથી તેનું આખુંય અંગ લપેટાઈ ગયું અને તે કાગડાભાઈના જીવનની અંતિમ ઘડી સર્જાઈ જવા પામી હતી.

ખરેખર કર્મની સત્તા આગળ કોઈનું પણ ચાલી શકતું નથી, માટે હે ભાગ્યવંતો ! ધર્મ એ જીવનની અતિ આવશ્યક ચીજ છે. ધર્મને આચરવાવાળા જીવો સર્વકાલને માટે સુખનો અનુભવ કરવા-વાળા બને છે. આ કાગડાભાઈએ પોતાની બુદ્ધિ વડે વિચારીને કામ કર્યું હોત તો પોતાની આવી ભયંકર પરિસ્થિાત ન સર્જાત, તેવી રીતે તમો પણ જે કાંઈ કાર્ય કરો તે કાર્ય સુક્ષ્મ-બુદ્ધિથી વિચારીને જ આગળ પગલું ભરો અને દુર્જનોની સોબતોને ઘરની અભરાઈએ અથવા તાળા-કુંચીમાં રાખતા શીખો નહિંતર જેવી આ કાગડાની દશા થવા પામી એવી જ દશા આપણી થવા પામશે.

હવે આ બાજુ સરોવરના કિનારે એક હંસ અને હંસલીનું જોડલું બેઠું હતું એકાએક હંસલીની નજર સરોવરમાં પડેલા કાગડા તરફ ગઈ ને તેના ઉપર દયા ઉપજી અને પાસે બેઠેલા પોતાના સ્વામીને કહેવા લાગી કે, હે નાથ, આમ જુઓ, સામે સરોવરમાં પડેલો કાગડો મરણાંત સંકટમાં આવી ગયો છે, વળી તમે તો સર્વ પક્ષીઓમાં ઉત્તમ ગણાવ છો માટે આ કાગડાને જીવીતદાન આપવું એ આપની જાતને ઉચીત છે.

"હંસે કહ્યું, તારી વાત સાચી છે, પણ એને બહાર કઈ રીતે કાઢવો ? હંસલીએ કહ્યું, અરે એમાં વિચાર શું કરો છો ? હું તમને ઉપાય યુક્તિ બતાવું. પાસેના ઝાડ ઉપરથી સારા લાકડાનો ટુકડો લઈને પડેલા કાગડા પાસે નાખો એટલે તે પકડી લેશે ત્યાર બાદ ડાળીના બન્ને છેડા આપણે બન્ને ચાંચમાં પકડી તેને બહાર કાઢીશું. હંસલીની સુંદર યુક્તિથી હંસ પ્રસન્ન થયો અને યુક્તિનો અમલ કરી બહાર કાઢયો. કાગડો આ રીતે ઉગરી ગયો.

હવે સરોવરના સુકોમલ વાયરાથી કાગડાભાઈના શરીરમાં ચૈતન્ય આવવા લાગ્યું ને ઘડી બે ઘડી બાદ સ્વસ્થ થયો. પાંખોમાં જોમ આવ્યું. ઉડીને થોડે દૂર બેઠેલા હંસ–હંસલીના પગે જઈ પડયો અને કહેવા લાગ્યોકે –

હે ઉપકારી ! આપના ઉપકારનો બદલો મારાથી કોઈપણ રીતે વાળી શકાય તેમ નથી. તેથી કરીને આપ બન્ને જણા મારા વનમાં પધારવા કૃપા કરો. હંસ કાગડાની વિનંતિ સાંભળી હંસલી તરફ નજર કરી. ચકોર હંસલી સમજી ગઈ કે સ્વામી કાગડાની વિનાતનો ઈન્કાર કરી શકતા નથી એટલે હંસલીએ ખાનગીમાં કહ્યું કે, હે સ્વામિન્ ! જગતમાં ઉપકાર તો સર્વનો કરાય, વળી ઉપકારનો બદલો સજ્જનોના આમંત્રણથી વાળવો ઘણો શ્રેષ્ઠ છે પરંતુ દુર્જનોના

ઉપકારનો બદલો વિચારીને જ લેવાય નહિતર ઉપકારીનો ઉપકાર તો દૂર રહ્યો પણ ઉપકારી પોતે જોખમમાં મુકાઈ જાય છે. વળી હે સ્વામિન્ ! જગતના સર્વ પક્ષી સમુદાયમાં કાગડાઓની જાત–અધમ કહી છે, તેથી કરીને આપ તે કાગડાને કહી દો કે અમે આગળ ઉપર જોઈશું.

હંસલાએ પોતાના સ્વામીને કહેવા છતાં પણ પોતાનો પતિ ન માન્યો અને કાગડાના આમંત્રણનો સ્વીકાર કરી–હંસલીને આશ્વાસન આપી ભોળો હંસ કાગડાભાઈ સાથે આકાશમાર્ગે ઉડી ગયો અને જ્યાં કાગડાનો માળો હતો, ત્યાં બન્ને જણ આવી પહોંચ્યા. ત્યારબાદ તે કાગડાઈએ આજુબાજુમાંથી થોડા–ઘણાં મીઠા ફળો વડે હંસની મહેમાનગતિ કરી. હવે આવા ટાણે શું બનાવ બને છે તે જોઈએ.

સવારનો પ્રહર હતો. મહારાજા ઘોડેસ્વાર મૃગયા રમવા નીકળી પડયા હતા. ફરતા–ફરતા ઘણે જ દૂર વનની અટવીઓમાં અટવાઈ જતાં શિકાર હાથ આવ્યો ન હતો. વધારામાં થાકીને લોથપોથ થઈ ગયા હતા. તરસ કહે મારૂં કામ, ભુખ કહે મારૂં કામ. મહારાજાએ આજુ-બાજુ નજર નાખી તો થોડે દૂર પોતાની જટાઓ વડે શીતલતા આપતો એક વડ વૃક્ષ નજરે પડયો. ત્યાં જઈ આરામ લેવા બેઠા. મહારાજાએ સેવકોને આજુબાજુમાં ફરી થોડા જળ, ફળ–ફુલ વગેરે લાવી રાજાજીની ભુખતરસ મટાડી આહારાદિ કરી થાકેલા હોવાથી ત્યાં જ આરા પડયા. સુતાંના સાથે વનના શીતલ પવનને લીધે રાજાને ધસધસાટ ઉંઘ આવી ગઈ. સેવકો ચોકી કરી રહ્યા હતા. વળી રાજા સુતા હતા તે જ ઝાડ ઉપર પેલા કાગડાભાઈનો માળો હતો, ને તે કાગડો અને હંસ ડાળી ઉપર બેઠા હતા.

ચારે તરફ વાતાવરણ શાન્તિમય હતું. આજ સમયે ડાળ ઉપર



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બેઠેલો કાગડો રાજાજી ઉપર ચરક્યો; ઓચિંતુ કાંઈક પડવાથી સુતેલા રાજા ઝબકીને બેઠા થઈ ગયા. ચરકીને કાગડો તો ઉડી ગયો.

ચારે તરફ નજર કરી પણ કોઈ દેખાયું નહિ. ઉપર જોયું તો પેલો હંસ દેખાયો અને રાજાએ કાગડો સમજી બાણ છોડયું. છોડતાંની સાથે તે હંસ ઉપરથી પડી બેભાન અવસ્થામાં રાજાના પગ પાસે પડયો. હંસ પડતાંની સાથે રાજાને વિચાર થયો કે શું વનના કાગડા ધોળા પણ હોય છે ?

હે રાજન્! હું કાગડો નથી પણ માનસરોવરમાં રહેવાવાળો રાજહંસ છું. મેં પૂર્વે કાગડાને જીવિતદાન આપ્યું હતું તે ઉપ-કારનો બદલો વાળવા કાગડાએ પોતાના માળામાં આવવા આમંત્રણ આપ્યું એનો સ્વીકાર કરી હું અહિં આવ્યો અને હું મરણ દશાએ આવી પહોંચ્યો છું. આથી મારી શાન ઠેકાણે આવી છે કે નીચની સોબતે મૃત્યુ સાંપડે છે. હંસ મરણને શરણ થયો.

નીચની સોબતનું સાક્ષાત ફળ દેખી રાજા પણ દુર્જનોથી દુર રહેવા લાગ્યો.





www.jaintatvagyanshala.org

# વિદાય થતાં પહેલા

ઘરમાં આવેલા મહેમાનોનું ખુબ-ખુબ સ્વાગત કર્યા પછી જ્યારે એ મહેમાનો વિદાય લે છે ત્યારે તમો હાથ ઉંચા કરીને શું બોલો છે ?

આવજો....આવજો...આવજો.... ખરૂને ? પણ....અમારા માટે (મુનિઓ માટે) એથી ઉંધુ છે.

અમે જ્યારે એક સ્થાનથી બીજે સ્થાને જવા વિદાય લઈએ છીયે ત્યારે તમોને હાથ ઉંચો કરી કહીશું લાવજો.... લાવજો... લાવજો... શું ? અમારા જેવા મુનિવરો, યોગિયો.

કારણકે મુનિઓના પ્રેરણાદાયિ પ્રવચનો દ્વારા સુઈ ગયેલો આતમરામ જાગૃત બન્યો છે તે વળી પાછો નિદ્રાધિન ન બની જાય.

હાથ પકડી-પકડી બેઠા કરવા છતાં પાછા સુઈ જશો તો ? "જાગતાની પાડીને ઉંઘતાનો પાડો" જેવી સ્થિતિ થશે આત્મોન્નતિ માટે આવતી બધીજ તકો ચાલી જશે પછી ભાગ્યમાં પસતાવો અને રડવા સિવાય કોઈ લાભ નહિ થાય.

માટેજ જાગતા રે' જો

જેથી વિષય-વાસના-કષાયો-અતૃપ્તિરૂપી મોહનું લશ્કર જીવનરૂપી નગરની સરહદમાં ઘુસી ન જાય.

# વિ દા ય

નાની-નાની બોધક-રોચક કથાઓ પૂર્ણ કરી વિદાય લઈએ છીયે ફરી પાછું વાંચકોને બોધદાયક પ્રેરક વાતો પીરસવાની આશા સાથે....

વિદાય.... કેવું સુખ-દુઃખ મિશ્રિત વાકય છે.

સંસારમાં રહેલા જીવનમાત્રને એક સ્થાનેથી બીજા સ્થાને વિદાય લેવી પડે છે.

પરંતુ એ... વિદાય !

સંસારી આત્માઓને દુઃખદ બને છે કારણ? મોહના બંધનોથી બંધાયેલા છે. ભોગોના સ્વાદમાં મશગુલ બન્યા છે માટે.

અને એજ વિદાય ત્યાગી આત્માઓને સુખદ બને છે કારણ ? તેમને મોહના બંધનો નથી. નથી રાગ કે નથી દ્વેષ.

જે વિદાય પાછળ રોકકળ નથી, મનની ઉદાસીનતા નથી. એજ વિદાય સુખદ કહેવાય છે, એવી વિદાયનું નિર્માણ કરવા પ્રબલ પુરૂષાર્થ જરૂરી છે.

અત્યાર સુધીમાં થઈ ગયેલુ કથાઓનું વાંચન મગજમાં કેન્દ્રિત કરવા પૂર્વક ફરી-ફરી મનન કરી જીવનને ત્યાગ-વૈરાગ્યમય કરે.

અને.... આત્મસાધનાના પંથે વળે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# અમારાં નવાં પ્રકાશનો

| | |
|---|---|
| * સુવર્ણાક્ષરીય શ્રીકલ્પસૂત્ર (બારસા સૂત્ર) સચિત્ર | ૨૫૦-૦૦ |
| * શ્રુતજ્ઞાન-અમિધારા | ૧૫-૦૦ |
| * પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર | ૫-૦૦ |
| * જૈનધર્મ પ્રકરણરત્નાકર | ૧૦-૦૦ |
| * યતિશ્રાદ્ધ વ્રતવિધિ (પ્રત) | ૪-૦૦ |

પ્રકાશક :
શ્રી સુરેન્દ્ર સૂરીશ્વરજી જૈન
તત્વજ્ઞાનશાળા
પટણીની ખડકી, ઝવેરી વાડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

પ્રાપ્તિસ્થાન :
શ્રી પ્રાશ્વ પ્રકાશન
નીશાપોળ, ઝવેરીવાડ,
રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.

આવરણ • નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ • અમદાવાદ-૧.

www.jaintatvagyanshala.org